203 વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 3 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ સુદ- ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 January 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20

શુક્રવાર, ૩ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 3 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ સુદ- ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 January 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૩ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ મેટિની પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સેન્સેક્સમાં ૧૪૩૬ પોઈન્ટનો ઉછાળો

## રોકાણકારોની સંપત્તિમાં છ લાખ કરોડ રૂપિયા ઉમેરાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં નવા વર્ષની ઉજવણી ચાલુ રહી છે. વ્યાપક અને સાર્વત્રિક લેવાલીના જોર પર સેન્સેક્સ ૧૪૩૬ પોઇન્ટના તોતિંગ ઉછાળા સાથે ૮૦,૦૦૦ પોઇન્ટની સપાટી નજીક પહોંચી ગયો છે, જ્યારે નિફ્ટી ૨૪,૨૦૦ પોઇન્ટના સ્તરની નિકટ પહોંચ્યો છે. આ ઉછાળા સાથે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૬.૦૪ લાખ કરોડ રૂપિયા ઉમેરાયા છે.

દરમિયાન ડિસેમ્બરમાં નવા બિઝનેસ ઓર્ડર અને ઉત્પાદનની ધીમી વૃદ્ધિને કારણે ડિસેમ્બર મહિનાનો ઉત્પાદન વિકાસદર ૧૨ મહિનાની નીચી સપાટીએ ધકેલાયો હતો. એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર ઇન્ડેક્સ ડિસેમ્બરમાં ૫૬.૪ની સપાટીએ પહોંચ્યો છે, જે નવેમ્બરમાં ૫૬.૫ની સપાટીએ હતો. આ ડેટાની જાહેરાત માર્કેટ અવર્સમાં જ થઇ હોવા છતાં આ સત્રમાં શેરબજારનો અંડરટોન તેજીનો રહ્યો હતો. ઓટો ઇન્ડેક્સ ૩.૫ ટકા અને આઇટી ઇન્ડેક્સ ૨ ટકાના વધારા સાથે તમામ ક્ષેત્રીય બેન્ચમાર્ક ગ્રીન ઝોનમાં બંધ થયા છે. સાર્વત્રિક લેવાલી વચ્ચે બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ બેન્ચમાર્ક પ્રત્યેકમાં એક-એક ટકાનો ઉમેરો થયો છે.

એશિયન શેરબજારોની પીછેહઠને અવગણીને, ભારતીય બેન્ચમાર્ક ઇક્વિટી બેન્ચમાર્ક ઝડપી આગેકૂચ નોંધાવી છે. એક તબક્કે સેન્સેક્સ ૮૦,૦૦૦ વટાવી ગયો હતો. બજારમાં હાલ તો કોઇ ખાસ ટ્રીગર નથી, પરંતુ શોર્ટ કવરિંગને કારણે આ તેજીનો ઉછાળો જોવા મળ્યો હોવાનું બજારના સાધનો જણાવે છે.

સ્મોલ અને મિડકેપ શેરોમાં પણ જોરદાર આગેકૂચ જોવા મળી હતી. ઓટોમોબાઇલ કંપનીઓના વેચાણના પ્રોત્સાહક ડેટાને લીધે ઓટો શેરોમાં અને આગામી સમય માટે સારા સંકેત વચ્ચે આઇટી શેરોમાં જોરદાર લેવાલી અને સુધારો રહેતા બજારમાં તેજીમય માહોલ સર્જાયો હતો.

સેન્સેક્સ અને નિફ્ટીનો આ બાવીસમી સપ્ટેમ્બર, ૨૦૨૪ પછીનો સૌથી મોટો એકદિવસીય ઉછાળો છે. આઇશર મોટર્સ, બજાજ ઓટો, હીરો મોટોકોર્પ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ સુઝુકી અને ટાટા મોટર્સ જેવા હેવીવેઇટ્સ ઓટો શેરમાં સાતેક ટકા સુધીનો ઉછાળો આવતા નિફ્ટી ઓટો ઇન્ડેક્સ ત્રણ ટકા સુધી ઊછળ્યો હતો, જે છ મહિનામાં તેનો સૌથી મોટો સિંગલ-ડે જમ્પ છે.

ઓટોમોબાઇલ કંપનીઓના અપેક્ષા કરતાં વધુ સારા વેચાણના આંકડાને કારણે આ તેજી જોવા મળી છે. ડિસેમ્બર ક્વાર્ટર અને ૨૦૨૫માં આઇટી સેક્ટરમાં આવક વૃદ્ધિ વધુ સુધરવાની શક્યતા હોવાની સીએલએસએ અને સિટીની આગાહી પછી આઇટી ઇન્ડેક્સ બે ટકા વધ્યો હતો. આ રીતે ઓટો અને આઇટી શેરોની આગેવાનીએ તેજીનો માહોલ સર્જાયો હતો.



**ઈન્ટરનેશનલ ફ્લાવર શૉ-૨૦૨૫:**
ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા અમદાવાદમાં ઈન્ટરનેશનલ ફ્લાવર શૉ-૨૦૨૫નું ઉદ્‌ઘાટન થવાનું છે તે અગાઉ મીડિયા ટૂર દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને નાઈટ ગ્લૉ ગાર્ડન ખુલ્લો મૂક્યો હતો. (એજન્સી)

# ન્યૂ યોર્કની ક્લબમાં ગોળીબાર : ૧૦ ઘાયલ

ન્યૂ યોર્ક : નવા વર્ષના દિવસે ન્યૂ યોર્કના ક્વીન્સમાં નાઈટ ક્લબની બહાર ટોળું જમા થયું હતું ત્યારે પુરુષોના એક જૂથે ઓછામાં ઓછી ૩૦ ગોળી છોડતા દસ જણને ઈજા થઈ હતી. ન્યૂ ઓર્લીન્સમાં આતંકવાદી હુમલામાં ૧૫ જણ માર્યા ગયા હતા. આ બનાવના દિવસે જ નાઈટ ક્લબની બહાર હુમલો કરવામાં આવ્યો હતો.

પોલીસ અધિકારીઓને બુધવારે રાતના ૧૧-૧૮ કલાકે ૯૧૧ મલ્ટિપલ કોલ મળ્યા હતા. કોલમાં કહેવામાં આવ્યું હતું કે ક્લબની બહાર અનેક લોકોને ગોળી વાગી હતી. પોલીસે માહિતી આપી હતી કે ત્રણથી ચાર પુરુષોએ ક્લબ તરફ જતાં ઈવેન્ટની બહાર ઊભેલા જૂથ તરફ ૩૦ વાર ગોળીબાર કર્યો હતો. અનેક વાહનોને લક્ષ્ય બનાવામા આવ્યા હતા. ગોળી ૧૬થી ૨૦ વર્ષના છ પુરુષ અને ચાર મહિલાને વાગી હતી. પોલીસના અધિકારીઓએ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે ગોળી મોટે ભાગે કિશોરોને વાગી છે. કોઈ પણ ઘાયલ ગંભીર હાલતમાં નથી. પોલીસ સિડેન કારને શોધી રહી છે. ઘાયલો બચી જશે એવી આશા તબીબોએ વ્યક્ત કરી છે. ન્યૂ યોર્ક પોલીસ વિભાગે લોકોને એવી ખાતરી આપી છે કે આ આતંકવાદી હુમલો નહોતો. અમાઝુરા ૪,૦૦૦ લોકોની ક્ષમતા ધરાવે છે અને ત્યાં ડીજે અને લાઈવ પ્રોગ્રામ વારંવાર થાય છે. (એજન્સી)

# લાસ વેગાસમાં ટ્રમ્પની હૉટેલની બહાર ટેસ્લા સાયબરટ્રકમાં વિસ્ફોટઃ એકનું મોત

લાસ વેગાસઃ અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની લાસ વેગાસમાં આવેલી હૉટેલની બહાર ફટાકડા લઇ જતી એક ટેસ્લા સાયબરટ્રકમાં આગ ફાટી નીકળતા વિસ્ફોટ થયો હતો. જેમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. જ્યારે સાતને ઇજા થવા પામી હતી. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

સાયબરટ્રકમાંથી ફટાકડાના મોર્ટાર અને કેમ્પ ફ્યુઅલના કેનિસ્ટર મળી આવ્યા હતા. હવે આ કેસની તપાસ આતંકવાદના ઍંગલથી કરવામાં આવી રહી છે. લાસ વેગાસ મેટ્રોપોલિટન પોલીસ અને ક્લાર્ક કાઉન્ટી ફાયર ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ જણાવ્યું કે વાહનની અંદર રહેલા શખ્સનું મૃત્યુ થયું હતું, જ્યારે સાત લોકોને નાની-મોટી ઇજાઓ થઇ હતી. બુધવારે બપોર બાદ પણ વાહનમાંથી મૃતદેહને બહાર કાઢવાના પ્રયાસો ચાલુ હતા. ઉપરાંત વાહનમાં હાજર પુરાવાઓ પણ એકત્ર કરવામાં આવી રહ્યા છે.

કાઉન્ટીના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું કે ટ્રમ્પની ઇન્ટરનેશનલ હૉટેલ લાસ વેગાસના વેલેટ વિસ્તારમાં આગ ફાટી નીકળવાની સૂચના બુધવારે સવારે ૮-૪૦ વાગ્યે મળી હતી. કાયદા અમલીકરણ અધિકારીના જણાવ્યા મુજબ ટ્રકને ટૂરો ઍપ દ્વારા ભાડે લેવામાં આવી હતી અને તેમાં ફટાકડા ભરેલા હતા.

એફબીઆઇના લાસ વેગાસ ઑફિસના પ્રભારી વિશેષ એજન્ટ જેરેમી શ્વાટર્ઝે જણાવ્યું કે અમારો પ્રથમ ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો છે કે આ ઘટના સાથે સંકળાયેલા વિષયને યોગ્ય રીતે ઓળખવામાં આવે. ત્યારબાદ અમારો બીજો ઉદ્દેશ્ય એ નક્કી કરવાનો છે કે આ આતંકવાદી કૃત્ય હતું કે નહીં. તેમણે પત્રકારોને કહ્યું કે હું જાણું છું કે તમારી પાસે ઘણા પ્રશ્નો છે. અમારી પાસે ઘણા બધા જવાબો નથી.

આ મામલે ટેસ્લાના સીઇઓ એલન મસ્કે એક્સ પર એક નિવેદનમાં જણાવ્યું કે ટેસ્લાની સમગ્ર વરિષ્ઠ ટીમ હાલ આ મામલાની તપાસ કરી રહી છે. તેણે આગળ જણાવ્યું કે અમે આવું ક્યારેય જોયું નથી. લાસ વેગાસમાં બ્રાઝિલથી આવેલા પ્રત્યક્ષદર્શી એના બ્રુસ જણાવે છે કે તેણે ત્રણ વિસ્ફોટ સાંભળ્યા. પહેલો વિસ્ફોટ જેમાં અમે આગ જોઇ, બીજો, મને લાગે છે કે બેટરી કે એવું કંઇક હતું, જ્યારે ત્રીજો મોટો વિસ્ફોટ હતો જેણે સમગ્ર વિસ્તારને ધુમાડાથી ઘેરી લીધો હતો. તે ક્ષણે તમામને સ્થળાંતર કરવા અને દૂર રહેવાનું કહેવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપતિના પુત્ર અને ટ્રમ્પ ઓર્ગેનાઇઝેશનના એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડેન્ટ એરિક ટ્રમ્પે એક્સ પર આગ વિશે પોસ્ટ કરી હતી. તેમણે ફાયર વિભાગ અને સ્થાનિક કાયદા અમલીકરણની તાત્કાલિક પ્રતિક્રિયા અને વ્યાવસાયિકતા માટે પ્રશંસા કરી હતી.

અગાઉ, નવા વર્ષના પ્રથમ દિવસે દક્ષિણ અમેરિકાના લ્યુઇસિયાના શહેર ન્યૂ ઓર્લિન્સમાં ભયાનક અકસ્માત થયો હતો. નવા વર્ષના પ્રથમ દિવસે એક ઝડપી પીકઅપ ટ્રક ભીડમાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં ૧૫ લોકોનાં મોત થયાં છે. ઘટનાને નજરે જોનારા લોકોએ જણાવ્યું હતું કે અકસ્માત બાદ ડ્રાઈવર ટ્રકમાંથી બહાર આવ્યો અને તેણે ફાયરિંગ શરૂ કરી દીધું હતું.

એક ન્યૂઝપેપરના રિપોર્ટ અનુસાર, લ્યુઇસિયાના શહેરમાં ન્યૂ ઓર્લિન્સમાં લોકપ્રિય પ્રવાસી સ્થળ ફ્રેન્ચ ક્વાર્ટરમાં બોર્બન સ્ટ્રીટ પર ભારે ભીડ એકઠી થઈ હતી. આ દરમિયાન વાહનને અકસ્માત નડ્યો હતો. ઘટનાના સાક્ષીઓએ જણાવ્યું હતું કે ભીડમાં જ ડ્રાઈવર ટ્રકમાંથી બહાર આવ્યો અને ફાયરિંગ શરૂ કર્યું હતું.

અધિકારીઓનું કહેવું છે કે જ્યારે બોર્બન સ્ટ્રીટના ચોક પર પિકઅપ ટ્રકે લોકોને કચડ્યા હતા. તે સમયે લોકો નવા વર્ષની ઉજવણી કરી રહ્યા હતા. ન્યૂ ઓર્લિન્સના પોલીસ પ્રવક્તાએ સીબીએસ ન્યૂઝને જણાવ્યું હતું કે શરૂઆતના રિપોર્ટ્સ પરથી જાણવા મળ્યું કે ટ્રકે લોકોને કચડ્યા હતા. પાંચ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. લોકોને કૈનાલ અને બોર્બન સ્ટ્રીટના વિસ્તારથી દૂર રહેવા માટે કહેવામાં આવ્યું છે

# પ્રાર્થના સ્થળના કેસની સુપ્રીમ કોર્ટ સુનાવણી કરશે

નવી દિલ્હીઃ ધાર્મિક સ્થળની ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ની સ્થિતિ જાળવી રાખવાને લગતા ૧૯૯૧ના પ્લેસિસ ઑફ વર્શિપ ઍક્ટના અમલની માગણી કરતી એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસીની અરજીની સુનાવણી ધ્યાન પર લેવા સુપ્રીમ કોર્ટે ગુરુવારે સહમતી દર્શાવી હતી.

ઓવૈસીની નવી અરજીને અનિર્ણિત કેસના અન્ય દસ્તાવેજો સાથે જોડવાનો મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના તેમ જ ન્યાયાધીશ સંજયકુમારે આદેશ આપ્યો હતો અને કેસની આગામી સુનાવણી માટે ૧૭ ફેબ્રુઆરી મુકરર કરી હતી. ઓવૈસીના વકીલ નિઝામ પાશાએ કહ્યું હતું કે કેસને લગતી અનેક અરજીઓ કોર્ટમાં અનિર્ણિત પડી છે અને તેથી જ ઓવૈસીની અરજી પણ તેની સાથે જ જોડી દેવા કોર્ટે જણાવ્યું હતું.

ઓવૈસીએ ૧૭ ડિસેમ્બર ૨૦૨૪ના ઍડવોકેટ ફઝૈલ અહમદ અય્યુબી મારફતે કોર્ટમાં અરજી દાખલ કરી હતી.

મુખ્ય ન્યાયધીશના વડપણ હેઠળની ખંડપીઠે દેશની તમામ કોર્ટને કેસ સંબંધિત નવી અરજી ન સ્વીકારવાનો અને કેસને મામલે વચગાળાનો કે અંતિમ આદેશ ન આપવા જણાવ્યું હતું. (એજન્સી)

# મહારાષ્ટ્રના નક્સલવાદી વિસ્તારના વિકાસ કાર્યની મોદી દ્વારા પ્રશંસા

નવી દિલ્હી : મહારાષ્ટ્ર રાજ્યના અંતરિયાળ અને નક્સલવાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં સાર્વત્રિક વિકાસની તકેદારી લેવાના રાજ્ય સરકારના પ્રયાસોની વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સરાહના કરી હતી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ડાબેરીના આતંકવાદથી અસરગ્રસ્ત જિલ્લા ગડચીરોલીની મુલાકાત લીધી હતી. ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે અંતરિયાળ વિસ્તારમાં નક્સલવાદના પ્રભુત્વનો અંત આવી રહ્યો છે. ફડણવીસની મુલાકાત દરમિયાન નક્સલવાદીના અનેક કાર્યકર્તાએ હથિયાર નીચે મૂક્યા હતા. દેવેન્દ્ર એ દરમિયાન અનેક વિકાસની પહેલ કરી હતી.

દરમિયાન મોદી શુક્રવારે દિલ્હીના અનેક વિકાસ કાર્યોનું ઉદ્‌ઘાટન કરશે. મોદી જેજે કલસ્ટરના રહેવાસીઓને ૧,૬૭૫ ફ્લેટ આપશે. મોદી શહેરના બે શહેરી વિકાસ પ્રોજેક્ટ લોન્ચ કરશે. વડા પ્રધાનની ઓફિસે નિવેદનમાં કહ્યું હતું કે દિલ્હીના અશોક વિહારના સ્વાભીમાન એપાર્ટમેન્ટના પુનર્વસવાટ પ્રોજેક્ટના ભાગરૂપે ઝુગ્ગી ઝોંપડી ક્લસ્ટરના રહેવાસીઓને મોદી ચાવી ભેટ આપશે. મોદી ૧,૬૭૫ નવા બંધાયેલા ફ્લેટનું ઉદ્‌ઘાટન કરશે. વડા પ્રધાનની ‘બધાને આવાસ’ની પહેલના ભાગરૂપે આ વિકાસ કરાયો છે. (એજન્સી)

# યુરોપના મોન્ટેનેગ્રોમાં ગોળીબારઃ ૧૨ની હત્યા કરનારે આત્મહત્યા કરી

પોડગોરિકા (મોન્ટેનેગ્રો): યુરોપિયન દેશ મોન્ટેનેગ્રોમાં બે બાળક સહિત ઓછામાં ઓછા ૧૨ લોકોને જીવલેણ ગોળી મારનાર એક બંદૂકધારીએ પોલીસ દ્વારા ઘેરાયેલા સમયે આત્મહત્યા કરી લીધી હતી.

અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે, બુધવારે પશ્ચિમી શહેર સેટીનજેમાં બારમાં બોલાચાલી બાદ ૪૫ વર્ષીય એકો માર્ટિનોવિકે બારના માલિક, બાર માલિકના બાળકો અને તેના પોતાના પરિવારના સભ્યોની હત્યા કરી હતી.

પોલીસ કમિશનર લાઝર સ્કેપાનોવિકે જણાવ્યું હતું કે, જ્યારે બોલાચાલી થઈ ત્યારે માર્ટિનોવિક અન્ય મહેમાનો સાથે આખો દિવસ બારમાં હતો. બોલાચાલી બાદ માર્ટિનોવિક ઘરે જઇને એક હથિયાર લઇ આવ્યો અને લગભગ ૫.૩૦ વાગ્યે ગોળીબાર કર્યો હતો.

સ્કેપાનોવિકે જણાવ્યું હતું કે બહાર નીકળતા પહેલા બારમાં તેણે ચાર લોકોની હત્યા કરી હતી અને પછી ત્રણ વધુ સ્થળોએ જઈને ગોળીબાર કર્યો હતો.

તેણે કહ્યું કે શંકાસ્પદને ૨૦૦૫માં હિંસક વર્તણૂક માટે સસ્પેન્ડેડ સજા મળી હતી અને તેણે ગેરકાયદેસર હથિયાર રાખવા બદલ તેની તાજેતરની સજાની અપીલ કરી હતી.

ગૃહ પ્રધાન ડેનિલો સારાનોવિકે જણાવ્યું હતું કે હુમલા બાદ ભાગી ગયેલા હુમલાખોરને બાદમાં પોલીસે શોધી કાઢ્યો હતો અને તેને ઘેરી લીધો હતો. એ વખતે તેણે પોતાને માથામાં ગોળી મારીને આત્મહત્યા કરી હતી.

રાજધાની પોડગોરિકાથી ઉત્તર-પશ્ચિમમાં લગભગ ૩૦ કિલોમીટર દૂર આવેલા શહેરમાં હુમલાખોરને શોધવા માટે પોલીસે એક વિશેષ એકમ મોકલ્યું હતું. શહેરની અંદર અને બહારના તમામ રસ્તાઓ બ્લોક કરી દેવામાં આવ્યા હતાં.

સારાનોવિકે જણાવ્યું હતું કે રાજધાનીની હોસ્પિટલમાં લઈ જતી વખતે માર્ટિનોવિકનું મૃત્યુ થયું હતું.

સરકારે ગુરુવારથી ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે, જેમાં વડા પ્રધાન મિલોજકો સ્પાજિકે ગોળીબારને ‘‘ભયંકર દુર્ઘટના’’ તરીકે વર્ણવી હતી.

‘‘ક્રોધ અને નિર્દયતાનું સ્તર દર્શાવે છે કે કેટલીકવાર આવા લોકો ... સંગઠિત ગુનાહિત ગેંગના સભ્યો કરતાં પણ વધુ ખતરનાક હોય છે,’’ એમ સારાનોવિકે કહ્યું હતું.

મોન્ટેનેગ્રિન મીડિયાએ અહેવાલ આપ્યો છે કે તે અનિયમિત અને હિંસક વર્તન માટે જાણીતો હતો.

લગભગ ૬.૨૦ લાખ લોકોની વસ્તી ધરાવતો નાનો દેશ મોન્ટેનેગ્રો તેની બંદૂક સંસ્કૃતિ માટે જાણીતો છે અને ઘણા લોકો પાસે પરંપરાગત રીતે શસ્ત્રો છે.

પ્રમુખ જેકોવ મિલાટોવિકે કહ્યું કે તેઓ આ દુર્ઘટનાથી ‘‘આઘાત પામ્યા છે અને સ્તબ્ધ’’ છે.

મિલાટોવિકે એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ‘‘રજાના આનંદને બદલે... નિર્દોષ લોકોના જીવ ગુમાવવાથી અમે ઉદાસ છીએ.’’

# ઈઝરાયલનો ગાઝા પર હુમલોઃ ૧૮નાં મોત

જેરુસલેમ : ઈઝરાયલે ગાઝા પટ્ટીમા કરેલા હવાઈહુમલામાં ત્રણ બાળક અને હમાસ દ્વારા સંચાલિત પોલીસ દળના બે ટોચના ઓફિસર સહિત ૧૮ જણ મરણ પામ્યાં હતાં, એવી માહિતી પોલીસે આપી હતી. ઈઝરાયલે ગુરવારે વહેલી સવારે ઈઝરાયલે ઘોષિત કરેલા માનવતાના ઝોન મુવાસીમાં એક તંબુ પર હુમલો કર્યો હતા. મુવાસીમાં હજારો વિસ્થાપિત લોકોએ ઠંડી અને વરસાદગ્રસ્ત શિયાળાથી બચવા તંબુ બનાવી આશરો લીધો છે.

બીજા હવાઈહમલામાં ગાઝા પટ્ટીની મધ્યમાં આઠ પેલેસ્ટાઈનવાસીઓ મરણ પામ્યાં હતાં. મૃતકોમાં સ્થાનિક સમિતિના સભ્યો છે. આ સભ્યો સહાય કાફલાનું રક્ષણ કરે છે એવી માહિતી એલ-અક્સા હૉસ્પિટલે આપી હતી. મૃતદેહો અહીં લાવવામાં આવ્યા હતા. એસોસિયેટેડ પ્રેસના પત્રકારે આ જાનહાનિના અહેવાલને સમર્થન આપ્યું છે. ઈઝરાયલના લશ્કરે હવાઈહુમલા અંગે તત્કાળ કોઈ ટિપ્પણી કરી નહોતી. હમાસની આગેવાની હેઠળના આતંકવાદીઓએ સાત ઓક્ટોબર, ૨૦૨૩એ ઈઝરાયલ પર હુમલો કર્યો હતો. આતંકવાદીઓએ ૧૨૦૦ લોકોને મારી નાખ્યા હતા અને ૨૫૦ લોકોનું અપહરણ કર્યું હતું. આમાંના ૨૦૦ હજી ગાઝામાં છે અને એક તૃતીયાંશ ભાગના મરણ પામ્યા હોવાનું મનાય છે. ઈઝરાયલના હુમલાને લીધે ૪૫,૦૦૦ પેલેસ્ટાઈનીઓનાં મરણ થયાં છે. સ્થાનિક હેલ્થ અધિકારીના જણાવ્યા મુજબ આમાંથી અડધાથી વધારે મહિલાઓ અને બાળકો હતાં. અધિકારીઓ નાગરિકો અને લડાયકો વચ્ચે તફાવત કરતા નથી. (એજન્સી)

# બાંગ્લાદેશમાં કોર્ટે હિંદુ સાધુના જામીન નકાર્યા

ઢાકાઃ રાજદ્રોહને લગતા કેસમાં બાંગ્લાદેશમાં કોર્ટે હિન્દુ સાધુ અને ઈસ્કોનના ભૂતપૂર્વ વડાના જામીન ગુરુવારે નકાર્યા હતા. હિંદુ સાધુ ચિન્મય કૃષ્ણ દાસને સુનાવણી માટે કોર્ટમાં લાવવામાં નહોતા આવ્યા અને તેમણે વર્ચ્યુઅલી હાજરી આપી હતી. દાસ ઈન્ટરનેશનલ સોસાયટી ફૉર ક્રિષ્ણા કોન્સિયસનેસ (ઈસ્કોન) સાથે જોડાયેલા હતા અને પચીસ નવેમ્બરે ઢાકામાં હઝરત શાહજાલાલ ઈન્ટરનેશન ઍરપૉર્ટ ખાતે તેમની ધરપકડ કરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન સરકારે એમ કહીને દાસના જામીન સામે વાંધો ઉઠાવ્યો હતો કે આ રાષ્ટ્રદ્રોહનો કેસ છે અને તેની સર્વોચ્ચ સજા આજીવન કારાવાસ છે. સરકારી વકીલ મોફિઝુલ હક ભૂયાનના જણાવ્યા અનુસાર ૩૦ મિનિટ સુધી બંને પક્ષની દલીલ સાંભળ્યા બાદ છાત્તોગ્રામ મેટ્રોપોલિટન સેસન્સ જજ સૈફુલ ઈસ્લામે દાસના જામીન નકાર્યા હતા. કોર્ટના આ નિર્ણયને કારણે હિંદુ સમુદાયના લોકોમાં રોષ ફેલાઈ ગયો હતો.(એજન્સી)

# રાજસ્થાનમાં બસ બે ટ્રક સાથે અથડાતા ૪૫ને ઈજા

જયપુરઃ રાજસ્થાનના દૌસા જિલ્લામાં દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ વે પર એક ખાનગી બસ બે ટ્રક સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં લગભગ ૪૫ મુસાફરો ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે ગુરુવારે આપી હતી.

નાંગલ-રાજવતનના ડીએસપી ચારુલ ગુપ્તાના જણાવ્યા અનુસાર શ્રદ્ધાળુઓની એક બસ ઉજજૈનથી દિલ્હી જઇ રહી હતી ત્યારે ગાઢ ધુમ્મસના કારણે આ અકસ્માત થયો હતો. બસમાં મુસાફરી કરી રહેલા લગભગ ૪૫ મુસાફરોને ઇજા થઇ છે, જેમાંથી ૨૦થી વધુને દૌસા જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે ચાર લોકોને જયપુર રિફર કરવામાં આવ્યા છે, જ્યારે કેટલાક ઘાયલોને સારવાર માટે નોઇડા અને દિલ્હી મોકલવામાં આવ્યા છે. ડીએસપી ગુપ્તાએ વધુમાં જણાવ્યું કે આ અકસ્માત દૌસા જિલ્લામાં દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ વે પર લાહરી કા બાસ નજીક થયો હતો.

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાણા ભારતને સોંપાય તેમાં ખુશ થવા જેવું કંઈ નથી

**મુંબઈમાં** ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ થયેલા ભીષણ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણાને ભારત લાવવાની અંતે મંજૂરી મળી ગઈ. ૨૬/૧૧ હુમલા તરીકે જાણીતા મુંબઈમાં ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ થયેલા ભીષણ આતંકવાદી હુમલાનું કાવતરું ઘડવામાં તહવ્વુર રાણાએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી પણ રાણા અત્યાર લગી અમેરિકાની જેલમાં બંધ હતો. ભારત અને અમેરિકા વચ્ચે પ્રત્યર્પણ સંધિ છે તેથી ભારતે મુંબઈમાં ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ થયેલા ભીષણ આતંકવાદી હુમલાના આરોપી રાણાને ભારતને સોંપવા અમેરિકાને વિનંતી કરી હતી.

અમેરિકાની સરકારને રાણાને ભારતને સોંપવા સામે વાંધો નહોતો પણ રાણાને વાંધો હતો એટલે કોર્ટમાં અરજી કરેલી. લાંબા સમયથી એક કોર્ટમાંથી બીજી કોર્ટમાં કેસ ચાલ્યા કરતો હતો. યુએસ એપેલેટ કોર્ટે ૧૫ ઓગસ્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે બંને દેશ વચ્ચે પ્રત્યર્પણ સંધિ હેઠળ રાણાને ભારત મોકલી શકાય છે પણ રાણાએ તેની સામે પણ ઉપલી કોર્ટમાં અરજી કરી હતી.

અંતે અમેરિકાની ઉપલી કોર્ટે પ્રત્યર્પણના નિર્ણય સામેની રાણાની અપીલને ફગાવી દીધી છે અને પ્રત્યર્પણ સંધિ હેઠળ રાણાને ભારતને સોંપી દેવાની મંજૂરી આપી દીધી છે. અમેરિકન કોર્ટના આદેશ પછી રાણાને ભારત લાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે એ જોતાં બહુ થોડા દિવસોમાં તહવ્વુર રાણા ભારતની કસ્ટડીમાં હશે.

તહવ્વુર રાણાને ભારતને સોંપવાના અમેરિકાના નિર્ણયને મીડિયાના એક વર્ગે ભારતની રાજદ્વારી જીત ગણાવી છે. સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ મોદી સરકારને પણ જશ આપી દીધો છે. આ ચુકાદાના કારણે ભારતે બહુ મોટી જીત મેળવી હોય એવું ચિત્ર ઊભું કરાઈ રહ્યું છે પણ વાસ્તવમાં આ ચુકાદો જરાય હરખાવા જેવો નથી. તેનું મુખ્ય કારણ એ કે, મુંબઈ હુમલાના ૧૬ વર્ષ પછી તહવ્વુર રાણાને ભારતનેં સોંપાય તેનો કોઈ અર્થ નથી.

બીજું એ કે, તહવ્વુર રાણા મુંબઈ પરના આતંકવાદી હુમલાના કેસમાં કંઈ એવો મોટો ખેલાડી નથી. ભારતીય મીડિયા રાણાને મોટી માછલી ગણાવે છે પણ રાણા તો નાનું પ્યાદું પણ નહોતો. તહવ્વુર રાણાની આ હુમલામાં ભૂમિકા વિશે જાણશો તો આ વાત સમજાશે. ડેવિડ કોલમેન હેડલી મુંબઈ હુમલાનો માસ્ટરમાઇન્ડ હતો અને રાણાએ તેને આર્થિક મદદ કરી હતી તેનાથી વધારે તેની કોઈ ભૂમિકા નથી.

હેડલી હુમલા પહેલાં ભારત આવ્યો હતો અને લાંબા સમય સુધી મુંબઈમાં આવીને ક્યાં ક્યાં હુમલા કરી શકાય છે તેની રેકી કરી હતી. તેના આધારે હુમલાનું કાવતરું ઘડાયું એ જોતાં હેડલીની ભૂમિકા મહત્ત્વની છે કેમ કે તેને તો ક્યાં ક્યાં હુમલો થશે તેની ખબર જ હતી.

મુંબઈમાં ૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ લશ્કર-એ-તૈયબાના ૧૦ આતંકવાદીએ હુમલો કર્યો તેમાં ૧૬૬ લોકો માર્યા ગયા હતા અને ૩૦૦ ઘાયલ થયા હતા. માર્યા ગયેલાઓમાં કેટલાક અમેરિકન નાગરિકો પણ હતા. આતંકવાદીઓએ લગભગ ચાર દિવસ સુધી મુંબઈને બાનમાં લીધું હતું અને છેવટે પોલીસ તથા એનએસજી કમાન્ડો વગેરે ભેગા મળીને ૯ આતંકીને ઠાર કર્યા હતા એક માત્ર બચી ગયેલા આતંકવાદી અજમલ કસાબની ધરપકડ કરાઈ હતી અને તેને પણ ૨૦૧૨માં ફાંસી આપવામાં આવી હતી.

મુંબઈ પોલીસ તથા બીજી એજન્સીઓએ આતંકવાદી હુમલા અંગે જે ચાર્જશીટ દાખલ કર્યું એ પ્રમાણે ૨૦૦૮માં મુંબઈમાં થયેલી આતંકવાદી ઘટનાના મુખ્ય કાવતરાખોરોમાંના એક હેડલી સાથે તહવ્વુર રાણા સંકળાયેલો હતો અને તેણે હેડલીને મદદ કરી હતી. આ મદદના કારણે આતંકવાદી કૃત્યમાં તેની સંડોવણી ચોક્કસ ગણી શકાય પણ આતંકવાદી હુમલો કરવાનારા અસલી વિલનો તો ડેવિડ કોલમેન હેડલી, હાફિઝ સઈદ, ઝકી-ઉર-રહેમાન લખવી, ઈલ્યાસ કાશ્મીરી, સાજિદ મીર, અબ્દુર રહેમાન હાશિમ સૈયદ અને પાકિસ્તાન આર્મી તથા આઈએસઆઈના મેજર ઈકબાલ અને મેજર સમીર અલી છે. આ પૈકી કોઈને ભારત લવાય તો એ મોટી જીત કહેવાય, બાકી તહવ્વુર રાણા તો સાવ નાની માછલી છે.

તહવ્વુર રાણા મૂળ પાકિસ્તાની છે પણ કેનેડાનો નાગરિક છે. પાકિસ્તાની સેનામાં ફરજ બજાવી ચૂકેલો પાકિસ્તાની ભૂતપૂર્વ મિલિટરી ડોક્ટર તહવ્વુર રાણા પછી બિઝનેસમેન બની ગયેલો અને તેના આધારે કેનેડાની નાગરિકતા મેળવીને કેનેડા સ્થાયી થયો હતો.

એફબીઆઈએ ૨૦૦૯માં શિકાગોમાંથી રાણાની ધરપકડ કરી હતી. રાણા પાકિસ્તાનની જાસૂસી સંસ્થા, આઈએસઆઈ અને એલઈટી આતંકી સંગઠનનો ઓપરેટિવ હોવાનો દાવો કરાયો હતો. રાણાની ધરપકડ ભારતની વિનંતીના આધારે મુંબઈ હુમલાના કેસમાં જ થયેલી પણ ૨૦૧૧માં આ કેસમાં એ નિર્દોષ છૂટી ગયેલો. તેના બદલે અમેરિકા દ્વારા પ્રતિબંધિત આતંકવાદી જૂથ લશ્કર-એ-તૈયબાને સમર્થન આપવા અને ડેનિશ અખબાર જીલેન્ડ્સ-પોસ્ટેન પર કથિત રીતે હુમલાનું કાવતરું ઘડવા બદલ દોષી ઠેરવવામાં આવ્યો હતો. ૨૦૧૩માં અમેરિકાની કોર્ટે તેને ૧૪ વર્ષની સજા ફટકારી હતી.

તહવ્વુર રાણા ૨૦૦૮ના મુંબઈ હુમલામાં સંડોવણી માટે દોષિત ઠર્યો ન હતો તેથી અમેરિકાની જેલમાં સજા ભોગવ્યા પછી રફુચક્કર થઈ જવા માગતો હતો પણ ભારતે ગાળિયો કસ્યો તેમાં ભેરવાઈ ગયો. અમેરિકાની સરકારે પણ ભારતને આ કેસમાં સાથ આપ્યો છે.

અમેરિકાની કોર્ટમાં ભારત દ્વારા અપાયેલી માહિતીના આધારે અમેરિકી સરકારી વકીલોએ દલીલ કરી હતી કે. તહવ્વુર રાણા જાણતો હતો કે તેનો બાળપણનો મિત્ર ડેવિડ હેડલી લશ્કર-એ-તૈયબામાં સામેલ હતો. હેડલી પાકિસ્તાની-અમેરિકન છે. રાણાએ હેડલીને મદદ કરી અને તેને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે મદદ કરી હતી અને સુરક્ષા પણ આપી હતી. આડકતરી રીતે રાણા આતંકવાદી સંગઠનો અને તેના સહયોગીઓને મદદ કરી રહ્યો હતો. રાણાને હેડલીની મિટિંગ, ચર્ચામાં થયેલી વાતો અને મુંબઈ પર હુમલાના પ્લાનિંગની જાણકારી હતી. રાણા કાવતરાનો ભાગ હતો પણ છતાં તેણે જાણ નહીં કરીને તેણે આતંકવાદી કૃત્ય કર્યું હોવાથી તેની સામે ભારતમાં કેસ ચલાવવા માટે તેને ભારતને સોંપી દેવો જોઈએ.

અમેરિકાની કોર્ટે આ દલીલ માન્ય રાખી તેથી તેને ભારતને સોંપાશે ને ભારતમાં તેની સામે કેસ પણ ચાલશે પણ રાણા સામે કેસ કરવાથી નથી મુંબઈ હુમલાના અસલી વિલનોને સજા થવાની કે નથી પાકિસ્તાનમાં રહીને ભારતમાં આતંકવાદ ફેલાવતા આતંકવાદના નેટવર્કને છિન્નભિન્ન કરી શકાવાનું. તહવ્વુર રાણાની ભારતમાં પૂછપરછ કરાય ને એ કોઈનાં નામ ઓકે તો પણ પાકિસ્તાન તેની વાતના આધારે લખવી કે સઈદને કશું કરવાનું નથી એ જોતાં રાણાને પણ ભારતની જેલમાં રાખીને મફતના રોટલા ખવડાવવા સિવાય કશું થવાનું નથી.

આમ પણ મુંબઈ હુમલામાં કાનૂની રીતે ન્યાયનો સમય જતો રહ્યો છે. હવે તો જે પણ સંડોવાયેલા હતા તેમને ઢાળી દેવાય તો થોડોઘણો સંતોષ થાય, બાકી કેસ ચલાવવાથી ૧૬ વર્ષ પછી શું ન્યાય મળે?

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ/સૌર શિશિર ઋતુ, શુક્રવાર, તા. ૩-૧-૨૦૨૫, વિનાયક ચતુર્થી, પંચક પ્રારંભ

- ભારતીય દિનાંક ૧૩, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ સુદ - ૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૪થો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઘનિષ્ઠા રાત્રે ક. ૨૨-૨૧ સુધી, પછી શતભિષા.
- ચંદ્ર મકરમાં સવારે ક. ૧૦-૪૭ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૪ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૫, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ બપોરે ક. ૧૩-૫૮, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૧ (તા. ૪)
- ઓટઃ સવારે ક. ૦૮-૧૭, રાત્રે ક. ૧૯-૫૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ શુક્લ - ચતુર્થી. વિનાયક ચતુર્થી, પંચક પ્રારંભ ૧૦-૪૭, ભદ્રા ક. ૧૨-૨૪થી રાત્રે ૨૩-૨૯.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણદેવતાનું પૂજન, તુલસી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, વસુદેવતાનું પૂજન, મંગળ-શુક્ર દેવતાનું પૂજન, ખીજડીનું વૃક્ષ વાવવું, શ્રી વિનાયક ગણેશ પૂજન, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, સહસ્ર લાડુ હવન, મંદિરમાં પાટ-અભિષેક પૂજા, બગીચાના કામકાજ, ધજા-કળશ પતાકા ચઢાવવી, પર્વ પૂજા નિમિત્તે, નવા વસ્ર, આભૂષણ, નોકરી, દુકાન-વેપારના કામકાજ., બાળકને પ્રથમ વખત શ્રી ગણેશના દર્શન કરાવવા, ધાન્ય વેંચવું, બી વાવવું, ખેતીવાડી, નિત્ય થતાં પશું લે-વેંચના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવ, ચંદ્ર-શુક્ર યુતિ કળાપ્રેમી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.



**હિમવર્ષાઃ**
મનાલીમાં ગુરુવારે નવેસરથી હિમવર્ષા થયા બાદ સોલાન્ગ નાળા ખાતે પર્યટકો. (એજન્સી)

# હિન્દુઓનો બહુમત જળવાઈ રહે તે માટે કાયદો અને દંડા બંનેની મદદ લઈશુંઃ પ્રવીણ તોગડિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રમુખ પ્રવીણ તોગડિયાએ ગુરુવારે સુરતમાં વિવિધ સમાજના અગ્રણીઓ સાથે મુલાકાત કરી હતી. મહાકુંભમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા કયા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી રહી છે એ અંગે માહિતી આપી હતી.

તેમણે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચાર મુદ્દે કહ્યું હતું કે એકવાર આંખ લાલ કરી હતી તો પાકિસ્તાનના બે ટુકડા થઈ ગયા હતા. જો હવે આંખ લાલ કરીશું તો બાંગ્લાદેશના ચાર ટુકડા થશે. હિન્દુઓની બહુમતી માટે જરૂર પડ્યે કાયદો અને દંડા બન્નીની મદદ લઈશું. તેમણે કહ્યું હતું કે, પ્રયાગરાજમાં યોજાનારા મહાકુંભમાં કરોડો લોકો હાજરી આપવાના છે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા એક લાખ લોકોને રોજ ચા-નાસ્તો, પીવા માટે ગરમ પાણી અને એક લાખ ધાબળાનું વિતરણ કરવામાં આવશે. તે ઉપરાંત આઠ હજાર લોકો રોકાણ કરી શકે એ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

તેમણે ઉમેર્યું હતું કે હિન્દુઓની સુરક્ષા ગોઠવાય એ પ્રકારે લોકોને વધુ જાગ્રત કરીશું. બાંગ્લાદેશમાં હાલ જે પ્રકારની સ્થિતિ છે એ જોતાં સરકારની આંખ લાલ થવી જોઈએ. મને આશા છે કે નરેન્દ્રભાઈ, અમિતભાઈ અને રાજનાથ સિંહ ચોક્કસ બાંગ્લાદેશ સામે આંખ લાલ કરશે. દેશમાં હિન્દુઓનો બહુમત જળવાઈ રહે એ માટે જ્યાં કાયદાનો ઉપયોગ કરવા જેવો હશે ત્યાં એનો ઉપયોગ કરીશું, જ્યાં દંડાનો ઉપયોગ કરવા જેવો હશે ત્યાં એનો પણ ઉપયોગ કરીશું.

# બીઝેડ કૌભાંડની તપાસમાં સીઆઈડીની ટીમે હિંમતનગરની શોપમાં 30 મોબાઈલની વિગતો મેળવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બીઝેડ કૌભાંડ મામલે સીઆઇડીએ તપાસ તેજ કરી દીધી છે. બુધવારે સીઆઈડીની એક ટીમે સાબરકાંઠાના હિંમતનગરમાં મોબાઈલ શોપમાં તપાસ કરી હતી. જ્યાં આ કૌભાંડના મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલા તથા અન્ય સાગરીતોને ભેટમાં અપાયેલા ૩૦થી વધુ મોબાઈલ ફોનની વિગતો મેળવી હતી.

સીઆઈડીની તપાસમાં આઈએમઈઆઈ નંબરને આધારે ખરીદવામાં આવેલા મોબાઈલના બિલની વિગતો અધૂરી હોવાનું જાણવા મળ્યું હતું. અગાઉ ભૂપેન્દ્રસિંહ ઝાલાએ કેટલાક મોબાઇલ હિંમતનગરથી તથા મોડાસાની એક મોબાઇલ શોપમાંથી ખરીદ્યા હોવાની વિગતો મેળવીને અધિકારીઓ ગાંધીનગર પરત જતા રહ્યા હતા. બીઝેડ કૌભાંડના મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાએ પોન્ઝી સ્કીમોમાં રોકાણ કરાવવા માટે કેટલાક એજન્ટો અને ખાસ વિશ્વાસુ મળતિયાઓને હિંમતનગરના ખેડ તસીયા રોડ પર સ્થિત એક મોબાઇલ શોપમાંથી મોંઘા મોબાઇલ ખરીદીને ભેટમાં આપ્યા હતા. આ ઉપરાંત મોડાસામાંથી પણ મોટા પ્રમાણમાં મોબાઇલની ખરીદી થઈ હોવાનું સીઆઈડીને જાણવા મળ્યું હતું. હિંમતનગરની મોબાઈલ શોપમાંથી ૩૦થી વધુ મોબાઇલની ખરીદી થઇ હતી. જેમાં બ્રાન્ડેડ અને ટોપ મોડલના અંદાજે ૨૦ લાખથી વધુના મોબાઇલની ખરીદી કરી હોવાનું પણ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું.

# મહાકુંભઃ નેપાળ, ઉત્તરાખંડ અને અન્ય જગ્યાએથી મગાવાઈ રહી છે રુદ્રાક્ષ-તુલસીની માળા

મહાકુંભ નગરઃ સંગમ અને મહાકુંભ મેળાના વિસ્તારોમાં દુકાનદારો નેપાળ, વારાણસી, મથુરા અને વૃંદાવનથી મગાવવામાં આવેલી પૂજા સામગ્રી, પત્ર-પંચાંગ, રુદ્રાક્ષ, તુલસીની માળા અને પવિત્ર ગ્રંથો સહિત જરૂરી ધાર્મિક વસ્તુઓનો સંગ્રહ કરી રહ્યા છે.

ઉત્તર પ્રદેશ સરકારે ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું કે મહાકુંભ ૨૦૨૫ની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે અને આયોજનની સફળતા સુનિશ્ચિત કરવા માટે ઝડપથી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. શહેરમાં લાખો શ્રદ્ધાળુઓની મેજબાનીની તૈયારીની સાથે જ સાધુઓ, કલ્પવાસીઓ, તીર્થયાત્રીઓ અને સ્થાનિક રહેવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ વર્ષે ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા મહાકુંભ દરમિયાન પ્રયાગરાજમાં અંદાજિત ૪૦થી ૪૫ કરોડ ભક્તો આવવાની સંભાવના છે.

સરકારે જણાવ્યું કે મેળા સત્તા મંડળ શ્રદ્ધાળુઓના આગમન, રહેઠાણ અને આધ્યાત્મિક જરૂરિયાતો માટે ઉત્સાહપૂર્વક તૈયારી કરી રહ્યું છે. નિવેદનમાં જણાવાયું છે કે સંગમ અને મેળાના વિસ્તારોમાં દુકાનદારો નેપાળ, વારાણસી અને મથુરા-વૃંદાવનથી મગાવવામાં આવેલી પૂજા-સામગ્રી, પત્ર-પંચાંગ, રુદ્રાક્ષ, તુલસીની માળા અને પવિત્ર ગ્રંથો સહિત જરૂરી ધાર્મિક વસ્તુઓનો સંગ્રહ કરી રહ્યા છે.

સરકારે નિવેદનમાં કહ્યું કે રુદ્રાક્ષની માળા ઉત્તરાખંડ અને નેપાળથી, તુલસીની માળા મથુરા-વૃંદાવનથી અને રોલી અને ચંદન જેવી પૂજાસામગ્રી વારાણસી અને દિલ્હીના પહાડગંજથી મગાવાઈ રહી છે. પ્રયાગરાજના દારાગંજમાં ધાર્મિક પુસ્તક વિક્રેતા સંજીવ તિવારી જણાવે છે કે ગીતા પ્રેસ, ગોરખપુરનાં પુસ્તકોની સૌથી વધુ માગ છે. ખાસ કરીને રામચરિત માનસ, ભગવત ગીતા, શિવ પુરાણ અને ભજન અને આરતીઓના સંગ્રહ. ધાર્મિક વિધિ કરનારા પૂજારીઓ વારાણસીમાં છપાયેલા પત્ર અને પંચાંગ પણ ખરીદી રહ્યાં છે.

# તમિલનાડુમાં ₹ ૧૦૦૦ કરોડની સાયબર છેતરપિંડી મામલે બંગાળમાં ઈડીના દરોડા

કોલકાતાઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઇડી)એ તમિલનાડુમાં રૂા. ૧૦૦૦ કરોડથી વધુની સાયબર છેતરપિંડીની તપાસ મામલે પશ્ચિમ બંગાળમાં આઠ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ જાણકારી એક વરિષ્ઠ અધિકારીએ આપી હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર કોલકાતાના પાર્ક સ્ટ્રીટ, સોલ્ટ લેક અને બગુઇહાટી વિસ્તારોમાં પાંચ સ્થળો અને જિલ્લાઓમાં ત્રણ અન્ય સ્થળોએ એક સાથે દરોડા પાડવામાં આવી રહ્યા છે. અધિકારીએ જણાવ્યું કે સોલ્ટ લેક વિસ્તારમાં દરોડા દરમિયાન ઇડીના અધિકારીઓએ પૂછપરછ માટે એક વ્યક્તિને અટકાયતમાં લીધો હતો. તેમણે વધુમાં કહ્યું કે અમારા અધિકારીઓ હવે બગુઇહાટીમાં એક ઉચ્ચ સ્તરના રહેણાંક પરિસરમાં એક ફ્લેટ પર દરોડા પાડી રહ્યા છે. પૂર્વ ભારતના રાજ્યોમાં રહેતા ઘણા લોકો આ અપરાધમાં સામેલ હોવાનું જાણવા મળ્યાનું તેમણે જણાવ્યું હતું.







**મહાકુંભ મેળોઃ** ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં સંગમ ખાતે મહાકુંભ મેળા-૨૦૨૫ માટે ગુરુવારે શ્રી મહાનિર્વાણ અખાડાના સાધુઓના 'છાવણી પ્રવેશ' દરમિયાન પરફોર્મ કરી રહેલા કલાકારો. (એજન્સી)

# ગુજરાતમાં નવી રચાયેલી નવ મહાનગરપાલિકાના વહીવટદાર તરીકે જિલ્લા કલેકટરોને કાર્યભાર સોંપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરમાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટની બેઠકમાં રાજ્યમાં નવ નવી મહાનગરપાલિકાઓને કાર્યરત કરવાની મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત આ નવ મહાનગર પાલિકાઓમાં મ્યુનિસિપલ કમિશ્નરોની પણ નિમણૂક કરાઈ હતી. રાજ્ય સરકાર દ્વારા ગુરૂવારે આ મહાનગરપાલિકાઓના વહિવટદાર તરીકે જિલ્લા કલેક્ટરોને ચાર્જ સોંપાયો હતો.

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મળેલી રાજ્યમંત્રી મંડળની બેઠકે રાજ્યમાં નવી નવ મહાનગરપાલિકાઓ કાર્યરત કરવાની મંજૂરી આપી હતી. નવી મહાનગરપાલિકાઓ તાત્કાલિક અસરથી અમલમાં આવતા આ નગરપાલિકાઓની વર્તમાન પાંખની અવેજીમાં હવે સંબંધિત જિલ્લા કલેકટરો મહાનગરપાલિકાઓના વહીવટદાર તરીકે ફરજો બજાવશે. તદ્ અનુસાર, મહેસાણા, નવસારી, નડિયાદ (ખેડા), વાપી (વલસાડ), આણંદ, સુરેન્દ્રનગર, પોરબંદર, મોરબી, ગાંધીધામ (કચ્છ)ના જિલ્લા કલેકટરો આ મહાનગરપાલિકાના વહીવટીદાર તરીકે પણ કાર્યભાર સંભાળશે.

રાજ્ય સરકારના પ્રવક્તા પ્રધાન હૃષિકેશ પટેલે કહ્યું હતું કે, આ પહેલ વધુ કાર્યક્ષમ શાસન અને રસ્તાઓ અને સ્વચ્છતા જેવી વધુ સારી સુવિધાઓ તરફ દોરી જશે. તે આરોગ્ય સેવાઓ અને શિક્ષણ સુવિધાઓમાં પણ સુધારો કરવાનું વચન આપે છે. સરકારના આ પગલાથી વહીવટીતંત્ર અને શહેરી વિકાસમાં વધારો થવાની ધારણા છે જ્યારે લોકો માટે જીવન ધોરણમાં વધારો થશે.

# ગુજરાતમાં પ્રી સ્કૂલ સંચાલકોના વિરોધ બાદ સરકારે ત્રણ માગ સ્વીકારીઃ ટૂંક સમયમાં નવા નિયમો જાહેર કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પ્રી સ્કૂલો માટે રાજ્ય સરકારે કડક પોલીસી તૈયાર કરીને તેની અમલવારી કરતાં સંચાલકોએ નારાજગી વ્યક્ત કરી આંદોલન શરૂ કર્યું હતું. અગાઉ સંચાલકો દ્વારા કરાયેલી રજૂઆતોનો કોઈ ઉકેલ નહીં આવતાં તેમણે ગાંધીનગર પહોંચી સચિવાલય પહોંચીને રજૂઆત કરવા આહ્વાન કર્યું હતુ. બુધવારે સંચાલકો અને શિક્ષણ વિભાગના અધિકારીઓ વચ્ચે યોજાયેલી બેઠકમાં સંચાલકોની ત્રણ માગનો મૌખિક સ્વીકાર કરવામાં આવ્યો હોવાથી પોલિસીમાં ફેરફાર કરીને ટૂંક સમયમાં નવા નિયમની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતમાં પ્રી સ્કૂલોના સંચાલકો સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલી નવી પોલીસીના વિરોધમાં ઘણા સમયથી આંદોલન કરી રહ્યાં હતાં. સરકારની પોલિસીમાં ફરજિયાત ૧૫ વર્ષનો રજિસ્ટર્ડ ભાડા કરાર, એજ્યુકેશન બીયુ પરમિશન, દર વર્ષે વર્ગ દીઠ ૫ હજાર રજિસ્ટ્રેશન ફી, ટ્રસ્ટ કે સંસ્થાનું રજિસ્ટ્રેશન કરાવવું સહિતના નિયમો તૈયાર કરાયા હતાં. જેની સામે પ્રી સ્કૂલોના સંચાલકો વિરોધ કરી રહ્યા હતા.

બુધવારે પ્રી સ્કૂલના સંચાલકો સાથે શિક્ષણપ્રધાન અને શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે થયેલી બેઠકમાં સંચાલકોની ત્રણ મહત્વની માગનો સરકાર દ્વારા મૌખિક સ્વીકાર કરવામાં આવ્યો હતો. જેમાં સરકારે ૧૫ વર્ષના રજિસ્ટર્ડ ભાડાં કરારને બદલે ૫ વર્ષનો નોટરાઇઝ્ડ ભાડાં કરાર, જૂના ઠરાવમાં વર્ગ દીઠ ૫ હજાર ભરવાની જોગવાઈ કરવામાં આવી હતી, જેમાં બદલાવ કરીને વર્ગદીઠ નહીં, પરંતુ આખી શાળા માટે રૂપિયા ૧૦,૦૦૦ની ફી રજિસ્ટ્રેશન ફી પેટે નક્કી કરવામાં આવી છે. પ્રી-પ્રાઇમરી સ્કૂલના રજિસ્ટ્રેશન માટે ફેબ્રુઆરી મહિનામાં મુદત પૂરી થતી હતી જે હવે ૬ મહિના સુધી રજિસ્ટ્રેશન માટે સમય મર્યાદા વધારવામાં આવી છે.

સરકારે ત્રણ માગનો સ્વીકાર કરતાં પ્રી સ્કૂલના સંચાલકો દ્વારા કરવામાં આવી રહેલા વિરોધનો અંત આવ્યો હતો. આ અંગે શાળા સંચાલક મંડળના પ્રમુખે કહ્યું હતું કે, સરકાર સાથે થયેલી બેઠકમાં કેટલાક નિયમો હળવા કરવાની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ત્રણ માગોનો સ્વીકાર કરવાના નિર્ણયથી સંચાલકો ખુશ છે. સરકાર દ્વારા ટૂંક સમયમાં નવા નિયમો અને મુદતમાં વધારો જાહેર કરવામાં આવશે. ■

# ગુજરાતમાં ગૌમાતા પોષણ યોજના અંતર્ગત વધુ ૩૩ ગૌશાળા-પાંજરાપોળને ૧૯.૫૦ કરોડની સહાય ચૂકવાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગૌમાતા પોષણ યોજના અંતર્ગત ગૌશાળાઓ અને પાંજરાપોળોને પશુ નિભાવ સહાયની ચૂકવણી કરવા માટે ગાંધીનગર ખાતે રાજ્ય સમિતિની ત્રીજી બેઠક મળી હતી. આ બેઠકમાં જુલાઈ-૨૦૨૪થી સપ્ટેમ્બર-૨૦૨૪ માટે રાજ્યની વધુ ૩૩ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી આ ગૌશાળા અને પાંજરાપોળના આશરે ૭૦,૬૦૦ થી વધુ પશુઓ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૯.૫૦ કરોડની સહાય ચૂકવવામાં આવી હતી.

ઓક્ટોબર-૨૦૨૪ થી ડિસેમ્બર-૨૦૨૪ના તબક્કા માટેની સહાય મેળવવા ઈચ્છુક ગૌશાળા અને પાંજરાપોળ ઓનલાઇન અરજી કરી શકે તેવા આશય સાથે તા.૧ થી ૧૫ જાન્યુઆરી-૨૦૨૫ દરમિયાન આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી રાજ્યની તમામ ગૌશાળા અને પાંજરાપોળને પશુઓના નિભાવ માટેની સહાય મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવા ગૌસેવા આયોગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ રૂ. ૧૭૧.૦૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. ગુજરાતમાં 'ગૌમાતા પોષણ યોજના' અંતર્ગત રાજ્યની ગૌશાળા કે પાંજરાપોળ દ્વારા ગાય અને ભેંસ વર્ગના પશુઓનો નિભાવ કરવામાં આવતો હોય, તેવી સેવાભાવી સંસ્થાઓને ગૌવંશના પોષણ અને નિભાવ માટે દૈનિક પશુદીઠ રૂ. ૩૦ લેખે આર્થિક સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. ■

# મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં એસીએમએ ટેક એક્સ્પોનું ઉદ્દ્ઘાટન કર્યું

## ટેક પ્રદર્શકોના સ્ટોલની મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે અમદાવાદ કોમ્પ્યૂટર મર્ચન્ટ્સ એસોસિએશન (એસીએમએ)ના ટેક એક્સ્પોનું મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે ઉદ્દ્ઘાટન કર્યું હતું. તેમણે સમગ્ર દેશમાંથી પધારેલા ૧૦૪થી વધુ ટેક પ્રદર્શકોના સ્ટોલની મુલાકાત લઈને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

એસીએમએ ટેક એક્સ્પો ૨થી ૪ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન અમદાવાદ સાયન્સ સિટીમાં વિજ્ઞાન ભવન ખાતે યોજાશે. અમદાવાદ કોમ્પ્યૂટર મર્ચન્ટ્સ એસોસિએશન ટેક એક્સ્પોનો મુખ્ય હેતુ સમગ્ર દેશમાંથી પધારેલા ૧૦૪થી વધુ અગ્રણી ટેક પ્રદર્શકોને એકસાથે લાવવાનો તેમ જ ટેકનોલોજી ક્ષેત્રમાં નવીનતા અને સહયોગની ઉજવણી કરવાનો છે.

આ એક્સપોમાં પ્રદર્શન અને વેપાર મેળો, એસીએમએ નેક્સ્ટ જનરેશન ટેકનોલોજી સમિટ, બિઝનેસ ટુ બિઝનેસ ક્રિયા-પ્રતિક્રિયાઓ માટે સ્પીડ વેન્ડિંગ સેશન્સ, એસીએમએ સ્ટાર્ટઅપ સમિટ, સીઆઈઓ કોંકલેવ સાઇબર ગેમિંગ ચેમ્પિયનશિપ, સાયબર ક્રાઇમ સહિતની વિવિધ ઇવેન્ટ્સ અને પ્રવૃત્તિઓ દર્શાવવામાં આવશે. સાથે જ અવેરનેસ ડ્રાઈવ, એસીએમએ નેટવર્કિંગ ડિનર અને ઈ - વેસ્ટ કલેક્શન ડ્રાઇવનો હેતુ ટેકનોલોજી ઇકો સિસ્ટમમાં જ્ઞાનની વહેંચણી કરવાનો અને બિઝનેસ નેટવર્કિંગ તેમ જ ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહન આપવાનો છે. ■

# અમદાવાદમાં ૧૭ લાખના ડિજિટલ એરેસ્ટ કેસની તપાસમાં રશિયન નાગરિક સહિત ત્રણ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર દેશમાં ડિજિટલ એરેસ્ટની ઘટનાઓ સતત વધી રહી છે. જેમાં લોકો પાસેથી પૈસા પડાવતી ટોળકી સાથે વિદેશી ગેંગ સંકળાયેલી હોવાની વિગતો પ્રકાશમાં આવી હતી. અમદાવાદ સાયબર ક્રાઈમે એક સિનિયર સિટિઝનને ડિજિટલ એરેસ્ટ કરી ૧૭ લાખ પડાવવાના મુદ્દે એક રશિયન સહિત ત્રણ લોકોને ઝડપી પાડ્યા હતાં. આ લોકો કંબોડિયન ગેંગના ઈશારે આ પ્રકારના ગુનાને અંજામ આપતા હોવાનું પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના એક સિનિયર સિટિઝનને અજાણ્યા શખ્સોએ ફોન કરીને કસ્ટમ વિભાગના દિલ્હી ખાતે આવેલા હેડક્વાર્ટરમાંથી ઇન્સ્પેક્ટર બોલું છું તેવી ઓળખ આપી સિનિયર સિટિઝનને તેમણે મોકલેલા પાર્સલમાંથી ડ્રગ્સ મળ્યું છે. જેથી તમને ડિજિટલ અરેસ્ટ કરવામાં આવે છે એમ કહ્યું હતું. તે ઉપરાંત તેણે ૪૦ કરોડના મનીલોન્ડરીંગમાં ૧૦ ટકા કમિશન મળ્યું હોવાનું કહ્યું હતું. ફોન કરનાર ગઠિયાએ આ સિનિયર સિટિઝનને એરેસ્ટ કરીને તેમની પાસેથી ૧૭ લાખ પડાવ્યા હતાં. સિનિયર સિટિઝનને પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનું જણાતા તેમણે સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરી હતી. સાયબર ક્રાઇમ પોલીસે તરતજ ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી.

સાયબર ક્રાઈમની તપાસમાં જાણવા મળ્યું હતું કે, આ કેસમાં સંડોવાયેલા બે શખ્સો હાલ જેલમાં છે. પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે બંન્ને શખ્સોની ધરપકડ કરી પૂછપરછ કરી હતી. આ શખ્સોએ પોલીસને જણાવ્યું હતું કે, તેમની સાથે એન્ટોલિય મિરોનોવ નામનો એક રશિયન નાગરિક જોડાયેલો છે. ત્યાર બાદ તેને પુનાની પોલીસે ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડમાં ઝડપ્યો હોવાનું પોલીસને જાણવા મળતાં તેની પણ ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરી હતી. તેની પુછપરછમાં આ પ્રકારના ગુનાનું રેકેટ કંબોડિયન ગેંગ દ્વારા ચલાવવામાં આવતું હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. આ કેસમાં હજી વધુ ગુનાનો ભેદ ઉકેલાય તેવી શક્યતા છે. ■

# બનાસકાંઠાના વિભાજન બાદ કાંકરેજ, ધાનેરા અને દિયોદરમાં વિરોધઃ શિહોરીની બજાર સજ્જડ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાના બે ભાગ કરીને વાવ- થરાદને નવો જિલ્લો જાહેર કરતાં કાંકરેજ, ધાનેરા અને દિયોદરમાં વિરોધ શરૂ થયો હતો. કાંકરેજના ધારાસભ્ય અમૃતજી ઠાકોર અને ધાનેરાના પૂર્વ ધારાસભ્ય નાથાલાલ પટેલ સહિતના અગ્રણીઓએ તેમના તાલુકાને બનાસકાંઠામાં જ રાખવાની માગ કરી હતી. તે ઉપરાંત સરકાર આ નિર્ણય પાછો નહીં ખેંચે તો આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

બનાસકાંઠાના વિભાજન બાદ નવા જિલ્લા વિસ્તારના લોકોએ બનાસકાંઠા જિલ્લામાં જ રહેવાની માગ સાથે વિરોધ શરૂ કર્યો હતો. શિહોરીમાં વેપારીઓએ સજ્જડ બંધ પાળી વિરોધ વ્યક્ત કર્યો હતો. બીજી તરફ ધાનેરાના ધારાસભ્ય માવજીભાઈ દેસાઈએ સરકારને એક પત્ર લખીને જણાવ્યું હતું કે, ધાનેરાની પ્રજા બનાસકાંઠા સાથે સંકળાયેલી છે. ધાનેરાના મોટાભાગના લોકોના ધંધા રોજગાર માટે પાલનપુર અનુકૂળ છે.

તે ઉપરાંત કાંકરેજના ધારાસભ્ય અમૃતજી ઠાકોરે સરકારના આ નિર્ણયને અયોગ્ય ગણાવી કહ્યું હતું કે, સરકારે ભૌગોલિક સ્થિતિને ધ્યાને લીધા વિના જ નિર્ણય લીધો છે. કાંકરેજ તાલુકાના લોકો બનાસકાંઠા જિલ્લામાં રહેવા માગે છે. ધાનેરાના પૂર્વ ધારાસભ્ય નાથાલાલ પટેલે કહ્યું કે ધાનેરા તાલુકાના લોકોને બનાસકાંઠા જિલ્લામાં રહેવું છે. લોકો આંદોલન કરશે તો કોંગ્રેસ તેમની સાથે છે.

કાંકરેજના લોકોએ માગ કરી હતી કે, કાંકરેજ તાલુકાનો પાટણ જિલ્લામાં સમાવેશ કરવામાં આવે, કારણ કે કાંકરેજથી થરાદનું અંતર ૮૦ કિલોમીટર કરતાં પણ વધારે છે.

જેથી લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડશે. કાંકરેજનો વાવ-થરાદમાં નહીં પરંતુ બનાસકાંઠા જિલ્લામાં સમાવેશ થાય તેવી મામલતદારને લેખિતમાં રજૂઆત પણ કરાઈ હતી. ■

# સ્પર્ધાત્મક પરીક્ષાની આન્સર કી જાહેર કરતાં પહેલાં તેની સમીક્ષા કરવા હાઈકોર્ટની સરકારને સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરકારી નોકરી મોટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉમેદવારો દ્વારા ઘણી વખત સાચા જવાબો આપ્યા હોવા છતાં આન્સર કીમાં તેને ખોટા દર્શાવ્યા હોવાની ફરિયાદો ઊભી થતી હોય છે. જામનગરના ૬ અરજદારોએ ફોરેસ્ટ વિભાગની ભરતી પરીક્ષામાં ૬ પ્રશ્નોના સાચા જવાબ આપ્યા હોવા છતાં આન્સર કીમાં તેને ખોટા દર્શાવ્યા હોવાની અરજી હાઈ કોર્ટમાં દાખલ કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જામનગરના ૬ અરજદારોએ હાઈ કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં જણાવ્યું હતું કે, ફોરેસ્ટ વિભાગની ભરતી પરીક્ષામાં ૬ પ્રશ્નોના સાચા જવાબ આપ્યા હોવા છતાં આન્સર કીમાં તેને ખોટા દર્શાવ્યા હતાં. પરીક્ષા બાદ આન્સર કીમાં મોટા ભાગના પેપરોમાં બેથી અગિયાર જેટલા પ્રશ્નો રદ્ કરવામાં આવ્યા હતા.

અરજદારોએ અરજીમાં ગુજરાત વનરક્ષક રિક્રુટમેન્ટ બોર્ડ અને ટીસીએસને પક્ષકાર બનાવ્યા હતાં. અરજદારોએ કોર્ટને જણાવ્યું હતું કે, આ પરીક્ષામાં કુલ ૪૫થી વધુ પ્રશ્નો રદ્ કરવામાં આવ્યા હતાં. જેથી તેનો સાચો જવાબ આપનાર વિદ્યાર્થીઓને માર્કસમાં નુકસાન પહોંચ્યું હતું. હાઇ કોર્ટે અરજદારોને કહ્યું હતું કે, તમે દરેક પ્રશ્નને ચેલેન્જ ના કરી શકો, તમારી ફરિયાદ સાચી હોવી જરૂરી છે.

કોર્ટે સુનાવણી દરમિયાન સરકારી વકીલને કહ્યું હતું કે, દરેક પરીક્ષામાં પેપરના પ્રશ્નો મુદ્દે અરજીઓ આવે છે, તેનું કાયમી નિરાકરણ લાવો. દરરોજ આવા પ્રશ્નોને કોર્ટમાં ચેલેન્જ કરાય છે.

પરીક્ષા લેવા માટે ગોપનીયતા જાળવવી જરૂરી છે પણ પરીક્ષા બાદ આન્સર કીને જાહેર કરતા અગાઉ એક કમિટી દ્વારા તેની સમીક્ષા થવી જોઈએ. જેથી કોર્ટમાં આ પ્રકારની અરજીઓ ઘટી જશે. પ્રશ્નો તૈયાર કરતા વધુ એક્સપર્ટની પેનલ રાખવી જોઈએ. કમિટીના નિર્માણથી ઉમેદવારોમાં વિશ્વાસ વધશે. કોર્ટે આ મુદ્દે પક્ષકારોને નોટિસ પાઠવીને વધુ સુનવણી ૨૩ જાન્યુઆરીએ યોજવા સૂચન કર્યું હતું. ■

# અમરેલી લેટરકાંડમાં પાટીદાર યુવતીના સરઘસ મુદ્દે રાજકોટમાં વિરોધઃ પોલીસ અધિકારીઓ સામે કાર્યવાહીની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીમાં બોગસ લેટરપેડ કાંડમાં કુંવારી પાટીદાર દીકરીનું પોલીસે જાહેરમાં સરઘસ કાઢ્યા બાદ આ મુદ્દો રાજ્યમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. કોંગ્રેસે ભાજપના કેટલાક નેતાઓના ઈશારે પોલીસે કાર્યવાહી કરી હોવાનો આરોપ લગાવ્યો હતો. આ કેસના રાજ્યમાં ઘેરા પ્રત્યાઘાત ન પડે અને પાટીદારો નારાજ ન થઈ જાય તે માટે ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી તાબડતોડ અમરેલી દોડી ગયા હતા. ઘટનાના ચાર દિવસ બાદ હર્ષ સંઘવી આવતાં અનેક તર્ક વિતર્ક થયા હતાં.

અમરેલીમાં બનેલી આ ઘટનાની ઉચ્ચ કક્ષાએ નોંધ લેવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ પ્રકરણમાં તપાસ દરમિયાન અમરેલી જિલ્લાના ભાજપના બે મોટાં માથાંની સંડોવણી બહાર આવી શકે છે. તેમના ઈશારે આ આખું કાવતરું ઘડવામાં આવ્યું હોવાની સ્થાનિક સ્તરે ચર્ચા થઈ રહી છે. આ બે નેતામાંથી એક નેતા સામે બધા પુરાવા એકઠા કરવામાં આવી રહ્યા છે તેમજ ગમે તે ઘડીએ તેમની ધરપકડ કરવામાં આવી શકે છે.

અમરેલી કોંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ પણ આ મુદ્દે સોશિયલ મીડિયા એક્સ પર ઉપરા છાપરી ટ્વિટ કરીને સરકાર પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે એક્સ પર પોસ્ટ કરીને ચાબખા મારતાં લખ્યું હતું કે, 'કૌરવ કુળના અહંકારી લોકોએ ભરબજારમાં કુંવારી કન્યાનો વરઘોડો કાઢ્યો, સમાજ ક્યારેય માફ નહી કરે'

બીજી તરફ ગુરૂવારે અમરેલીમાં ખોડલધામના ટ્રસ્ટી દિનેશ બાંભણીયા, મનોજ પનારા અને ધારાસભ્ય રમેશ ટીલાળા સહિતના આગેવાનોએ અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા, ધારાસભ્ય મહેશ કસવાળા, સાંસદ ભરત સુતરીયા અને ફરિયાદી કિશોર કાનપરીયા સાથે બેઠક કરી હતી. જેમાં પાટીદાર સમાજની યુવતી સામેની ફરિયાદ પાછી ખેંચવાની ચર્ચાઓ કરાયા બાદ એસ.પી. કચેરીએ રજૂઆત કરવામાં આવી હતી.

આ અંગે ખોડલધામ ટ્રસ્ટી દિનેશ બાંભણીયાએ જણાવ્યું હતું કે, બોગસ પત્રિકા મામલે પટેલ સમાજની દીકરીનો જે બનાવ બન્યો એ અંગે બેઠક કરવામાં આવી હતી. દીકરીને તાત્કાલિક મુક્તિ મળે અને ફરિયાદમાંથી નામ નીકળે એ માટે ગૃહવિભાગ અને સરકાર સુધી વાત પહોંચાડી હતી. તે ઉપરાંત રાજકોટમાં આંતરરાષ્ટ્રીય કુર્મી સેના દ્વારા કલેકટર પ્રભવ જોશી મારફત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરવામાં આવી હતી.

તેમાં આ ઘટનામાં જવાબદાર પોલીસ અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો માનવ અધિકાર આયોગ અને મહિલા આયોગમાં ફરિયાદ કરવાની સાથે કાયદાકીય કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. ■

# ફરજિયાત મીટર લગાવવા મુદ્દે અમદાવાદ અને વડોદરા ઓટોરિક્ષા યુનિયનો દ્વારા હાઇકોર્ટમાં અરજી દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ અને વડોદરામાં નવા વર્ષથી રિક્ષામાં મીટર ફરજિયાત કરવાનો નિયમ અમલી થતાં ઓટોરિક્ષા યુનિયનો દ્વારા રાજ્યમાં ઓટોરિક્ષામાં લગાવવામાં આવતા ફ્લેગ મીટર ન લગાડતા કરવામાં આવતા દંડને રદ્દ કરવા હાઇ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. અરજીમાં જણાવાયું હતું કે, કાયદા પ્રમાણે દરેક પ્રકારના પરમિટવાળા ટ્રાન્સપોર્ટ વાહનો, ટુ-વ્હીલર, થ્રી વ્હીલર, બસ, લકઝરી અને ભારવાહક વાહનોમાં પણ કિલોમીટર માપવા અલાયદું મીટર હોવું જોઈએ. માત્ર રિક્ષાચાલકો પર આ કાયદાની અમલવારી અને દંડ રાજ્ય સરકારની ભેદભાવભરી નીતિ દર્શાવે છે.

તોલમાપ વિભાગની માહિતી મુજબ ઓટો રિક્ષાના ફ્લેગ મીટરની ચકાસણી કરવામાં આવતી હોય જે દર્શાવે છે કે, આ પ્રકારનો નિયમ ફક્ત ઓટો રિક્ષાચાલક ઉપર જ લાગુ કરવામાં આવ્યો છે. ખાનગી સેવા આવતી કંપનીઓ દ્વારા મીટરનો ઉપયોગ કરવામાં આવતો નથી જે પણ કાયદાનું ઉલ્લંઘન છે. તો તેઓ સામે ફરિયાદ કરતા પણ કોઈ પ્રકારની કાર્યવાહી પોલીસ દ્વારા કરવામાં આવતી નથી.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર દ્વારા ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી ઓટોરિક્ષામાં ફ્લેગ મીટર લગાવવાનું ફરજિયાત હોય તેમજ ફ્લેગ મીટર ન લગાવેલ હોય કે બગડેલ હોય તો ઓટો રિક્ષાચાલકો સામે કાર્યવાહી કરવા બાબતે પોલીસ દ્વારા ચેતવણી આપવામાં આવી છે. તે અંતર્ગત પોલીસને કોઈપણ પ્રકારની દંડનીય કાર્યવાહી ન કરવા અને આ પ્રકારના દંડને રદ્દ કરવા અમદાવાદ અને વડોદરાના રિક્ષા યુનિયનો દ્વારા હાઇકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ અરજી પહેલા અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા જ્યારે નોટિસ અપાઈ ત્યારે તે બાબતે વાંધા અરજી આપી હતી. ■

# જીએસએફએ દ્વારા આયોજિત બ્લૂ કબ્સ લીગમાં ૩૮૮ ટીમોના ૪,૨૦૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો

અમદાવાદઃ ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન દ્વારા અમદાવાદના સેન્ટ લોયાલા ફૂટબોલ ગ્રાઉન્ડમાં બ્લૂ કબ્સ ક્લબ ચેમ્પિયનશિપ યોજાઈ હતી. જેમાં કુલ ૨૩ ટીમોએ ભાગ લીધો હતો. વર્ષ ૨૦૨૩-૨૪માં જીએસએફએ દ્વારા યોજાયેલી રાજ્ય બ્લૂ કબ્સ લીગમાં ૨૩ જિલ્લા એસોસિએશનોમાંથી ૩૮૮ ટીમો પ્રતિસ્પર્ધી હતી.આ લીગ આઠ વર્ષ, દસ વર્ષ અને બાર વર્ષથી નીચેનાં વય જૂથો માટે હતી. ૩૩ જુદાં જુદાં સ્થળોએ તેની મેચો રમાઈ અને ૪,૨૦૦થી વધુ બાળ ખેલાડીઓએ તેમાં ભાગ લીધો હતો.

ગુજરાતમાં ફૂટબોલના વ્યાવસાયિકરણ માટે જીએસએફએ દ્વારા ગુજરાત સુપર લીગનો પ્રારંભ મે ૨૦૨૪માં કર્યો હતો. આ લીગમાં ગુજરાતના યુવા ઉદ્યોગપતિઓની માલિકીની છ ટીમો હતી અને દરેક ટીમ પાંચ મેચો રમી હતી. આ લીગને આગામી વર્ષોમાં વધુ વિસ્તૃત, વ્યાપક અને મજબૂત કરવાની યોજના છે. જેથી પુરુષો અને મહિલાઓ માટે વિવિધ ઉંમર શ્રેણીમાં ક્લબ ચેમ્પિયનશિપનું આયોજન થશે.

ગુજરાતમાં વધુ મજબૂત ફૂટબોલ ઇકોસિસ્ટમ પર ધ્યાન આપવું મહત્ત્વપૂર્ણ છે. આ માટે રાજ્યમાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરની લીગોમાંનું આયોજન, કોચિંગની ગુણવત્તામાં સુધારો, બંધારણોનું અને ખેલાડીઓ, એસોસિએશનો, ક્લબો, વગેરેને આર્થિક પ્રોત્સાહન તથા અન્ય પ્રોત્સાહનોની જરૂર છે. આંતરરાષ્ટ્રીય ફૂટબોલ સંસ્થાઓ સાથે ભાગીદારી મજબૂત કરીને વૈશ્વિક નિષ્ણાતોને ગુજરાતમાં બોલાવીને પણ રાજ્યના ફૂટબોલને નવી ઊંચાઇઓ પર લઈ જઈ શકાય છે.

હાલમાં, એઆઈએફએફની કેન્દ્રીય નોંધણી પ્રણાલી હેઠળ જીએસએફએ ૧૦,૦૦૦થી વધુ નોંધણી કરેલા ખેલાડીઓ ધરાવે છે, જેમાંથી ૫,૧૯૫ ખેલાડીઓ વધુ સક્રિય છે. ૨૦૨૩- ૨૪ની સીઝનમાં ૪,૨૯૦થી વધુ ખેલાડીઓ ૫૫૩થી વધુ મેચો રમ્યા હતા અને ૩,૨૫૫થી વધુ ગોલ કર્યા હતા. આ આંકડાઓ ગુજરાતમાં ફૂટબોલમાં વધતી રુચિ અને આકર્ષણ દર્શાવે છે.

અન્ય ક્ષેત્રોમાં જેમ ગુજરાત અગ્રેસર છે તેમ તેની પાસે ભારતમાં ફૂટબોલ હબ બનવાની સંભાવના પણ છે, રાજ્યમાં જેમ જેમ આ રમતનો વિકાસ થતો જશે તેમ તેમ તે નવી પેઢીના ખેલાડીઓ, ચાહકો અને સમર્થકો માટે એક તેજસ્વી ભવિષ્ય નિર્માણ કરશે. ■

# ગુજરાતમાં ૨૦૨૪માં એસએમસીએ ₹ ૨૨.૫૧ કરોડનો દારૂ ઝડપ્યો

## જુગારના ૭૯ કેસ કરી ૩.૬૩ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દારૂ અને જુગારની પ્રવૃત્તિઓ સામે સ્ટેટ મોનિટરિંગ સેલ એક્શનમાં આવી હતી. ૨૦૨૪ના વર્ષમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દારૂના કુલ ૪૫૫ કેસ કરીને ૨૨.૫૨ કરોડ રૂપિયાનો દારૂ ઝડપ્યો હતો. જ્યારે જુગારના ૭૯ કેસ કરીને ૩.૬૩ કરોડનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજ્યમાં પોલીસ અને શહેરમાં જુદી જુદી બ્રાંચના અધિકારીઓ દ્વારા દારૂ અને જુગારના અડ્ડાઓ પર દરોડા પાડવાની કામગીરી કરવામાં આવે છે. બીજી તરફ ૨૦૨૪માં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વાર રાજ્યભરમાં દારૂ અને જુગારના અડ્ડાઓ પર દરોડા પાડીને ૫૩૪ કેસ કરવામાં આવ્યા હતાં. જેમાં દારૂના સૌથી વધુ કેસ ગાંધીનગર રેન્જ, અમદાવાદ શહેર અને બોર્ડર રેન્જમાં કરવામાં આવ્યા હતાં. અમદાવાદ શહેરના રિંગ રોડ અને છેવાડાના પોલીસ મથકોની હદમાંથી દરરોજ રાત્રે દારૂના સંખ્યાંબંધ વાહનો પસાર થઇ રહ્યા હોવાની વિગતો ગાંધીનગરમાં સ્ટેટ મોનિટરિંગ સેલના અધિકારીઓને મળતી હતી પણ સ્થાનિક પોલીસ તેનાથી અજાણ હોવાનું દરોડા દરમિયાન સાબિત થતું હતું.

ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારોમાં સૌથી વધારે દારૂનો જથ્થો ઝડપાય છે. જેમાં સુરેન્દ્રનગર, બનાસકાંઠા, સુરત ગ્રામ્ય, નવસારીમાં ૧ કરોડથી વધુનો દારૂ ઝડપાયો હતો. એસએમસીની ટીમે દરોડા પાડવાનું શરૂ કરતાં તમામ પોલીસ સ્ટેશનને દારૂની પ્રવૃત્તિ પર નજર રાખવા માટેની કડક સુચના આપવામાં આવી હતી. તે ઉપરાંત રાજ્યમાં ફરજમાં બેદરકારી દાખવનાર પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરવાની કામગીરી પણ શરૂ કરાઈ હતી. ■

# ગુજરાત સરકારે દરેક જિલ્લામાં જંત્રી સુધારણા સમિતિની રચના કરીઃ કલેક્ટરને અધ્યક્ષ બનાવ્યા

અમદાવાદઃ ગુજરાતમાં નવી જંત્રીના સૂચિત દરોમાં વધારો સૂચવ્યા બાદ સમગ્ર રાજ્યમાં વિરોધ શરૂ થયો હતો. જેથી સરકારે જંત્રી દર સુધારણા માટે દરેક જિલ્લામાં સમિતિની રચના કરી છે. મહાનગરપાલિકા, નગરપાલિકા, અર્બન ડેવલોપમેન્ટ એરિયા અને ગ્રામ્ય કક્ષાએ સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં તમામ સમિતિઓમાં જિલ્લા કલેક્ટરને સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

કલેક્ટર સહિત સમિતિમાં મનપાના ૭, નપા, અર્બન ડેવલોપમેન્ટ એરિયાના ૬ સભ્યો રહેશે. જ્યારે ગ્રામ્ય કક્ષાની સમિતિમાં કુલ ૫ સભ્યો રહેશે. જંત્રી વિવાદ, જંત્રીની ક્ષતિઓ સહિતના વિષયો આ સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યા છે. સમિતિએ ૧૫ દિવસમાં પોતાનો અભિપ્રાય આપવો પડશે. ગુજરાત સ્ટેમ્પ ડ્યૂટી કચેરીને અભિપ્રાય મોકલવો પડશે.

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં નવી જંત્રી આગામી દિવસોમાં લાગુ કરવા માટે સૂચિત જંત્રી બહાર પાડી હતી. ■

બીડ સરપંચ હત્યાકેસ

# એમસીઓસીએ લગાવાશે?

*મુંબઈઃ સરપંચ સંતોષ દેશમુખ હત્યા કેસમાં ધરપકડ કરવામાં આવેલા આરોપીના પહેલાંનો રેકોર્ડ તપાસી રહી છે અને ખંડણીના કેસ સંબંધિત કડક એમસીઓસીએ કાયદાનો કડક રીતે અમલ કરવો જોઇએ કે કેમ એવું સૂત્રોએ જણાવ્યું હતું. એમસીઓસીએ હેઠળ આરોપો લગાવવા માટે આરોપીએ તેની સામે અગાઉનો કેસ નોંધાયેલ હોવો જોઇએ જે દર્શાવે છે કે તે વ્યક્તિ આર્થિક લાભ માટે કામ કરતી સંગઠિત અપરાધ સિન્ડિકેટનો ભાગ છે. દરમિયાન બીડ પોલીસે હત્યાના કેસમાં ફરાર આરોપી સુદર્શન ઘુલે (૨૬), કૃષ્ણા આંધલે (૩૦) અને સુધીર સાંગલે (૨૩)નાં ઠેકાણાંની માહિતી માગતાં પોસ્ટર લગાવ્યાં છે. આરોપીઓની માહિતી આપનારને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે, એવું પોસ્ટરમાં દર્શાવવામાં આવ્યું છે.*

## ખાટલાની ખટપટઃ આરોપીને જેલમાં વીઆઈપી ટ્રીટમેન્ટ?

સરપંચ સંતોષ દેશમુખની હત્યામાં સંડોવણીનો આરોપ ધરાવતા વાલ્મિક કરાડ બીડ સિટી પોલીસ સ્ટેશનમાં ચર્ચાસ્પદ છે. વાલ્મિક કરાડને અદાલતે પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે અને હાલમાં તેને બીડ સિટી પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યો છે. જોકે, બુધવારે અચાનક જ પોલીસ સ્ટેશનમાં પાંચ પલંગ લાવવામાં આવતા વિવાદ સર્જાયો હતો. શરદ પવારના વિધાનસભ્ય રોહિત પવારે આરોપ કર્યો હતો કે વાલ્મિક કરાડને પોલીસ તરફથી વીઆઈપી ટ્રીટમેન્ટ મળી રહી છે. બીડ પોલીસ સ્ટેશનના સહાયક પોલીસ અધિક્ષક સચિન પાંડકરે મીડિયા સાથે ઘટના વિશે વાત કરી હતી.

વિગતો આપતા સચિન પાંડકરે જણાવ્યું હતું કે 'બીડ સિટી પોલીસ સ્ટેશન નવેસરથી બનાવવામાં આવ્યું છે. દોઢ મહિના પહેલા જ અમે નવા પોલીસ સ્ટેશનમાં આવ્યા હતા. હજી અહીં કામગીરી ચાલી રહી છે.

(જુઓ પાનું ૪) ▶▶

## એ કાર અજિત પવારના કાફલાની?

ખંડણી કેસમાં શરણાગતિ સ્વીકારનાર વાલ્મિક કરાડ જે કામમાં આવ્યો હતો તે પહેલા નાયબ મુખ્ય અજિત પવારના કાફલામાં સામેલ હતી, એવો આક્ષેપ એનસીપી-એસપીના બીડના સાંસદ બજરંગ સોનાવણેએ ગુરુવારે કર્યો હતો.

બીડના સરપંચ સંતોષ દેશમુખની હત્યા સંબંધિત ખંડણી કેસમાં એનસીપીના પ્રધાન ધનંજય મુંડેના નજીકના કહેવાતા કરાડેનું નામ આવ્યા બાદ તેણે ૩૧મી ડિસેમ્બરે પુણેમાં સીઆઇડીના ઓફિસમાં શરણાગતિ સ્વીકારી હતી.

અજિત પવારે મસ્સાજોગ ગામની મુલાકાત લીધી તે દરમિયાન તેમના કાફલામાં જે કાર હતી તે કારથી જ કરાડ સીઆઇડીની ઓફિસમાં શરણે થવા આવ્યો હતો, એવો દાવો સોનાવણેએ કર્યો હતો.

કરાડે શરણાગતિ સ્વીકારી એનો વીડિયો વાયરલ થયો છે, પરંતુ પોલીસે એ વાતની તપાસ કરી કે તે વીડિયો કોણે બનાવ્યો હતો? કોનું તે ઘર હતું અને કોણ તેને મદદ કરે છે?, એવો સવાલ પણ સોનાવણેએ ઉઠાવ્યો હતો. ■

## 'મોટી માછલી'ને બચાવવા માટે 'નાની માછલી'નું એન્કાઉન્ટર શક્યઃ કૉંગ્રેસ

બીડમાં સરપંચની હત્યા સાથે જોડાયેલા ખંડણી કેસમાં મહારાષ્ટ્રના પ્રધાનના સહયોગીની ધરપકડ થયાના થોડા દિવસો પછી, કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે એવો ગંભીર દાવો કર્યો હતો કે 'મોટી માછલી'ને બચાવવા માટે એન્કાઉન્ટરમાં 'નાની માછલીઓ'ને મારી શકાય છે. જોકે, વડેટ્ટીવારે તેમની ટિપ્પણી અંગે વધુ માહિતી આપી ન હતી.

કરાડ અંગેના પ્રશ્નના જવાબમાં વડેટ્ટીવારે કોઈનું નામ લીધા વિના એવો દાવો કર્યો હતો કે, 'વિશ્વસનીય સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર મોટી માછલીઓને બચાવવા માટે એન્કાઉન્ટરમાં નાની માછલીઓને મારી શકાય છે.' ■

## 'ઉજ્જવલ નિકમને વિનંતી કરી છે'

મુંબઈઃ સરપંચ સંતોષ દેશમુખની હત્યાના કેસમાં વિશેષ સરકારી વકીલ તરીકે વરિષ્ઠ વકીલ ઉજ્જવલ નિકમ હોય એવી વિનંતી કરવામાં આવી છે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસ સાથે વાત કરી હતી જેઓએ નિકમને આ કેસમાં સરકારી વકીલ બનાવવામાં આવે એવી માગણી ધરાવતો પત્ર આપ્યો છે, એમ ફડણવીસે કહ્યું હતું.

વકીલ નિકમે આ કેસ હાથમાં લેવા અંગે વિચારવા થોડો સમય માગ્યો છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. 'મેં તેમને વિનંતી કરી છે. જો તેઓ માની જશે તો ચોક્કસ તેમને (જુઓ પાનું ૪) ▶▶

# 'એ' લાડકી બહેનો પર તવાઈઃ દસ્તાવેજોની ખરાઈ કરાશે

### આ પાંચ બાબતોની ખાસ ચકાસણી

૧) જે મહિલાઓની આવક અઢી લાખથી વધુ છે, પરંતુ યોજનાનો લાભ લઈ રહી છે તેમની અરજીઓની ચકાસણી
૨) ફોર વ્હીલર ધરાવતી હોવા છતાં લાભ મેળવનારી મહિલાઓની અરજીઓની ચકાસણી
૩) એક જ મહિલા દ્વારા બે અરજીઓ દાખલ કરવામાં આવી હોય તેવા કિસ્સાની તપાસ
૪) લગ્ન પછી મહારાષ્ટ્ર રાજ્યમાંથી અન્ય રાજ્યોમાં સ્થળાંતર કર્યું હોવા છતાં લાભાર્થી હોય એવી અરજીઓની ચકાસણી
૫) આધાર કાર્ડ અને દસ્તાવેજો પર નામની વિસંગતતા સાથે અરજીઓની ચકાસણી

### અઢી લાખથી વધુ આવક અને ફોર-વ્હિલર ધરાવવા સહિતની પાંચ બાબતોની લાડકી બહેન યોજના હેઠળની અરજીઓમાં ચકાસણી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય કેબિનેટની બેઠકમાં લાડકી બહેન યોજનાને લઈને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. મહિલા અને બાળ કલ્યાણ વિકાસ મંત્રી અદિતિ તટકરેએ જાહેરાત કરી છે કે લાડકી બહેન યોજનાના અમલ વખતે મળેલી કેટલીક ફરિયાદોને આધારે હવે રાજ્ય સરકાર જેમની આવક અઢી લાખથી વધુ છે તેમની ચકાસણી કરશે. આ ઉપરાંત અન્ય કેટલીક તપાસ કરવામાં આવશે.

'અમે લાડકી બહેન યોજનાના મૂળ સ્વરૂપમાં કોઈ ફેરફાર કરી રહ્યા નથી. સ્થાનિક વહીવટીતંત્ર તરફથી કેટલીક ફરિયાદો મળી છે. જેમની પાસે ફોર-વ્હીલર છે તેમની ચકાસણી કરવામાં આવશે. બધાની ચકાસણી કરવામાં આવશે નહીં. જેમના માટે ફરિયાદો મળી હશે, તેમની જ ચકાસણી કરવામાં આવશે. અમને મહિલા લાભાર્થીઓ તરફથી કેટલીક ફરિયાદો મળી છે.

'લાડકી બહેન યોજના અંગે, અમને

(જુઓ પાનું ૪) ▶▶

## સરકારની તિજોરી ઓવરફ્લોઃ પ્રોપર્ટી રજિસ્ટ્રેશનમાં ૧૨,૦૦૦ કરોડની કમાણી થઈ

મુંબઈઃ ૨૦૨૪માં મુંબઈમાં થયેલાં ઘરોનાં વેચાણને કારણે સરકાર માલામાલ થઇ ગઇ હતી. ૨૦૨૪માં ૧.૪૧ લાખ પ્રોપર્ટી સંબંધિત રજિસ્ટ્રેશન થવાથી સરકારી તિજોરીમાં ૧૨,૧૩૦ કરોડ રૂપિયા જમા થયા હતા. મુંબઈના રિયલ એસ્ટેટ સેક્ટરમાં ચાલતી આવતી તેજીને કારણે ગત ચાર વર્ષમાં પ્રોપર્ટી રજિસ્ટ્રેશનની આવક ૫૯૪૭ કરોડ રૂપિયાથી વધીને ૧૨ હજાર કરોડ રૂપિયાને આંબી ગઇ છે. સરકાર માટે આવકનું મુખ્ય સ્રોત બની ગયું છે પ્રોપર્ટી રજિસ્ટ્રેશન.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૨૧માં પ્રોપર્ટી રજિસ્ટ્રેશનમાં ૫૯૪૭ કરોડ રૂપિયા મળ્યા હતા, જે ૨૦૨૪માં ૧૨ હજાર કરોડને પણ પાર કરી ગયા હતા. મુંબઈ પ્રોપર્ટી રજિસ્ટ્રેશન વિભાગના જણાવ્યા અનુસાર ૨૦૨૩ કરતાં પણ ૨૦૨૪માં ઘરોનાં વેચાણ વધુ થયાં છે. ઘરોનાં વેચાણ વધવાને કારણે (જુઓ પાનું ૪) ▶▶

થાણે કોસ્ટલ રોડ કૌભાંડ

## જરૂરી મંજૂરીઓ વિના ૨૭૦૦ કરોડનો કોન્ટ્રેક્ટ

થાણેઃ વિધાનસભાની ચૂંટણીના સમયે થાણેના ઘોડબંદર રોડના સમાંતર બનાવવા આવનારા કોસ્ટલ રોડ માર્ગ માટે મુંબઈ મહાનગર વિકાસ પ્રાધિકરણ (એમએમઆરડીએ)એ આપેલા ૨૭૦૦ કરોડ રૂપિયાના કોન્ટ્રેક્ટ સામે સવાલ ઉઠવા લાગ્યા છે.

જંગલોની થતી કતલ, કોસ્ટલ રોડના કડક કાયદા, નૌકાદળની જગ્યાને લાગીને બાંધકામને કારણે સંરક્ષણ વિભાગ દ્વારા ઉઠાવવામાં આવેલો વાંધો તથા તમામ પરવાનગીઓ મળી ન હોવા છતાં કોન્ટ્રેક્ટ આપવામાં આવ્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ખાસ કરીને ચૂંટણી બોન્ડ ખરીદી કરવા પ્રકરણે ચર્ચામાં આવેલી કંપનીને આ કોન્ટ્રેક્ટ આપવામાં આવ્યો છે. આચારસંહિતા લાગુ થવા પહેલા ઉતાવળમાં આ કોન્ટ્રેક્ટ આપવામાં (જુઓ પાનું ૪) ▶▶

## આંબેડકરે ૧૯૪૦માં સંઘની શાખાની મુલાકાત લીધી હતીઃ આરએસએસનો દાવો

મુંબઈઃ ભારતીય બંધારણના પ્રણેતા ડૉ. બાબાસાહેબ આંબેડકરે ૮૫ વર્ષ પહેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની શાખાની મુલાકાત લીધી હતી, એવો દાવો સંઘના સંપર્ક વિભાગ દ્વારા ગુરુવારે કરવામાં આવ્યો હતો.

અમુક મુદ્દાઓ પરના મતભેદને ન ગણકારતા સારા સંબંધની ભાવના સાથે આરએસએસની સમીક્ષા કરી હતી, એમ આંબેડકરે તેમની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું.

આરએસએસની સંપર્ક પાંખ વિશ્વ સંવાદ કેન્દ્ર (વીએસકે)ના વિદર્ભ પ્રાંત દ્વારા એક નિવેદન રજૂ કરવામાં આવ્યું હતું જેમાં તેઓએ ઉક્ત દાવો કર્યો હતો. બીજી જાન્યુઆરી, ૧૯૪૦ના સાતારા જિલ્લામાં કરાડ ખાતેની આરએસએસની શાખાની ડૉ. આંબેડકરે મુલાકાત લીધી હતી અને ત્યાં સંઘના સ્વયંસેવકોને પણ સંબોધ્યા હતા, એમ નિવેદનમાં વધુમાં જણાવાયું હતું.

ડૉ. આંબેડકરે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે અમુક મુદ્દે મતભેદ હોવા છતાં મેં સારા સંબંધની ભાવના સાથે સંઘની મુલાકાત લીધી

(જુઓ પાનું ૪) ▶▶

# સ્પીડબ્રેકર પર શબ ઊછળ્યું ને 'મૃત' વૃદ્ધ 'સજીવ' થયો

### ડૉક્ટરે મૃત જાહેર કરેલા વૃદ્ધના મૃતદેહને એમ્બ્યુલન્સમાં ઘરે લઈ જવાતો હતો ત્યારે ઘટના બનીઃ પછી તો બીજી હૉસ્પિટલમાં એન્જિયોપ્લાસ્ટી કરાવી વૃદ્ધ પખવાડિયે ઘરે પહોંચ્યા

કોલ્હાપુરઃ કોલ્હાપુર જિલ્લામાં બનેલી એક અચરજભરી ઘટનામાં ડૉક્ટરે મૃત જાહેર કરેલા વૃદ્ધમાં રસ્તા પરના સ્પીડ બ્રેકરને કારણે ચેતન આવ્યું હતું. હૉસ્પિટલથી ઘરે લઈ જતી વખતે એમ્બ્યુલન્સ સ્પીડ બ્રેકર પર ઊછળ્યા પછી ચમત્કારિક રીતે વૃદ્ધની આંગળીઓમાં હલનચલન જોવા મળ્યું હતું. પછી તો બીજી હૉસ્પિટલમાં દાખલ કરાયેલા વૃદ્ધ એન્જિયોપ્લાસ્ટી કરાવી પખવાડિયે ઘરે પહોંચ્યા હતા.

મળતી માહિતી અનુસાર કોલ્હાપુરના કસાબા-બાવડા ખાતે રહેતા પાંડુરંગ ઉલપે (૬૫)ને ઘરમાં ૧૬ ડિસેમ્બરે હાર્ટ અટેક આવ્યો હતો. તેમને તાત્કાલિક ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પાંડુરંગના મૃત્યુના સમાચાર ફેલાતાં પડોશીઓ અને સગાંસંબંધી તેમના ઘરે ભેગાં થવા લાગ્યાં હતાં. રડારોળ અને શોકના વાતાવરણ વચ્ચે તેમના અંતિમસંસ્કારની તૈયારીઓ થવા લાગી હતી. દુઃખની આ ઘડીમાં એકાએક પાંડુરંગ જીવિત હોવાના સુખદ સમાચાર આવ્યા હતા. પાંડુરંગની પત્નીએ જણાવ્યું હતું કે ડૉક્ટરે મૃત જાહેર કરતાં 'શબ' એમ્બ્યુલન્સમાં ઘરે લઈ જવાઈ રહ્યું હતું. રસ્તામાં એક સ્પીડ બ્રેકર પર એમ્બ્યુલન્સ થોડી ઊછળી પછી પાંડુરંગના હાથની આંગળીઓમાં અમે હલનચલન જોઈ હતી. તરત એમ્બ્યુલન્સ બીજી હૉસ્પિટલ તરફ વાળવામાં આવી હતી.હૉસ્પિટલમાં દાખલ કરાયેલા પાંડુરંગ જીવિત હોવાની ખાતરી થઈ હતી. એ હૉસ્પિટલમાં પાંડુરંગની એન્જિયોપ્લાસ્ટી પણ કરવામાં આવી હતી. પખવાડિયા પછી સોમવારે પાંડુરંગ તેમના ઘરે પહોંચ્યા હતા. સ્પીડ બ્રેકરને (જુઓ પાનું ૪) ▶▶

## ગોવિંદ પાનસરેના હત્યા કેસની તપાસ પર દેખરેખની જરૂર નથીઃ અદાલત

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે ગોવિંદ પાનસરેની હત્યાની કોર્ટની દેખરેખ હેઠળની તપાસ પર નજર રાખવાનું બંધ કરતાં કહ્યું હતું કે તપાસ પર હવે દેખરેખ રાખવાની જરૂર નથી. નીચલી અદાલતને ટ્રાયલ ઝડપી કરવાનો નિર્દેશ આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ કોલ્હાપુરમાં મોર્નિંગ વોક દરમિયાન અજ્ઞાત હુમલાખોરો દ્વારા ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (સીપીઆઈ)ના નેતા અને કાર્યકર પાનસરે અને તેની પત્નીને ગોળી મારવામાં આવી હતી. ■



**ગન્સ ઍન્ડ રોઝિસઃ** મહારાષ્ટ્રમાં પોલીસ સ્થાપના દિન નિમિત્તે ગઈ કાલે બીએમસી શાળાના વિદ્યાર્થીઓએ પોલીસોને આપવા માટેના ગુલાબ સાથે મરીન લાઇન્સ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી ત્યારે પોલીસોએ તેમને બંદૂકો વિશે જાણકારી આપી હતી. (અમય ખરાડે)

## બે દિવસમાં ૪૩૩ કરોડ પ્રોપર્ટી ટૅક્સ વસૂલ્યો પાલિકાએ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રોપર્ટી ટેક્સ જમા કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેમાં પાલિકા દ્વારા ૩૦ અને ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૪ના ફક્ત બે દિવસમાં ૪૩૩ કરોડ રૂપિયા નાગરિકો પાસેથી વસૂલ કરવામાં સફળ રહી છે. એ સાથે જ પહેલી એપ્રિલથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪માં કુલ પ્રોપર્ટી ટેક્સની રકમ ૫,૮૪૭ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

જોકે આ રકમમાં અગાઉના નાણાકીય વર્ષના ૧,૬૬૦ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે, કારણકે અગાઉના નાણાકીય વર્ષની પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવાની મુદત ૨૫ મે, ૨૦૨૪ સુધી વધારવામાં આવી હતી. તો ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં ૩,૧૯૫ કરોડ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા હતા.

પ્રોપર્ટી ટેક્સની ગણતરીમાં નવી પદ્ધતિઓ સાથે જોડાયેલી કાયદાકીય જટિલતાઓને કારણે ૨૦૨૩-૨૪ નાણાકીય વર્ષમાં ૬,૦૦૦ કરોડ રૂપિયાનું લક્ષ્યાંક હોવા છતાં આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. લગભગ ૧,૩૦૫ કરોડ રૂપિયા ઓછા જમા થયા હતા.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ મુખ્યત્વે પ્રોપર્ટી ટેક્સના બિલ ફેબ્રુઆરી, ૨૦૨૪માં મોડેથી મોકલવામાં આવ્યા હતા, તેને કારણે બાદમાં પાલિકાને પ્રોપર્ટી ટેક્સ વસૂલી માટે ૨૫ મે, ૨૦૨૫ સુધીની મુદત લંબાવી પડી હતી. તેમ જ નાગરિકો પાસેથી લેટ ફી પણ વસૂલ કરવામાં આવી નહોતી. જોકે ગયા વર્ષના અનુભવ બાદ ચાલુ નાણાકીય વર્ષમાં શરૂઆતથી જ મોટા ડિફોલ્ટરોને પર પાલિકાએ પોતાના રડારમાં લીધા હતા.

ચાલુ નાણાકીય વર્ષમાં ડિસેમ્બર અંત સુધીમાં નાગરિકો પોતાનો ટેક્સ ભરી શકે તે માટે પાલિકાએ પાલિકા મુખ્યાલયની સાથે જ તમામ વોર્ડ ઓફિસ પર સુવિધા કેન્દ્રો રાતના મોડે સુધી ચાલુ રાખ્યા હતા, જેથી લોકો પોતાનો ટેક્સ ભરી શકે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ અધિકારી અને કર્મચારીઓની જહેમતને પગલે ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધી પાંચ હજાર ૮૪૭ કરોડ ૬૮ લાખ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ જમા કરવામાં સફળતા મળી છે. ૩૧ માર્ચ, ૨૦૨૫માં સુધીમાં અમારો લગભગ ૬,૨૦૦ કરોડ રૂપિયાનો લક્ષ્યાંક પૂરો કરવાનો અમારો પ્રયાસ રહેશે.

નોંધનીય છે કે મુંબઈ મહાનગરપાલિકાની હદમાં નવ લાખથી વધુ પ્રોપર્ટી આવેલી છે, જેની પાસેથી પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવામાં આવે છે. જોકે તાજેતરના વર્ષોમાં પાલિકાની આવકમાં મોટો ઘટાડો થયો છે, તેનું મુખ્ય કારણ ૫૦૦ ચોરસ ફૂટ સુધીના રહેણાંક મિલકતો માટે પ્રોપર્ટી ટેક્સમાં છૂટની સાથે જ ૨૦૧૫-૧૫થી પ્રોપર્ટી ટેક્સમાં વધારો કરવામાં આવ્યો હતો.

પાલિકાના જણાવ્યા મુજબ ૩૦ ડિસેમ્બરના એક જ દિવસમાં ૧૭૩.૫૯ કરોડ રૂપિયા તો ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના ૨૬૦ કરોડ ૨૮ લાખ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ નાગરિકોએ ભર્યો હતો, જેમાં ફક્ત ડિસેમ્બર મહિનામાં જ પાલિકા ૫૦૧ કરોડ સાત લાખ રૂપિયાનો વિક્રમી ટેક્સ વસૂલ કરવામાં સફળ રહી છે. ■

# પડોશીનું માથું વાઢ્યું બાપ-દીકરાએઃ માથું લઈ પોલીસ સ્ટેશનમાં આત્મસમર્પણ

### ઘટનાને પગલે ગામમાં તણાવઃ આરોપીના ઘરની તોડફોડ અને કાર બાળીઃ એસઆરપીએફ ગોઠવી દેવાઈ

નાશિકઃ નાશિક જિલ્લામાં બનેલી કમકમાટીભરી ઘટનામાં પિતા-પુત્રએ પડોશીની હત્યા પછી તેનું માથું વાઢી નાખ્યું હતું. કાપેલું માથું અને શસ્ત્ર સાથે પિતા-પુત્ર નજીકની પોલીસ ચોકીમાં પહોંચ્યા હતા. આવી ઘૃણાસ્પદ ઘટનાથી રોષે ભરાયેલા ગામવાસીઓએ આરોપીના ઘરની તોડફોડ કરી કાર સળગાવી નાખી હતી. પરિસ્થિતિને કાબૂમાં રાખવા પોલીસ બંદોબસ્ત સાથે એસઆરપીએફ ગોઠવી દેવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના બુધવારની સવારે દિંડોરી તાલુકાના નનાશી ગામમાં બની હતી. આ પ્રકરણે પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી હતી, જ્યારે પુત્રની ઉંમરની ખાતરી કરવામાં આવી રહી હોવાથી તેને તાબામાં લેવાયો હતો. આરોપી સુરેશ બોકે (૪૦) અને તેના પુત્રએ કુહાડી અને દાતરડાથી પડોશી ગુલાબ રામચંદ્ર વાઘમારે (૩૫)ની હત્યા કરી હતી. હત્યા બાદ વાઘમારેનું માથું કાપી નાખવામાં આવ્યું હતું. પછી કુહાડી અને દાતરડા સાથે વાઘમારેનું માથું લઈ પિતા-પુત્ર નનાશી આઉટપોસ્ટ પોલીસ ચોકી પહોંચ્યા (જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્રના દરેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને અપાશે યુનિક આઈડી

### રાજ્યમાં હવે ઈ-કેબિનેટઃ તમામ કોર્પોરેશનને એક જ પ્લેટફોર્મ પર લાવવાનો પણ પ્રધાનમંડળનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય કેબિનેટની ગુરુવારની બેઠકમાં મંત્રાલયની સુરક્ષામાં વધારો કરવો, સરકારી કામમાં પારદર્શિતા લાવવી, કર્મચારીઓના પગાર સહિતના વિવિધ મુદ્દાઓ પર મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમ આધાર એ નાગરિકોનું યુનિક આઈડી છે તેમ દરેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે યુનિક આઈડી બનાવવાનો નિર્ણય દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય કેબિનેટની બેઠકમાં લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને અન્ય પ્રધાનો હાજર રહ્યા હતા.

મંત્રાલયમાં એફઆરએસ ટેક્નોલોજી લગાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. મુલાકાતીઓ અને અન્ય લોકોને છટ્ટા માળે પ્રવેશવા (જુઓ પાનું ૪) ▶▶

## કર્મચારીઓને પગાર બોમ્બે બેન્કમાંથી અપાશે

### પ્રવીણ દરેકર જેની સાથે જોડાયેલા છે એ બૅન્કને કારભાર સોંપવાની વિપક્ષે ટીકા કરી

મહાગઠબંધન સરકારના કેબિનેટ વિસ્તરણ પછી ગુરુવારે રાજ્ય કેબિનેટની પ્રથમ બેઠક મંત્રાલયમાં મળી હતી. આ બેઠકમાં ઘણા મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ નિર્ણયોમાં સૌથી મહત્ત્વનો નિર્ણય એ છે કે રાજ્ય સરકારના કર્મચારીઓના પગાર ખાતા હવે મુંબઈ બેંકમાં ખોલવામાં આવશે. ભાજપના ધારાસભ્ય અને દેવેન્દ્ર ફડણવીસના નજીકના સહયોગી પ્રવીણ દરેકર મુંબઈ બેંકના ચેરમેન છે. ઉપરાંત, રાજ્ય સરકારના અધિકારક્ષેત્ર (જુઓ પાનું ૪) ▶▶

# પરેલમાં સ્કૂટર સ્લીપ થતાં ટેમ્પો નીચે કચડાઈને બે વર્ષની બાળકીનું મૃત્યુ

મુંબઈઃ પરેલમાં સ્કૂટર સ્લીપ થતાં રસ્તા પર પટકાયેલી બે વર્ષની બાળકી પર ટેમ્પો ફરી વળતાં તેનું મૃત્યુ થયું હતું, જ્યારે તેનાં માતા-પિતાને ગંભીર ઇજા પહોંચી હતી. ઘાટકોપર વિસ્તારમાં રહેતો મનોજ શાંતારામ પવાર (૩૨) બુધવારે નવા વર્ષની રજા હોવાથી પત્ની વિદ્યા અને બે વર્ષની પુત્રી શ્રવી સાથે ભાયખલામાં જિજામાતા ઉદ્યાન જવા માટે સ્કૂટર પર નીકળ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. તેઓ સ્કૂટર પર પરેલના ડો. આંબેડકર રોડ પરથી જઇ રહ્યા હતા, જ્યાં રસ્તાનું સમારકામ ચાલી રહ્યું હતું, ત્યારે અચાનક સ્કૂટર સ્લીપ થતાં ત્રણેય જણ રસ્તા પર પટકાયા હતા અને પાછળથી આવી રહેલા ટેમ્પોએ ત્રણેયને અડફેટમાં લીધાં હતાં.

આ અકસ્માતમાં ત્રણેયને ગંભીર ઇજા પહોંચી હતી અને તેમને સારવાર માટે તાત્કાલિક પાલિકા સંચાલિત કેઇએમ હોસ્પિટલમાં લઇ જવાયાં હતાં, જ્યાં શ્રવીને મૃત જાહેર કરાઇ હતી. મનોજ પવાર અને તેની પત્નીની હાલ સારવાર ચાલી રહી છે. (પીટીઆઇ) ■

# મનુ ભાકર, ગુકેશ સહિત ચાર ખેલાડીઓને ખેલરત્ન, ૩૨ ખેલાડીઓને અર્જુન પુરસ્કાર

નવી દિલ્હીઃ પેરિસ ઓલિમ્પિકમાં બે બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચનાર યુવા મહિલા શૂટર મનુ ભાકર અને સૌથી યુવા વિશ્વ ચેસ ચેમ્પિયન ડી ગુકેશ સહિત ચાર ખેલાડીઓને દેશના સર્વોચ્ચ રમત પુરસ્કાર 'ખેલ રત્ન'થી સન્માનિત કરવામાં આવશે. જ્યારે ૩૨ ખેલાડીઓને અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.

યુવા બાબતો અને રમત મંત્રાલયે ગુરુવારે રાષ્ટ્રીય રમત પુરસ્કાર ૨૦૨૪ની જાહેરાત કરી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૧૧ વાગ્યે રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત વિશેષ સમારોહમાં વિજેતાઓને સન્માનિત કરશે. મનુ અને ગુકેશ ઉપરાંત ભારતીય પુરુષ હોકી ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહ અને









ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતનાર પેરા એથ્લેટ પ્રવીણ કુમારને ખેલ રત્ન આપવામાં આવશે.

મનુએ ઓલિમ્પિક ૨૦૨૪ ની વ્યક્તિગત સ્પર્ધામાં ભારતનો ધ્વજ લહેરાવ્યો એટલું જ નહીં પરંતુ ૧૦ મીટર એર પિસ્તોલ મિશ્રિત ટીમ ઈવેન્ટમાં સરબજોત સિંહ સાથે મળીને બ્રોન્ઝ મેડલ પણ જીત્યો હતો. પેરિસ ઓલિમ્પિકમાં આ બેવડી સફળતા તેને સફળતાની નવી ઊંચાઈઓ પર લઈ ગઈ હતી. વર્લ્ડ ચેસ ચેમ્પિયન ડી ગુકેશને પણ 'ખેલ રત્ન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવશે. ગુકેશે ગયા મહિને ૧૨મી ડિસેમ્બરના રોજ ચેસમાં સૌથી યુવા વર્લ્ડ ચેમ્પિયન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. સિંગાપોરમાં યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગુકેશે ચીનના ડિંગ લિરેનને હરાવીને આ ટાઇટલ જીત્યું હતું. તે માત્ર ૧૮ વર્ષની ઉંમરે વર્લ્ડ ચેમ્પિયન બન્યો હતો. આની જાહેરાત કરતા રમતગમત મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે સમિતિની ભલામણો અને સરકારની તપાસના આધારે ખેલાડીઓ, કોચ અને યુનિવર્સિટીઓને એવોર્ડ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પેરિસ ઓલિમ્પિકમાં જ પુરુષ હોકીમાં હરમનપ્રીત સિંહની કેપ્ટનશિપમાં ભારતે સતત બીજા ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ૧૮ વર્ષીય ગુકેશ સૌથી યુવા વિશ્વ ચેમ્પિયન બન્યો હતો અને ગયા વર્ષે ચેસ ઓલિમ્પિયાડમાં ભારતીય ટીમને ઐતિહાસિક ગોલ્ડ મેડલ અપાવવામાં પણ તેણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પેરા હાઈ જમ્પર પ્રવીણે પેરિસ પેરાલિમ્પિક્સમાં ટી-૬૪ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ એવા ખેલાડીઓની કેટેગરી છે જેમના ઘૂંટણની નીચે એક અથવા બંને પગ હોતા નથી અને તેઓ દોડવા માટે કૃત્રિમ પગ પર નિર્ભર હોય છે.

ખેલ રત્ન ઉપરાંત ૩૨ ખેલાડીઓને ૨૦૨૪માં રમતગમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. તેમની સાથે એથ્લીટ સુચા સિંહ અને પેરા સ્વિમર મુરલીકાંત રાજારામ પેટકરને અર્જુન એવોર્ડ લાઈફ ટાઈમ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. સારું કોચિંગ આપવા માટે પાંચ લોકોને દ્રોણાચાર્ય એવોર્ડ મળશે, જેમાં બેડમિન્ટન કોચ એસ મુરલીધરન અને ફૂટબોલ કોચ અરમાન્ડો એગ્નેલો કોલાસોને લાઇફટાઇમ વર્ગમાં સામેલ કરવામાં આવ્યા છે. ફિઝિકલ એજ્યુકેશન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાને નેશનલ સ્પોર્ટ્સ પ્રમોશન એવોર્ડ મળશે. જ્યારે ચંડીગઢ યુનિવર્સિટીને ઓવરઓલ યુનિવર્સિટીના વિજેતા તરીકે મૌલાના અબુલ કલામ આઝાદ ટ્રોફી પ્રાપ્ત થશે. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી ફર્સ્ટ રનર અપ અને અમૃતસર ગુરુ નાનક દેવ યુનિવર્સિટી સેકન્ડ રનર અપ રહી હતી.

## અર્જુન એવોર્ડ વિજેતા ખેલાડીઓની યાદી

જ્યોતિ યારાજી - એથ્લેટિક્સ
અન્નુ રાની - એથ્લેટિક્સ
નીતુ - બોક્સિંગ
સ્વીટી બોક્સિંગ
વંતિકા અગ્રવાલ - ચેસ
સલીમા ટેટે - હોકી
અભિષેક - હોકી
સંજય - હોકી
જર્મનપ્રીત સિંહ - હોકી
સુખજીત સિંહ - હોકી
રાકેશ કુમાર - પેરા-તિરંદાજી
પ્રીતિ પાલ - પેરા-એથ્લેટિક્સ
સચિન સર્જેરાવ ખિલારી - પેરા એથ્લેટિક્સ
ધર્મબીર - પેરા એથ્લેટિક્સ
પ્રણવ સૂર્મા પેરા એથ્લેટિક્સ
એચ હોકાતો સેમા પેરા એથ્લેટિક્સ
સિમરન - પેરા એથ્લેટિક્સ
નવદીપ - પેરા એથ્લેટિક્સ
થુલાસિમાતી મુરુગેસન - પેરા બેડમિન્ટન
નિત્ય શ્રી સુમાથી સિવાન - પેરા બેડમિન્ટન
મનીષા રામદાસ - પેરા બેડમિન્ટન
કપિલ પરમાર - પેરા જુડો
મોના અગ્રવાલ - પેરા શૂટિંગ
રૂબીના ફ્રાન્સિસ - પેરા શૂટિંગ
સ્વપ્નિલ સુરેશ કુસાલે - શૂટિંગ
સરબજોત સિંહ - શૂટિંગ
અભય સિંહ - સ્ક્વોશ
સાજન પ્રકાશ - સ્વિમિંગ
અમન સહવારત - કુસ્તી

### અર્જુન એવોર્ડ (લાઇફટાઇમ)

સુચા સિંહ - એથ્લેટિક્સ
મુરલીકાંત રાજારામ પેટકર પેરા સ્વિમિંગ

### દ્રોણાચાર્ય પુરસ્કાર (નિયમિત વર્ગ)

સુભાષ રાણા - પેરા શૂટિંગ
દીપાલી દેશપાંડે - શૂટિંગ
સંદીપ સાંગવાન હોકી

### દ્રોણાચાર્ય પુરસ્કાર (લાઇફટાઇમ વર્ગ)

એસ મુરલીધરન - બેડમિન્ટન
અરમાન્ડો એગનેલો કોલાસો ફૂટબોલ

### રાષ્ટ્રીય રમત પ્રમોશન એવોર્ડ

ફિઝિકલ એજ્યુકેશન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા (પેફી)
મૌલાના અબુલ કલામ આઝાદ (એમએકેએ) ટ્રોફી

### ચંદીગઢ યુનિવર્સિટી ઓવરઓલ વિનર

લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી - પ્રથમ રનર અપ
અમૃતસર ગુરુ નાનક દેવ યુનિવર્સિટી સેકન્ડ રનર અપ

# રોહિતે છેલ્લા છ મહિનામાં બે ગોલ્ડન પિરિયડ માણ્યા, પણ બેટિંગ અને કેપ્ટન્સીમાં જોરદાર પતન જોયું

## રોહિતની કરીઅરના આંકડા આકર્ષક અને રોમાંચક છે

સિડનીઃ ભારતના એક સમયના સર્વોત્તમ બેટર રોહિત શર્માની કેપ્ટન્સી તેમ જ ટેસ્ટ ટીમમાં તેનું સ્થાન હાલકડોલક રહ્યું એ માહોલમાં ખાસ કરીને છેલ્લા છ મહિનાની વાત કરીએ તો તેની કરીઅરમાં જબરદસ્ત અપ અને ડાઉન જોવા મળ્યા છે.

જૂન ૨૦૨૪ના અંતમાં રોહિતના ઉત્કૃષ્ટ સુકાનમાં અને રાહુલ દ્રવિડના શાનદાર કોચિંગમાં ભારતે ટી-૨૦નો વર્લ્ડ કપ જીતી લીધો હતો, ટી-૨૦ ઇન્ટરનેશનલમાંથી તેણે ત્યારે તરત જ નિવૃત્તિ લઈ લીધી હોવાથી જુલાઈમાં પરિવાર સાથે તેણે ગોલ્ડન પિરિયડ માણ્યો હતો. જોકે પછીથી બેટર તરીકે મેદાન પર તેની પડતી શરૂ થઈ હતી જે હજી સુધી ચાલી રહી છે.

સપ્ટેમ્બરમાં બાંગ્લાદેશ સામે, ઓક્ટોબર-નવેમ્બરમાં ન્યૂ ઝીલેન્ડ સામે અને હવે ઓસ્ટ્રેલિયા સામે બેટિંગમાં તે તદ્દન ફ્લોપ રહ્યો છે.

નવેમ્બરના અંતમાં રોહિતનો ફરી ટૂંકો સુવર્ણ કાળ શરૂ થયો હતો. તે પેટરનિટી લીવ પર ઊતરી ગયો હતો, પત્ની રિતિકાએ



બીજા બાળકને (પુત્રને) જન્મ આપ્યો હતો અને રોહિતે ઘરમાં હાથમાં નવજાત પુત્રને લઈને ટીવી પર ઑસ્ટ્રેલિયા સામેની પર્થ ખાતેની પ્રથમ ટેસ્ટની શરૂઆતની રમત નિહાળી હતી. રોહિતની ગેરહાજરીમાં જસપ્રીત બુમરાહના સુકાનમાં ભારતે એ ટેસ્ટ જીતીને સિરીઝના શ્રીગણેશ કર્યાં હતા.

રોહિતે એ ટેસ્ટના આરંભના ત્રીજા દિવસની રમતનો સ્કોર ઑસ્ટ્રેલિયા આવતી વખતે પ્લેનમાં વાઈ-ફાઈની મદદથી મેળવ્યો હતો. જોકે ઑસ્ટ્રેલિયા આવ્યા બાદ રોહિતની બાકી રહેલી કારકિર્દીનું પતન શરૂ થઈ ગયું જે હાલ સુધી ચાલ્યું.

રોહિત ઑસ્ટ્રેલિયા ખાતેના આ પ્રવાસ બાદ ટેસ્ટમાંથી રિટાયરમેન્ટ લઈ લેશે એવા અહેવાલો વચ્ચે એવી હાલત જોવા મળી કે શુક્રવાર, ત્રીજી મેએ સિડનીમાં શરૂ થનારી શ્રેણીની અંતિમ ટેસ્ટ (સવારે ૫.૦૦ વાગ્યાથી લાઈવ)માં તે રમતો જોવા મળશે કે કેમ એ બાબતમાં ગુરુવારે શંકા સેવાતી હતી.

રોહિત એડિલેઇડ, બ્રિસબેન અને મેલબર્નની ટેસ્ટમાં સદંતર ફ્લોપ રહ્યો હતો.

રોહિતનું ક્યારેક શોટ સિલેક્શન ખરાબ હતું તો ક્યારેક તેના ફૂટવર્ક ઠીક નહોતા તો ક્યારેક હરીફ બોલરે તેના નિરાશાજનક ચહેરાના હાવભાવનો ફાયદો ઉઠાવ્યો હતો.

દરેક ખેલાડીની કારકિર્દીમાં ખરાબ તબક્કો આવે જ, પણ એપ્રિલમાં ૩૮ વર્ષના થનારા રોહિતની ૧૨ વર્ષની ટેસ્ટ કરીઅરનો અંત નજીક છે એ કોઈ જ ન નકારી શકે.

એકંદરે, ટેસ્ટના ઓપનિંગમાં લાંબા સમય માટે રોહિતનું સ્થાન લેવા કેએલ રાહુલ અને કેપ્ટન્સી સંભાળવા જસપ્રીત બુમરાહ તૈયાર છે.

### રોહિતની આંકડાબાજી પર એક નજર...

(૧) રોહિતે ૬૭ ટેસ્ટના ૧૧૬ દાવમાં ૧૨ સેન્ચુરી, ૧૮ હાફ સેન્ચુરીની મદદથી ૪,૩૦૧ રન બનાવ્યા છે. ૨૧૨ રન તેનો હાઈએસ્ટ સ્કોર છે અને ૪૦.૫૭ તેની સાધારણ બેટિંગ-એવરેજ છે.

(૨) રોહિત વન-ડેનો મહારથી છે. ૨૬૪ રન તેનો વર્લ્ડ રેકોર્ડ છે અને વન-ડેમાં ત્રણ ડબલ સેન્ચુરી (૨૬૪, ૨૦૯, ૨૦૮*) પણ તેનો વિશ્વ વિક્રમ છે. વન-ડે કરીઅરમાં તેના નામે ૨૬૫ મેચમાં કુલ ૧૦,૮૬૬ રન છે.

(૩) રોહિતે ૧૫૯ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં પાંચ સેન્ચુરી અને ૩૨ હાફ સેન્ચુરીની મદદથી ૧૪૦.૮૯ના સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૪,૨૩૧ રન બનાવ્યા હતા.

(૪) રોહિત છેલ્લી ૧૫માંથી માત્ર બે ટેસ્ટ ઇનિંગ્સમાં ૪૦ બોલ રમી શક્યો છેઃ સોમવારે મેલબર્નમાં બીજા દાવમાં ૪૦ કે વધુ બોલમાં નવ રન અને ઑક્ટોબરમાં બેંગ્લૂરુમાં ન્યૂ ઝીલેન્ડ સામે બીજા દાવમાં ૬૩ બોલમાં બાવન રન.

(૫) છેલ્લી ૧૫ ટેસ્ટ ઇનિંગ્સમાં રોહિતની ફક્ત એક હાફ સેન્ચુરી છે, એક ઝીરો છે અને નવ વખત તેના સિંગલ ડિજિટમાં રન છે.

(૬) ઑસ્ટ્રેલિયા ખાતેના વર્તમાન પ્રવાસમાં રોહિત ત્રણ ટેસ્ટના જે પાંચ દાવ રમ્યો એમાં તેના સ્કોર્સ આ મુજબ રહ્યાઃ ૩, ૬, ૧૦, ૩, ૯.

# ખરાબ ફૉર્મના કારણે સિડની ટેસ્ટમાંથી રોહિત શર્માને પ્લેઇંગ ઈલેવનમાંથી કરાશે બહાર

સિડનીઃ ઑસ્ટ્રેલિયામાં રમાઈ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રૉફીની અંતિમ ટેસ્ટ મૅચ શુક્રવારથી સિડનીમાં શરૂ થશે. આ ટેસ્ટ મૅચમાં ભારતીય કૅપ્ટન રોહિત શર્માને પ્લેઇંગ ઇલેવનમાંથી પડતો મૂકવામાં આવે તેવી શક્યતા છે. આ માટે રોહિત શર્માનું ખરાબ ફૉર્મ જવાબદાર છે. મેલબોર્નની જેમ અહીં પણ રોહિત શર્મા પ્રૅક્ટિસ કરવા માટે નેટ્સ પર છેલ્લે આવ્યો હતો. અગાઉ પત્રકાર પરિષદમાં ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે એ પુષ્ટિ કરવાનો ઇનકાર કર્યો હતો કે શું રોહિત શુક્રવારે સવારે ટોસ માટે આવશે કે નહીં.

જ્યારે રોહિતના સિડની ટેસ્ટમાં રમવા અંગે પૂછવામાં આવ્યું તો ગંભીરે એટલું જ કહ્યું, 'પીચ જોઈને પ્લેઈંગ ઈલેવન વિશે નિર્ણય લઈશું.' જો આમ થશે તો ખરાબ ફૉર્મના કારણે ટીમમાંથી બહાર થનારો રોહિત પ્રથમ કૅપ્ટન હશે. તે પાંચ ઇનિંગ્સમાં માત્ર ૩૧ રન જ કરી શક્યો છે.

ગંભીરે સ્પષ્ટ કહ્યું છે કે કોઈ પણ ખેલાડી માત્ર પ્રદર્શનના આધારે જ ભારતીય ડ્રેસિંગ રૂમમાં રહી શકે છે. એવી પણ ચર્ચા છે કે જો રોહિત શર્મા શુક્રવારે ટોસ માટે નહીં આવે તો એવું માનવામાં આવે છે કે મેલબોર્નમાં રમાયેલી ટેસ્ટ મૅચ તેના કરિયરની અંતિમ ટેસ્ટ હશે. ગંભીરે સંકેત આપ્યો હતો કે ભારતીય ટીમ ત્રીજા નંબરે શુભમન ગિલને મેદાનમાં ઉતારી શકે છે.

ગંભીરે મૅચ પહેલાંની પ્રેસ કૉન્ફરન્સમાં કહ્યું હતું કે, ભારતીય ક્રિકેટમાં પરિવર્તનનો આ સમયગાળો સુરક્ષિત હાથમાં છે જ્યાં સુધી ડ્રેસિંગ રૂમમાં ઈમાનદાર લોકો છે. ડ્રેસિંગ રૂમમાં રહેવાનો એકમાત્ર માપદંડ પરફૉર્મન્સ છે.

ભારતીય ટીમનું પ્રદર્શન બિલકુલ અસરકારક રહ્યું નથી અને કૅપ્ટન અને બૅટ્સમેન તરીકે રોહિત માટે આ સૌથી ખરાબ તબક્કો છે. રોહિત શર્મા ઑસ્ટ્રેલિયા સામેની સીરિઝ બાદ નિવૃત્તિ જાહેર નહીં કરે તોપણ તેના માટે ટેસ્ટ ટીમમાં સ્થાન મેળવવું મુશ્કેલ રહેશે. રોહિતના ખરાબ ફૉર્મને કારણે કૅપ્ટન તરીકે તેનું કદ ઘટ્યું છે. એવી અટકળો છે કે સિડની ટેસ્ટમાં પંતની જગ્યાએ ધ્રુવ જુરેલને તક મળી શકે છે.'

# આજે અંતિમ ટેસ્ટ મેચ, શુભમન ગિલ અને પ્રસિદ્ધ કૃષ્ણાને મળશે તક

સિડનીઃ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની છેલ્લી ટેસ્ટ મેચ સિડનીમાં આજથી શરૂ થશે. આ મેચ શ્રેણીનું પરિણામ નક્કી કરશે. આવી સ્થિતિમાં બંને ટીમો પર મેચ જીતવાનું દબાણ છે. ઓસ્ટ્રેલિયાએ આ મેચ માટે પોતાની પ્લેઈંગ ઈલેવનની જાહેરાત કરી દીધી છે. સાથે જ ભારતીય ટીમમાં ફેરફાર પણ નિશ્ચિત માનવામાં આવે છે. રોહિત શર્માએ પોતે સિડની ટેસ્ટ નહીં રમવાનો નિર્ણય લીધો છે. ટીમમાં તેના સ્થાને શુભમન ગિલને તક મળી શકે છે. ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે ગુરુવારે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે ટીમનો ઝડપી બોલર આકાશદીપ ઈજાગ્રસ્ત છે. આ જ કારણ છે કે તે સિડની ટેસ્ટ નહીં રમે. તેના સ્થાને ફાસ્ટ બોલર હર્ષિત રાણા અથવા પ્રસિદ્ધ કૃષ્ણાને તક મળી શકે છે.

ગૌતમ ગંભીરે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે પ્લેઈંગ ઈલેવન પિચ અનુસાર નક્કી કરવામાં આવશે. આ યોગ્ય બાબત હતી. ઓસ્ટ્રેલિયાએ તેની પ્લેઈંગ ઈલેવનમાં એક ફેરફાર કર્યો છે. તેણે ઓલરાઉન્ડર મિશેલ માર્શની જગ્યાએ ૩૧ વર્ષીય બ્યૂ વેબસ્ટરને ટીમમાં સામેલ કર્યો છે. આ શ્રેણીમાં ઓસ્ટ્રેલિયા માટે ડેબ્યૂ કરનાર વેબસ્ટર ત્રીજો ખેલાડી છે. તેની પહેલાં નાથન મેકસ્વીનીએ પર્થ ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતું અને સેમ કોન્સ્ટાસે મેલબોર્નમાં ડેબ્યૂ કર્યું હતું.

આ મેદાન પર ભારતીય ટીમનો રેકોર્ડ ઘણો ખરાબ રહ્યો છે. તેણે આ મેદાન પર અત્યાર સુધી માત્ર એક જ ટેસ્ટ મેચ જીતી છે અને તે પણ ૪૭ વર્ષ પહેલાં.

ભારતીય ટીમે સિડનીના મેદાન પર અત્યાર સુધીમાં કુલ ૧૩ ટેસ્ટ રમી છે. તેમાંથી માત્ર ૧ જીતી છે, જ્યારે ૫ મેચમાં હાર મળી છે. એટલે કે ૭ ટેસ્ટ મેચ ડ્રોમાં સમાપ્ત થઈ છે. ટીમ ઈન્ડિયાએ જાન્યુઆરી ૧૯૭૮માં સિડનીમાં એકમાત્ર ટેસ્ટ મેચ જીતી હતી. ત્યારે બિશન સિંહ બેદીની કેપ્ટનશિપમાં ભારતીય ટીમે કાંગારૂઓને એક ઇનિંગ્સ અને બે રને હરાવ્યું હતું.

# ખેલરત્ન એવોર્ડ જીતનાર ખેલાડીઓને મળશે બમ્પર પ્રાઈઝ મની

રમત મંત્રાલયે ૨૦૨૫ના મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કારની જાહેરાત કરી છે. આ વખતે ખેલ જગતમાં ઈતિહાસ સર્જનાર ૪ ખેલાડીઓને દેશના સર્વોચ્ચ ખેલ પુરસ્કાર ખેલ રત્નથી નવાજવામાં આવ્યા છે. મનુ ભાકર, ડી ગુકેશ, પ્રવીણ કુમાર અને હરમનપ્રીત સિંહને ખેલ રત્ન એવોર્ડ મળ્યો છે. જાણો તેમને કેટલી ઈનામી રકમ મળશે.

ખેલ રત્ન એવોર્ડ મેળવનાર ખેલાડીઓને ૨૫ લાખ રૂપિયાની રોકડ રકમ આપવામાં આવે છે. આ ઉપરાંત તેમને મેડલ અને પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે. ૨૦૨૦ સુધી ખેલ રત્ન મેળવનાર ખેલાડીને માત્ર ૭.૫ લાખ રૂપિયાની ઈનામી રકમ મળતી હતી, પરંતુ મોદી સરકારે તેને વધારીને ૨૫ લાખ રૂપિયા કરી દીધી છે. પેરિસ ઓલિમ્પિકમાં બે મેડલ જીતીને ઈતિહાસ સર્જનાર મનુ ભાકરને અગાઉ ખેલ રત્ન એવોર્ડ માટે નામાંકિત કરવામાં આવ્યાં નહોતાં. જો કે આને લઈને ઘણો વિવાદ થયો હતો. ત્યારબાદ ખેલ મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે પ્રિન્ટિંગમાં ભૂલ થઈ હતી. હવે મનુ ભાકરને આ એવોર્ડ મળ્યો છે. તેની સાથે પેરિસ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતનાર હોકી ટીમનું નેતૃત્વ કરનાર હરમનપ્રીત સિંહને પણ ખેલ રત્ન મળ્યો છે. હાલમાં જ ચેસમાં ઈતિહાસ સર્જનાર ડી ગુકેશને પણ આ એવોર્ડ મળ્યો છે. આ ઉપરાંત પ્રવીણ કુમારને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ રાષ્ટ્રપતિ ભવન ખાતે આ ખેલાડીઓનો સન્માન સમારોહ આયોજિત કરવામાં આવ્યો છે.

### ખેલરત્ન મેળવનાર ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું

મનુ ભાકરે પેરિસ ઓલિમ્પિકમાં શૂટિંગમાં ૨ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. તે એક જ ઓલિમ્પિકની સિંગલ્સ સ્પર્ધાઓમાં બે અલગ-અલગ મેડલ જીતનારી પ્રથમ ભારતીય એથ્લેટ બની હતી. આ જ રમતોમાં હરમનપ્રીત સિંહે તેની કેપ્ટનશિપ હેઠળ ભારતીય હોકી ટીમ માટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ઓલિમ્પિકમાં ભારતે સતત બીજી વખત બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. જ્યારે ડી ગુકેશ થોડા અઠવાડિયા પહેલા જ ચેસના ઈતિહાસમાં સૌથી યુવા વર્લ્ડ ચેમ્પિયન બન્યો હતો. તેણે માત્ર ૧૮ વર્ષની ઉંમરમાં વર્લ્ડ ચેમ્પિયનનો ખિતાબ હાંસલ કર્યો હતો. પ્રવીણ કુમારે પેરાલિમ્પિક્સની ટી૬૪ શ્રેણીની હાઈ-જમ્પ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તમને જણાવી દઈએ કે રમત મંત્રાલયે કુલ ૩૨ ખેલાડીઓની યાદી જાહેર કરી છે જેમને અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. જેમાં ૧૭ પેરા એથ્લેટ્સ છે.

# રોહિત ટેસ્ટમાંથી નિવૃત્તિ લઈ લેશે તો મને આશ્ચર્ય થશે નહીંઃ શાસ્ત્રી

સિડનીઃ ભારતના ભૂતપૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીનું માનવું છે કે ટીકાનો સામનો કરી રહેલો કૅપ્ટન રોહિત શર્મા નજીકના ભવિષ્યમાં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરે તો તેમને આશ્ચર્ય થશે નહીં. તેમનું કહેવું છે કે શુભમન ગિલ જેવા પ્રતિભાશાળી અને ફૉર્મમાં રહેલા યુવા ખેલાડીઓ ટીમમાં સ્થાન મેળવવા માટે સખત પ્રયાસ કરી રહ્યા છે.

રોહિત તેના બીજા બાળકના જન્મને કારણે બોર્ડર ગાવસ્કર ટ્રૉફી માટે પાંચ મૅચોની શ્રેણીની શરૂઆતની ટેસ્ટમાં રમી શક્યો ન હતો, પરંતુ તે પછી પાંચ ઇનિંગ્સમાં તેનો સર્વોચ્ચ સ્કોર ૧૦ રન રહ્યો છે.

મુખ્ય કોચ ગૌતમ ગંભીરે મૅચની પૂર્વસંધ્યાએ યોજાયેલી પ્રેસ કૉન્ફરન્સમાં રોહિત શર્માના પ્લેઇંગ ઇલેવનમાં સ્થાનને લઈને કોઈ પુષ્ટિ કરી નહોતી. શાસ્ત્રીએ 'આઈસીસી રિવ્યૂ'માં કહ્યું હતું કે, ''તે પોતાની કારકિર્દી અંગે નિર્ણય લેશે, પરંતુ જો રોહિત શર્મા નિવૃત્ત થાય છે તો મને જરાય આશ્ચર્ય થશે નહીં કારણ કે તેની ઉંમર વધી રહી છે, ઘટી રહી નથી. તેણે કહ્યું, ગિલ જેવા કેટલાક અન્ય યુવા ખેલાડીઓ ટીમમાં સામેલ થવા તૈયાર છે. તે અત્યારે ટીમ સાથે જોડાઈ શકતા નથી. રોહિતની નિવૃત્તિની જાહેરાતથી મને આશ્ચર્ય થશે નહીં, પરંતુ તે તેનો નિર્ણય છે.

# ભારત સામેની પાંચમી ટેસ્ટ માટે ઓસ્ટ્રેલિયાની પ્લેઇંગ ઇલેવનમાં ફેરફાર, બ્યૂ વેબસ્ટર કરશે ડેબ્યૂ

સિડનીઃ ભારત સામે શુક્રવારથી શરૂ થઈ રહેલી પાંચમી અને અંતિમ ટેસ્ટ માટે ઓલરાઉન્ડર મિશેલ માર્શને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો છે જ્યારે તેના સ્થાને ઓલરાઉન્ડર બ્યૂ વેબસ્ટરને પ્લેઇંગ ઇલેવનમાં સામેલ કરવામાં આવ્યો છે. વેબસ્ટર આ ટેસ્ટ સાથે ડેબ્યૂ કરશે. કેપ્ટન પેટ કમિન્સે ગુરુવારે આ માહિતી આપી હતી.

૩૦ વર્ષીય માર્શ ચાર ટેસ્ટની સાત ઇનિંગ્સમાં માત્ર ૭૩ રન જ કરી શક્યો છે. અત્યાર સુધી તેણે માત્ર ૩૩ ઓવર નાખી છે અને ત્રણ વિકેટ ઝડપી છે. કમિન્સે મેચ પહેલાની પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, અમારી ટીમમાં એક ફેરફાર કરાયો છે. મિશેલ માર્શની જગ્યાએ બ્યુ વેબસ્ટરને ટીમમાં સામેલ કરાયો છે. મિશેલ જાણે છે કે તેણે રન કર્યા નથી. ૩૧ વર્ષીય વેબસ્ટરે નવેમ્બરમાં ઇન્ડિયા-એ સામે રમી હતી, તેણે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૧૪૮ વિકેટ ઝડપી છે જ્યારે ૫૨૪૭ રન કર્યા છે.

કમિન્સે સ્ટાર્કની ફિટનેસને લઈને ચાલી રહેલી અટકળો પર પૂર્ણવિરામ મૂકતા કહ્યું હતું કે તે પાંચમી ટેસ્ટ રમશે. તે રમવા માટે ફિટ છે.

# ખેલાડીઓના ખરાબ ફોર્મને લઈને ગૌતમ થયો 'ગંભીર'

સિડની : ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે કહ્યું હતું કે ડ્રેસિંગ રૂમની 'ચર્ચા'ને સાર્વજનિક કરવી જોઇએ નહીં અને તેણે ખેલાડીઓ સાથે 'ઈમાનદારી'થી વાતચીત કરી હતી કારણ કે પ્રદર્શન જ તેમને ટીમમાં જાળવી રાખશે.

ગંભીરે ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહેલા કેપ્ટન રોહિત શર્માને શુક્રવારથી ઓસ્ટ્રેલિયા સામે શરૂ થઈ રહેલી પાંચમી અને અંતિમ ટેસ્ટ માટે પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળશે કે કેમ તે અંગેના સવાલને નજરઅંદાજ કર્યો હતો. ડ્રેસિંગ રૂમમાં તણાવના રિપોર્ટ વચ્ચે ગંભીરે કહ્યું હતું કે તે માત્ર રિપોર્ટ છે, સત્ય નથી. ગંભીરે મેચ પહેલા પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, કોચ અને ખેલાડી વચ્ચેની વાત માત્ર ડ્રેસિંગ રૂમમાં જ રાખવી જોઈએ. તેણે કહ્યું હતું કે, જ્યાં સુધી ડ્રેસિંગ રૂમમાં ઈમાનદાર લોકો છે ત્યાં સુધી ભારતીય ક્રિકેટ સુરક્ષિત હાથમાં છે. માત્ર એક જ વસ્તુ તમને ડ્રેસિંગ રૂમમાં રાખી શકે છે અને તે છે પ્રદર્શન. તેણે કહ્યું હતું કે ''ઇમાનદારીથી વાત કરવામાં આવી હતી અને ઇમાનદારી મહત્ત્વપૂર્ણ છે.''

રોહિતને ટીમમાં સ્થાન મળશે કે નહીં તે અંગે કાંઇ પણ કહેવાનો ગંભીરે ઇનકાર કર્યો હતો. તેમને જ્યારે પૂછવામાં આવ્યું કે મેચ પહેલાની પ્રેસ કોન્ફરન્સમાં કેપ્ટન શા માટે આવ્યા નથી જ્યારે સામાન્ય રીતે માત્ર કેપ્ટન જ આવે છે અને શું તે પ્લેઈંગ ઈલેવનમાં હશે. જેના જવાબમાં ગંભીરે કહ્યું હતું કે, ''રોહિત ઠીક છે.'' મુખ્ય કોચ અહીં છે અને તે પૂરતું હોવું જોઈએ. પિચને જોયા બાદ અંતિમ ઈલેવન અંગે નિર્ણય લઇશું. ગંભીરે એમ પણ કહ્યું કે તેણે સિનિયર બેટ્સમેન વિરાટ કોહલી અને કેપ્ટન રોહિત શર્મા સાથે ટેસ્ટ મેચ જીતવાની રણનીતિ સિવાય કોઈ વાત કરી નથી. તેણે કહ્યું હતું કે, દરેક ખેલાડી જાણે છે કે તેને ક્યાં સુધારો કરવાની જરૂર છે. અમે તેને માત્ર એટલું જ કહ્યું છે કે ટેસ્ટ મેચ કેવી રીતે જીતવી. ગંભીરે એ વાતની પણ પુષ્ટિ કરી હતી કે ઝડપી બોલર આકાશ દીપ ઇજાના કારણે છેલ્લી ટેસ્ટમાં ભાગ લેશે નહીં.

# ભારત સામેની અંતિમ ટેસ્ટ મેચ માટે તેમની ટીમની ઊર્જામાં કોઇ ઘટાડો થશે નહીંઃ કમિન્સ


સિડનીઃ આજથી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચ શુક્રવારથી સિડની ખાતે શરૂ થશે. ઓસ્ટ્રેલિયન કેપ્ટન પેટ કમિન્સે કહ્યું કે તેમની ટીમ સિરીઝમાં ૨-૧થી આગળ હોવા છતાં ભારત સામેની અંતિમ ટેસ્ટમાં તેમની ટીમની ઊર્જામાં કોઈ ઘટાડો થશે નહીં. ઓસ્ટ્રેલિયાએ બોક્સિંગ ડે ટેસ્ટ ૧૮૪ રને જીતી હતી. કમિન્સે કહ્યું, સિરીઝમાં આગળ રહેવું સારું છે. તમે દરેક ટેસ્ટ મેચ જીતવાના ઈરાદા સાથે રમો છો અને અહીં પણ તે અલગ નથી. હું છેલ્લી ત્રણ ટેસ્ટમાં ટીમના પ્રદર્શનથી ઘણો ખુશ છું. અમે બતાવ્યું કે અમે જીતના પ્રબળ દાવેદાર છીએ અને આ અઠવાડિયે પણ અમારું લક્ષ્ય જીતવાનું છે. તેણે સ્વીકાર્યું કે ટીમ સામે કેટલીક સમસ્યાઓ છે. તેણે કહ્યું, એમાં કોઈ શંકા નથી કે કેટલાક પ્રસંગોએ અમે વધુ રન કરવા માગતા હતા. મેલબોર્નમાં છેલ્લી ટેસ્ટમાં અમારે ૪૦૦-૫૦૦ રનની લીડ લેવી જોઇતી હતી. અમે આવી સારી સ્થિતિમાં હતા પરંતુ આ ટેસ્ટ ક્રિકેટ છે. કમિન્સે કહ્યું કે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડની પિચ પરંપરાગત પિચથી અલગ છે જે સ્પિનરો અને બેટ્સમેનોને મદદ કરે છે. ઓસ્ટ્રેલિયા માટે કપરો પડકાર બની ગયેલા ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ અંગે તેણે કહ્યું કે, તે ખૂબ જ સારી બોલિંગ કરી રહ્યો છે. તેનો સામનો કરવો મુશ્કેલ છે.

# મેટિની

**કવર સ્ટોરી**
**હેમા શાસ્ત્રી**

# સ્ટુડિયોની કમાણી પ્રોપર્ટીમાં સમાણી




## મબલક કમાણી કરતા ફિલ્મ સ્ટાર્સમાં આજકાલ રિયલ એસ્ટેટમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાનું ચલણ ખાસ્સું વધી રહ્યું છે એનું કારણ શું?

કાર્તિક આર્યન મુંબઈના અંધેરી વિસ્તારમાં એક આલીશાન ફ્લેટ અને ૨૦૦૦ સ્કવેર ફિટની કમર્શિયલ પ્રોપર્ટી ખરીદવાની તૈયારીમાં છે. હજી ગયા વર્ષે જ જુહુના પોશ વિસ્તારમાં ૧૭.૫ કરોડની કિંમતનો એક એવા બે ફ્લેટ ખરીદ્યા હતા. 'ભૂલભૂલૈયા ૩'ની જોરદાર બોક્સઓફિસ સફળતા અને 'ચંદુ ચેમ્પિયન'ની અફલાતૂન અદાકારીને પગલે કાર્તિકની ડિમાન્ડ વધી છે એ સાથે ભાઈએ પોતાની માર્કેટ પ્રાઇસ પણ વધારી દીધી છે. વધી રહેલી કમાણીનું આર્થિક રોકાણ રિયલ એસ્ટેટમાં કરવા તરફનું ચલણ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કલાકારોમાં છેલ્લાં કેટલાક વર્ષોમાં ખાસ્સું વધી રહેલું જોવા મળે છે. મુંબઈ વિશે અત્યંત પ્રચલિત કહેવત છે કે 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી'. ૧૯૭૬માં રિલીઝ થયેલી ગુજરાતી ફિલ્મ 'સંતુ રંગીલી'માં અવિનાશ વ્યાસ લિખિત અને સ્વરબદ્ધ ગીત 'લોકો સૌ કહે છે કે મુંબઈમાં છે બહુ કમાણી, પણ મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી'ને આજકાલ હિન્દી ફિલ્મના ઘણા કલાકારો રિયલ એસ્ટેટમાં રોકાણ કરી જાણે કે કહી રહ્યા છે કે 'સ્ટુડિયોની કમાણી પ્રોપર્ટીમાં સમાણી'.

આ નવો ટ્રેન્ડ વિકસ્યો એ માટે રિયલ એસ્ટેટમાં બિઝનેસ શરૂ કરી છેલ્લા ૧૦ વર્ષથી ફિલ્મ વિતરણ અને નિર્માણના વ્યવસાયમાં ઝંપલાવનાર આનંદ પંડિતનો મોટો ફાળો છે.

અમિતાભ બચ્ચન - અભિષેક બચ્ચન, રણવીર સિંહ - દીપિકા પાદુકોણ, શાહરુખ ખાન - આર્યન ખાન, અજય દેવગન - કાજોલ, અક્ષય કુમાર, શાહિદ કપૂર, સારા અલી ખાન, જહાન્વી કપૂર, શ્રદ્ધા કપૂર , મનોજ બાજપેયી... જગ્યાપતિ બની રહેલા આ ધનપતિની યાદી ધીરે ધીરે લાંબી બની રહી છે. કેટલાક બોલિવૂડ સ્ટાર્સ ફિલ્મ સ્ટાર્સના પ્રિય એવા વાંદરા- ખાર-જૂહુ-વરલી જેવા વિસ્તારમાં લક્ઝરી એપાર્ટમેન્ટ ખરીદી રહ્યા છે. આ ખરીદીનો હેતુ ઈન્વેસ્ટમેન્ટ, ભાડાની આવક, સ્વ વપરાશ કે પછી લાગણીનું બંધન પણ હોઈ શકે છે. ૨૦૨૦થી ૨૦૨૪ દરમિયાન રિયલ એસ્ટેટમાં ફિલ્મ સ્ટાર્સના આર્થિક રોકાણમાં ઉછાળો આવ્યો છે. આની પાછળનું એક કારણ એ કે ફિલ્મી કરિયરનો ભરોસો નહીં, ક્યારે શિખર પરથી તળેટીમાં ગબડી પડાય એ માટે કોઈ ધારણા કે કોઈ અનુમાન કામે નથી લાગતા. ઝાકઝમાળમાં વર્તમાન વિતાવ્યા પછી ભાવિ અંધકારમય બની ન રહે, ભારતભૂષણ જેવી અવસ્થામાં મુકાઈ ન જવું પડે એ માટે ફિલ્મ કલાકારો કમાણીનો એક મહત્ત્વનો હિસ્સો ઈન્વેસ્ટમેન્ટ - રોકાણ તરફ વાળી રહ્યા છે. શેર માર્કેટમાં એ લોકો રોકાણ કરતાં ડરે છે. ક્યારે ક્યા શેર્સ ગબડી પડે એનો ભરોસો નહીં. ગોલ્ડ ડાયમન્ડ્સમાં રોકાણ અમુક હદ સુધી સુરક્ષિત ખરું, પણ જોઈતું વળતર ન મળે એટલે ઉપલબ્ધ વિકલ્પોમાં આજકાલ રિયલ એસ્ટેટનો ચળકાટ એમને વધુ આંજી રહ્યો છે, કારણ કે મુંબઈ જેવાં મહાનગરોમાં પ્રોપર્ટીના ભાવ હંમેશાં વધે છે.


રાજેન્દ્ર કુમાર અને ભારતભૂષણ... ૧૯૬૦ના દાયકામાં આ બંને કલાકારનો ડંકો વાગતો હતો. નિર્માતા મોં માગ્યા પૈસા આપી એમને ફિલ્મોમાં લેવા તલપાપડ હતા. 'કલ કિસને દેખા હૈ' એવું માની બંને જણ ધડાધડ ફિલ્મ સાઈન કરી બૅન્ક બેલેન્સ તગડું બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા હતા. એક્ટિંગની નબળાઈમાં રાજેન્દ્ર કુમાર અને ભારતભૂષણમાં ગજબનું સામ્ય હતું, પણ પૈસાના રોકાણની સમજદારીમાં બંને ઉત્તર - દક્ષિણ હતા. જ્યુબિલી કુમાર કોમર્સ ગ્રેજ્યુએટ હોવાથી ફિલ્મની કમાણીના એક હિસ્સાનું રોકાણ - ઈન્વેસ્ટમેન્ટ નિયમિતપણે કરતા હતા.

બીજી તરફ ભારતભૂષણ છે. દોમ દોમ સાહ્યબીમાં રાચેલા ભારતભાઈએ પૈસાનું રોકાણ કર્યું ખરું, પણ જેમાં પૈસા પૂરેપૂરા ડૂબી જવાની ભરપૂર સંભાવના હોય છે એવા ફિલ્મ નિર્માણમાં કર્યું. અંતિમ દિવસો તો એવા બૂરા હતા કે મોંઘીદાટ ફોરેન કારમાં ફરતા ભારતભૂષણ પાસે સાદી બસની ટિકિટ લેવાના પણ ફાંફા હતા. કુબેરમાંથી કંગાળ થઈ ગયેલા અનેક કિસ્સા ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જોવા મળે.

ફિલ્મની કમાણીના દિવસો પૂરા થયા પછી ફકીરીના દિવસો ન જોવા પડે એ માટે બોલિવૂડના બાદશાહો સાવચેતી - આગમચેતી રાખે છે. કલાકારના એવા ઉદાહરણ છે જેમણે ભૂતકાળમાં મૂડી રોકાણનાં પ્રયાસો કર્યા છે, પણ એમાં ઊંધે માથે પછડાયા છે. એમાં 'સર્વોત્તમ' ઉદાહરણ મહાનાયક અમિતાભ બચ્ચનનું છે. ફિલ્મ નિર્માણ કરવા ઉપરાંત ૧૯૯૬માં મિસ વર્લ્ડ બ્યુટી કોન્ટેસ્ટનું આયોજન અમિતાભ બચ્ચન કોર્પોરેશન લિમિટેડ 'એબીસીએલ' હેઠળ કરવામાં આવ્યું અને એવા કંગાળ દિવસો જોવા પડ્યા કે વાત ના પૂછો. અલબત્ત, એમાંથી બિગ બી સાંગોપાંગ ઉગરી ગયા અને એમની સેકન્ડ ઈનિંગ્સની બોલબાલા આજે સુધ્ધાં રણકે છે ત્યારે બેટા અભિષેક સાથે પિતાશ્રી રિયલ એસ્ટેટમાં ખાસ્સું રોકાણ કરી રહ્યા છે. એમણે આટલા કરોડની પ્રોપર્ટી ખરીદી અને અમુક કરોડની વેચી નાખી આટલો પ્રોફિટ કર્યો જેવા સમાચાર મીડિયામાં વાર તહેવારે ઝળકતા રહે છે. ટૂંકમાં પોતે વેઠવી પડેલી આર્થિક દુર્દશાનો પડછાયો પણ અભિષેક પર ન પડે એની પૂર્ણપણે તકેદારી રાખવામાં આવી રહી છે. અલબત્ત, રિયલ એસ્ટેટમાં રોકાણ કરવાનું કારણ માત્ર આર્થિક બાજુ સધ્ધર કરવાનું નથી, એમાં લાગણીનો તંતુ જોડાયો હોવાના પણ કિસ્સા છે. યાદ કરો 'દીવાર'નો ડાયલોગઃ અમિતાભ બચ્ચન એક બિલ્ડિંગનો સોદો કોઈ શેઠ સાથે કરે છે ત્યારે શેઠ કહે છે કે 'વિજય બાબુ, તમે આ બિલ્ડિંગ ઊંચા ભાવે ખરીદ્યું છે. તમે જો આગ્રહ રાખ્યો હોત તો હું કિંમતમાં એકાદ - બે લાખ રૂપિયા ઓછા પણ કરી આપત. માફ કરજો, પણ તમને સોદો કરતા નથી આવડતું.'

જવાબમાં માર્મિક સ્મિત કરી અમિતાભ કહે છે કે 'અગરવાલ સાહેબ, બિઝનેસ કરતા તો તમને નથી આવડતું. તમે જો આ બિલ્ડિંગના ૧૦ - ૨૦ લાખ રૂપિયા વધારે માગ્યા હોત તો પણ મેં આપી દીધા હોત.' જવાબ સાંભળી આશ્ચર્યચકિત થયેલા શેઠ કારણ પૂછે છે ત્યારે અમિતાભ કહે છે કે 'કેટલાક વર્ષો પહેલા આ બિલ્ડિંગ બંધાઈ રહ્યું હતું ત્યારે મારી માએ અહીં ઇંટો ઉઠાવી હતી!.'

લાગણીને કારણે થયેલા રોકાણમાં પહેલું ઉદાહરણ છે મિસ્ટર 'ખિલાડી' અક્ષય કુમારનું. એક ઈન્ટરવ્યૂમાં અક્ષયએ મુંબઈમાં વિતાવેલા સ્ટ્રગલના દિવસો સંભારી એક ઘર ખરીદવાની વાત કરી હતી. વાંદરા પૂર્વમાં આવેલું આ ઘર કોઈ પ્રાઈમ લોકાલિટીમાં નથી કે નથી આલીશાન અને નથી મોંઘુદાટ. અક્ષય એ ઘર એટલા માટે ખરીદવા માગે છે કે એ સમયે ૫૦૦ રૂપિયા ભાડું ચૂકવી એ એમાં રહેતો હતો. આમ આ જગ્યામાં રોકાણ કરવા પાછળ કોઈ આર્થિક વળતરની અપેક્ષા નથી, પણ ઈમોશનલ વેલ્યુ છે. લાગણીના આવા જ તંતુને કારણે શાહરુખના પુત્ર આર્યન ખાનએ દક્ષિણ દિલ્હીમાં બે માળની પ્રોપર્ટી ૩૭ કરોડ રૂપિયા ચૂકવી ખરીદી છે. આ જ બિલ્ડિંગમાં શાહરુખ ને ગૌરી એક સમયે રહેતા હતા એટલે આર્યને આ જગ્યા ખરીદી છે. દિલની વાત આવે ત્યારે દિમાગનું જોર બહુ નથી ચાલતું અને એટલે સ્ટાર લોકો બજારભાવ કરતાં થોડા વધુ પૈસા આપવા પણ તૈયાર થઈ જાય છે. ■


કાર્તિક

---

**સ્ટાર-યાર-કલાકાર**
**સંજય છેલ**

# બોલિવૂડ વર્સિસ ટોલિવૂડ ને હોલિવૂડ

બોલિવૂડના ખરેખર ખરાબ દિવસો ચાલી રહ્યા છે. વરસો અગાઉ દૂરદર્શનનું આગમન પછી વીડિયો કેસેટ-કેબલ ટીવી-સી.ડી. ડિવિડીની પાયરેસી-નકલ, વગરે અનેક આક્રમણો બોલિવૂડ પર અનેક વાર થયે રાખ્યા છે, પણ આટલી ખરાબ રીતે અપમાન કે અવહેલના ક્યારેય નથી થઇ. આજે સૌએ બોલિવૂડનું ઉઠમણું જ કરવાનું બાકી રાખ્યું છે. 'પુષ્પા ૧-૨'ની સફળતા હોય કે 'બાહુબલી'નો દબદબો હોય કે પછી હોલિવૂડની બેટમેન માર્વેલ જેવી ફ્રેંચાઇઝની સિક્વલો હોય, ભારતીય મીડિયાને સાશિયલ મીડિયા, કાયમ બોલિવૂડને લતાડી લતાડીને જ મજા લે છે. મરાઠી નાટક 'જાન ચાલી લંડન!'માં મહારાષ્ટ્રના નાનકડા ગામનો એક છોકરો, લંડનની અંગ્રેજ ગોરી પ્રેમમાં પડીને પરણવા જાનમાં આખા ગામને લંડન લઈ જાય છે. છોકરાનાં સગાંવહાલાંઓ, જે ક્યારેય પોતાના ગામની બહાર પણ નથી નીકળ્યા એ બધા ડાયરેક્ટ, લંડન ફ્લાઇટ પકડવા ગામડેથી મુંબઈ પહોંચે છે ને ત્યાં એક વિશાળ ઇમારતને જોઇને સૌ હેબતાઇ જાય છે. એક ગામડિયો અચંબા સાથે સતત એટલું જ બોલે રાખે છે, 'હં...શીટી! શીટી રે શીટી!' આ 'શીટી' એટલે કે સિટી શહેર! પેલો જ્યાં ત્યાં બસ, ટેક્સી, ટ્રાફિકને જોઈને બોલ્યાં જ કરે છે, 'ઓહ, શીટી!'. એ ભોળા ગામડિયાઓ પર હસવું કે રડવું? આપણું ય એવું જ છે. બાળગોપાળના મુખમાં બ્રહ્માંડને જોઈને યશોદામાતા જે રીતે હેબતાઈ ગયેલાં એમ હોલિવૂડની ફિલ્મો કેટલી મહાન છે અને આપણે કેવા મૂર્ખ, તુચ્છ, અબૂધ કે ગરીબ છીએ એવા અપરાધભાવથી છેલ્લાં ૧૦૦ વરસથી પીડાઇ રહ્યાં છીએ. હોલિવૂડમાં પણ ૯૫ % ફિલ્મો ફ્લોપ, નબળી જાય છે. પણ હોલિવૂડના માર્કેટિંગ ઉસ્તાદો જાણે છે કે ચકચકિત પોસ્ટર્સ બૂકલેટ્સ અને વેબસાઈટસને ભારત, બાંગ્લાદેશ, પાકિસ્તાન, કોરિયા, તાઈવાન, આફ્રિકાનાં મીડિયાવાળા ચપચપ ચાટી જશે. એક માર્કેટિંગ હાઈપ, એક બજારુ ઉત્સાહ લોકો ઊભો કરી શકે છે. પશ્ચિમાં જે ફિલ્મો વધુ ન ચાલી હોય એ ફિલ્મોને હોલિવૂડવાળાં ભારત, બાંગલાદેશ કે મલેશિયા જેવા ત્રીજા વિશ્વ સુધી પહોંચાડવા ખૂબ ખર્ચે લોબિંગ કરીને એને ઓસ્કાર એવોર્ડ પણ અપાવે છે, જેથી એ નાની નિષ્ફળ ફિલ્મો જગતના નાના ને છાના ખૂણે ચાલે ને કરોડો ડૉલરની કમાણીથી ફિલ્મનો ખર્ચ નીકળે. (ઓફકોર્સ, આમાં હોલીવૂડની મહાન ફિલ્મોની વાત નથી થતી.)




હોલિવૂડ સાથોસાથે હવે તો ટોલિવૂડ એટલે કે તેલુગુ, તેમ જ તમિલ મલયાલમ ફિલ્મોમાંય બધું સારું સારું જ હોય છે ને ત્યાં તો બધી ફિલ્મો હિટ અને અદ્ભુત જ હોય છે એમ અચાનક સૌને લાગવા માંડ્યું છે. જાણે ત્યાં દર વરસે બનેલી બધી જ ફિલ્મો સફળ ના જતી હોય! જાણે દરેક મલયાલમ સિનેમામાં કળારસનું પૂર ના આવતું હોય! જરા વિચારો, અત્યારની હિટ ફિલ્મ, 'પુષ્પા'નો દાઢીવાળો લઘરવઘર વિચિત્ર હીરો, શું હિંદી ફિલ્મોમાં સ્વીકારાત? રજનીકાંત, કમલ હાસન કે મોહનલાલ પણ અહીં ચાલ્યા નથી તો આજનાં સાઉથનાં હીરો શું શાહરુખ સલમાનની જેમ ૨૦ વરસ ચાલશે? વળી હીરોની લાતથી હવામાં ઉડતા ફાઇટરો કે ઉટપટાંગ ડાન્સ કરતી છોકરીઓની ચાલુ સ્ટાઇલ્સ આપણે ત્યાં સાઉથથી આવી છે એ સૌ આસાનીથી ભૂલી જાય છે! વાંક બોલીવૂડનાં હીરો અને નિર્માતાનો છે કે ત્યાંની સફળતાની રેડીમેડ કોપી કરે છે. કોઇને રિસ્ક નથી લેવું, જોયેલી ચાલેલી ફિલ્મની રિ-મેક ફિલ્મ બનાવવી છે, પણ એમાંને એમાં ઓરિજિનલ સાઉથની ફિલ્મો લોકોને ગમવા માંડી. વળી બોલિવૂડવાળાઓએ ઉચ્ચ મધ્યમવર્ગ અને એન.આર.આઇ ઓડિયન્સ માટે એકસરખી પોશ ફિલ્મો બનાવીને, મોંઘા મલ્ટિપ્લેક્સની ટિકિટો દ્વારા આમ જનતાને થિએટરથી દૂર કરી નાખી છે. એ લોકો સાઉથની ડબ મસાલા ફિલ્મો માણવા લાગ્યા છે. માન્યું કે વરસોથી બોલિવૂડમાં સાઉથની ફિલ્મમાંથી રિ-મેક થાય છે. દાયકાઓથી દિલીપકુમાર કે જિતેન્દ્રના સમયથી ચાલે રાખે છે, પણ વરસમાં કેટલી ફિલ્મો સાઉથમાંથી રિ-મેક થાય છે અને એમાંથી કેટલી ચાલે છે? કોઇએ એ વાતનો અભ્યાસ કર્યો છે કે કેટલી હિંદી ફિલ્મોમાંથી સાઉથમાં ફિલ્મો બની છે? કોઇને ખબર છે કે અમિતાભની 'ડોન' કે દિલીપકુમારની 'દેવદાસ' કે રાજેશ ખન્નાની 'અવતાર' જેવી અનેક ફિલ્મો સાઉથમાં ફરીથી બની છે? હિંદીનાં કેટલાં ગીતો સાઉથમાં એમનાં એમ ડબ થયાં છે? એક તરફ વિદેશની સફેદ ચામડીની ગુલામી આપણે ત્યાં એટલી હદ સુધી તન-મનમાં ઘૂસી ગઈ છે કે હોલિવૂડની સી-ગ્રેડની ફિલ્મ કે બ્રોડવેનું રેઢિયાળ નાટક આપણા લેખકો-વિવેચકો માટે 'મહાન' રચના છે.


કમલ હસન


રજનીકાંત


પ્રિયંકા ચોપડા

સાવ કમર્શિયલ બેટમેનસુપરમેન જેવી ફિલ્મ વિશે પણ અંગ્રેજી ફિલ્મમાં વિવેચકો મીડિયામાં વખાણનાં ઢગલે ઢગલાં કરે છે. 'જેમ્સ કેમેરોને પટકથાની ગૂંથણી સુંદર રીતે કરી છે', 'સ્ટીવન સ્પીલબર્ગનો સદાબહાર જાદુ દર્શકોને ઘાયલ કરે છે' કે 'પછી ક્યારે કોઈ ભારતીય નિર્દેશક આવી ફિલ્મ બનાવશે?'- જેવી ફરિયાદોના અનેક સ્ટાન્ડર્ડ લેખ વરસોથી વાંચવા મળે છે. આવું બધું બેફામ લખનારાઓને ખબર નથી કે ભારતના એક નાના રાજ્યનું 'પશુપાલન ખાતા'નું જેટલું વાર્ષિક બજેટ હોય છે એટલાની તો હોલીવૂડમાં એક મોટી ફિલ્મ બને છે! વળી હોલિવૂડની ફિલ્મો આખી દુનિયાની માર્કેટમાં ચાલે છે. હિંદી ફિલ્મો માત્ર ઉત્તર ભારત અને વિદેશનાં અમુક થિયેટર સુધી જ પહોંચે છે. એ જ રીતે આપણે સાઉથની ડબ ફિલ્મો સ્વીકારીએ છીએ પણ ત્યાંના લોકો હિંદી ભાષાની ફિલ્મો હજુ ભાગ્યે જ અપનાવે છે. દૂરના ઢોલ સોહામણા લાગે એમ ત્યાંની પોલ આપણાં સુધી પહોંચતી નથી! ત્રણેક વરસ પહેલાં 'પેરેસાઇટ' જેવી સાવ નાનકડા દેશની કોરિઅન ફિલ્મ ઓસ્કાર એવોર્ડ જીતી ગઇ ત્યારે વિચાર આવેલો કે બોલિવૂડવાળાં આવું કેમ નથી કરી શકતાં? એ એટલા માટે કે કોરિયન લોકો હોલિવૂડની સાથે સ્પર્ધા નથી કરતાં, પણ એમને જે ગમે એ બનાવે છે, પોતાની ઓળખથી શરમિંદા થઇને અનુકરણ નથી કરતા! અહીં મામલો બોલિવૂડનાં જૂઠા આત્મસન્માનનો નથી, પણ 'પ્રવાહ' સાથે 'વાહવાહ' કરીને વધુ પડતા વખાણમાં વહી જવાની વેવલાઇની વાત છે. આજે ઇંટરનેટ, ઓ.ટીટી.ના જમાનામાંયે કાશ્મીરથી કન્યાકુમારી સુધી અમિતાભ કે સલમાન જ ઓળખાય છે. રજનીકાંતનો જાપાનમાંનો ક્રેઝ બાદ કરી તો આજેય વિશ્વભરમાં શાહરુખ ખાન, રાજ કપૂર કે પ્રિયંકા ચોપરા જ ભારતના કલાકાર તરીકેની ઓળખ છે...! ■

---

# કાંડે ઘડિયાળ બાંધી શકાય, સમય નહીં..!

**સાત્વિકમ્ શિવમ્**

**અરવિંદ વેકરિયા**

આજે સદ્ગત એવા મિત્ર અજિત વાચ્છાનીને પકડવો કઠિન હતું. વચ્ચે ઘણા વખતથી સંપર્ક રહ્યો નહોતો. પછી એ સેલિબ્રિટી બની ગયો હતો એ જાણ થઈ ગયેલી. નાટકમાં એક 'મોટું' નામ લેવાની રાજેન્દ્રએ જીદ કરી ત્યારે એ હિન્દુજા થિયેટરની બાજુમાં રહેતો ત્યાં તપાસ કરી. એ ન મળ્યો. એનો જોડીદાર સુંદર પણ ત્યાંથી બીજે જતો રહેલો. કહે છે કે એવી કોઈ સમસ્યા નથી કે જે સૂર્યોદય કે આશાને હરાવી શકે. યોગાનુયોગ એવું જ બન્યું. હું રમેશ તલવારની સિરિયલમાં કામ કરતો હતો. એનું શૂટિંગ અંધેરી-મહાકાલી કેવ્સના કોઈ બંગલામાં હતું. મોટા ભાગના બધા ફિલ્મી-કલાકારો એમાં હતા.

મારો એક સીન પત્યો. એ પછી સ્પોટબોયને વિજય તલવારે કહ્યું, 'અબ અજિતજી કો બુલાકે આઓ'. વધુ ફિલ્મી કલાકારો હતા એટલે અજિતજીને મેં 'મોના ડાર્લિંગ'વાળા સમજી લીધા. થોડી વારમાં 'મોના ડાર્લિંગ'વાળા અજિતને બદલે 'મારો ડાર્લિંગ' દોસ્ત અજિત વાચ્છાની પ્રગટ્યો. થોડી વાર તો અમે બંને નિઃશબ્દ એકબીજાને જોઈ રહ્યા. ભીની આંખે બંને ભેટી પડ્યા. વાંકમાં બંને હતા. ઘણો સમય વગર સંપર્કે કેમ પસાર થઈ ગયો એનો બેમાંથી કોઈની પાસે જવાબ નહોતો. કાંડે ઘડિયાળ બાંધી શકાય, સમય નહી. એ એની સિરિયલની દુનિયામાં પરોવાયેલો રહ્યો અને હું મારાં નાટકોના મલકમાં. અજિત ત્યારે યાદ આવ્યો જ્યારે જિદ્દી રાજેન્દ્ર શુક્લે 'સેલિબ્રિટી'ની જીદ કરી ને હવે અજિત નજર સામે હતો. રાજેન્દ્રની ક્યારેય હાર ન માનવાની આદત જ જીતવાની આદત બની ગઈ.

પછી તો સાથે સીન કર્યો અને લંચ-બ્રેક વખતે અજિતે સેટ ઉપર જમવાની ના પાડી અને પોતે હવે મહાકાલી કેવ્સમાં રહે છે એટલે ઘરે સાથે જમવાનું કહ્યું. એ પોતાની કારમાં ઘરે લઈ ગયો. સેટ ઉપર 'સૉરી'નાં આદાન-પ્રદાન સિવાય કોઈ વાત નહોતી થઈ. ઘરમાં દાખલ થતાં કહ્યું, 'દાદીયા, એક વખત મેં તને લગ્ન માટે પૂછેલું, પણ મેં તને બોલાવ્યા વગર લગ્ન કરી લીધાં છે.'

એની પત્ની ચારૂશીલા સાબળે સાથે મારી ઓળખાણ કરાવી. કોઈ સંગીત ઘરાનાની દીકરી તરીકે મને પરિચય આપ્યો. એની પત્ની સાથે અમારી ગાઢ મિત્રતાની ખૂબ વાતો કરી. મેં મારા નવા નાટકની વાત એના કાને મૂકી, પણ એ ત્રણ-ત્રણ સિરિયલોના 'સમય'થી બંધાયેલો હતો. મને કહે, 'ચોક્કસ ટ્રાય કરું છું.'

મેં કહ્યું, 'દોસ્ત, હું ઇચ્છું કે તું ત્રણ નહીં - તેર સિરિયલો કર, પણ અભિમાનને અડવા નહી દે તો સારું!' એ ફિક્કું હસ્યો. મને કહે, 'ક્યારેય નહિ. મને જ્યારે એવું લાગવા માંડે ત્યારે ધીમેથી માટીને પૂછી લઉં કે આજકાલ સિકંદર ક્યાં છે? કહી હસ્યો. મેં કહ્યું, 'તો મને મદદ કર.' મને નવા ઘરનો લૅન્ડલાઈન નંબર આપતાં કહે, 'આપણે આ વિશે ચોક્કસ વાત કરીશું. હું પણ થિયેટર ઘણું મિસ કરું છું.' ત્યાંથી ફરી શુટિંગમાં પહોંચ્યા.

બે દિવસ પછી અજિતનો જ મને ફોન આવ્યો. કહે, 'દોસ્ત, તું મારું નામ જા.ખ.માં વાપર, પણ એ માટે મને એકદમ નાનો રોલ આપ, જેથી હું એટલો સમય રિહર્સલ માટે તને આપી શકું. જેવો શૂટિંગમાંથી ફ્રી થઈશ કે સીધો રિહર્સલમાં આવી જઈશ.'

બીજે દિવસે મેં રાજેન્દ્રને બધી વાત કરી. રાજેન્દ્ર ખુશ થઈ ગયો. એણે થોડી 'ચીટિંગ' કરવાની વાત કરી. એ કહે, 'હમણાં અજિતની વાત સ્વીકારી લે. બાકી રોલ તો વ્યવસ્થિત લખવાનો. 'નામ બડે ઔર દર્શન ખોટે' જેવું ન કરાય. પ્રેક્ષકોનો પણ વિચાર કરવો પડે.'

રાજેન્દ્રની વાત વિચારવા જેવી તો હતી. મે અજિતને ચીટિંગવાળી વાત ન કરી. કહ્યું કે 'તારે રોલ કરવાનો છે.' મને કહેઃ 'શું રોલ છે એ નહીં પૂછતો બસ, રોલ કરું છું.' મેં 'કવર'ની રકમ પૂછી તો મને કહે, 'આપણે પૈસાનો વ્યવહાર કરીશું તો હું રોલ નહી કરું'. આ પ્રેમભરી ધમકી હતી. એને મેં માંડ સમજાવ્યો કે ભાઈ, મારું પોતાનું નિર્માણ કરું ત્યારે કંઈ નહિ લેતો, આ નાટકના નિર્માતા બીજા છે, હું તને જે 'ટૉકન' આપું એ લઈ લેજે' આમ અજિત અમારા નાટકમાં ગોઠવાઈ ગયો.

મેં ઉત્સાહમાં રાજેન્દ્રને કહ્યું, 'ચાલો ત્યારે.. જે એક 'નામ' જોઈતું હતું એ મળી ગયું.'

રાજેન્દ્ર મને ઠંડો પાડતાં કહે, 'બહુ ઉત્સાહમાં આવી જઈ ઢંઢેરા ન પીટતો. આ આપણી લાઈનને તું જાણે જ છે ને! અહીંના નિયમો બધા કબડી જેવા હોય છે. જેવી સફળતાની લાઈનને ટચ કરો ત્યાં જ લોકો પગ ખેંચવા માંડે. હા, ધીમે ધીમે બહારથી ભલે ખબર પડે.'

બાકીનાં પાત્રો તો નક્કી કરી જ નાખ્યાં હતાં. હવે ખાલી અજિત રિહર્સલ માટે કેટલો સમય ફાળવી શકશે એ વાત કરવાની હતી. અમે બિરલા ક્રીડા કેન્દ્ર - પહેલો માળ.. સાંજે પથી બુક કરાવેલો. અજિત મને કહે કે 'તમે પાંચ વાગ્યાથી રિહર્સલ શરૂ કરી દેજો હું બને એટલો જલદી આવીને જોડાઈ જઈશ. આમ પણ નાનો રોલ કરવાનો છે એટલે બહુ વાંધો નહી આવે'

રાજેન્દ્રના કહેવા મુજબ રોલ લાંબો લખાવાનો હતો. આ વાત અજિતથી છાની રાખી હતી.

હવે પ્રાર્થના એવી જ રીતે કરવાની હતી કે બધું ભગવાન ઉપર નિર્ભર છે અને પ્રયત્ન એવી રીતે કરવાનો કે બધું અમારા પર નિર્ભર છે. ■

**ડબલ રિચાર્જ**

ઠંડીમાં સૌથી વધુ ગુરુત્વાકર્ષણ બળ 'પથારી' પર છે. તમે સવારે ગમે તેટલા વહેલા ઊઠવાની કોશિશ કરો, 'પથારી' તમને ખેંચી રાખે છે.

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# ડાયલોગમાં 'દાદાગીરી' તો દિલીપકુમારની જ...!

## હિન્દી ફિલ્મઉદ્યોગના 'ટ્રેજેડી કિંગ' ફિલ્મમેકિંગમાં હસ્તક્ષેપ કરવા માટે અને સંવાદમાં ફેરફાર કરવા માટે જાણીતા હતા, પણ એમના એ ફેરફાર અવ્વલ રહેતા !



હિન્દી ફિલ્મોમાં મા – દીકરાના સંબંધના કેટલાક સીન યાદગાર છે. 'દીવાર'માં ગંભીર બીમારીમાં પટકાયેલી માતા (નિરુપા રોય)ને પોલીસ પહેરાને કારણે ગુનેગાર દીકરો વિજય (અમિતાભ બચ્ચન) નથી મળી શકતો ત્યારે ઈશ્વરને ફરિયાદ કરવા એ મંદિરમાં જાય છે. પ્રભુની મૂર્તિ સામે થોડી ક્ષણ તાકી વિજય બોલે છે : 'આજ ખુશ તો બહુત હોગે તુમ. દેખો, જો આજ તક તુમ્હારે મંદિર કી સિઢીયાં નહીં ચઢા, જિસને આજ તક તુમ્હારે સામને સર નહીં ઝુકાયા, જિસને આજ તક તુમ્હારે સામને કભી હાથ નહીં જોડે વો, વો આજ તુમ્હારે સામને હાથ ફૈલાયે ખડા હૈ...'

ત્રણ મિનિટ લાંબો એ સીન છે. ડાયલોગ પણ લાંબા છે અને 'મુજે મેરી માં વાપસ દે દો' સાથે સીન પૂરો થાય છે અને પછીના દ્રશ્યમાં નિરુપા રોય ભાનમાં આવી જાય છે. આ એક આઈકોનિક સીન છે અને હિન્દી ફિલ્મોના અવિસ્મરણીય સીનની યાદીમાં સ્થાન ધરાવે છે.

'દીવાર' ૧૯૭૫માં રિલીઝ થઈ હતી. ૧૯૫૨માં દિલીપ કુમારની 'દાગ'માં પણ મરણ પથારી પર રહેલી માતાનો એક સીન અને એ સીન પાછળની અત્યંત દિલચસ્પ કથા જાણવા જેવી છે.

દિલીપ કુમારની ગણના કેમ ગ્રેટેસ્ટ એક્ટર તરીકે થાય છે એના સમર્થનમાં જે કારણો આપવામાં આવે છે એમાં આ સીન પણ હોવો જોઈએ.

દિલીપ કુમારની અભિનય સફરનો પ્રારંભ થયો 'જવાર ભાટા' (૧૯૪૪) ફિલ્મથી. એના ડિરેક્ટર હતા અમિય ચક્રવર્તી. ત્યારબાદ 'જુગનુ', 'શહીદ', 'જોગન', 'બાબુલ', 'દીદાર' વગેરે ફિલ્મોથી દિલીપ કુમાર પ્રથમ પંક્તિના એક્ટર બની ગયા. એ સમયે અમિય ચક્રવર્તીએ 'દાગ' (૧૯૫૨)માં દિલીપ કુમારને સાઈન કર્યા. હીરોઈન હતી નિમી. ફિલ્મના ડાયલોગ મશહૂર લેખક રાજિન્દર સિંહ બેદીના હતા. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હજી નવાસવા હતા બેદી સાહેબ, પણ ઉર્દૂ ભાષાના લેખક તરીકે એમના માનપાન હતા.

'દાગ'ની કથામાં એવો સીન આવે છે જ્યારે શંકર (દિલીપ કુમાર)ની મા (લલિતા પવાર) ખૂબ જ માંદી હોય છે, પણ ડોક્ટરને બોલાવવા માટે શંકર પાસે ફૂટી કોડી નથી. શંકરને દિલોજાનથી ચાહતી પાર્વતી – પારો (નિમી) પોતાનું ઘરેણું આપી એ વેચીને પૈસા ઉપજાવી ડોક્ટરને બોલાવવા કહે છે. શંકર જાય છે, પણ દારૂનો નશો કરી બેસે છે. મા માટેની દવાના કેટલાક પૈસાનો દારૂ પીવાઈ ગયો છે અને કેટલાક ચોરાઈ જાય છે. ભાનમાં આવ્યા પછી ઘરે પાછા ફર્યા બાદ શંકરને માના મૃત્યુની જાણ થાય છે....

માની દવાના પૈસા શંકરે દારૂ પીવામાં વેડફી નાખ્યા અને માનો સ્વર્ગવાસ થયો એ દર્દનાક સિચ્યુએશન ફિલ્મ માટે મહત્ત્વની હતી. 'ટ્રેજેડી કિંગ'ના આવા સીન ફિલ્મનું આભૂષણ ગણાતા. આ વાત સારી પેઠે જાણતા રાજિન્દર બેદી સાહેબે ત્રણ પાનાં ભરી સીન લખ્યો, જેમાં ઘણા ડાયલોગ હતા. સેટ પર દિલીપ કુમાર આવ્યા અને એમના હાથમાં ત્રણ પાનાં પકડાવી દેવામાં આવ્યા અને કહેવામાં આવ્યું કે આ છે તમારા ડાયલોગ.

દિલીપ સાબ વાંચી ગયા અને 'બહુત બઢિયા લિખા હૈ આપને' એમ કહી બેદી સાહેબની પ્રશંસા કરી. પછી હળવેકથી કહ્યું કે 'હું આજે શૂટિંગ નહીં કરું, કારણ કે આટલા લાંબા ડાયલોગ હું બોલી જ નહીં શકું. મારી નમ્ર વિનંતી છે કે લખાણ થોડું ઓછું કરો તો સારું.' દિલીપ કુમાર ફિલ્મ મેકિંગમાં અને ખાસ કરીને પોતાના ડાયલોગ્સમાં ફેરફાર કરવા માટે જાણીતા હતા.

દિલીપ કુમારની વાત તો માનવી પડે એવો એમનો દબદબો હતો. બીજા દિવસે રાજિન્દર બેદી ત્રણ પાનાંનો સીન ડાયલોગ સાથે બે પાનામાં સમાવીને લાવ્યા. સેટ પર આવી દિલીપ કુમાર ફરી વાંચી ગયા અને ફરી લેખકની તારીફ કરી પણ ફરી પાછું એ જ રટણ ચાલુ રાખ્યું કે 'આટલું લાંબું લાંબું મારાથી નહીં બોલાય. એટલે આજે પણ હું શૂટિંગ નહીં કરું. આની લંબાઈ હજી ઓછી કરો.'

નારાજ થઈ ગયેલા બેદી સાહેબ ત્રીજે દિવસે એક પાનું લખીને લાવ્યા અને દિલીપ કુમારે ફરી કહ્યું કે પોતે આટલા લાંબા સંવાદો નહીં બોલે. બે દિવસ તો શૂટિંગ કેન્સલ થઈ ચૂક્યું હતું અને ત્રીજે દિવસે પણ એવું જ થશે એવું લાગી રહ્યું હતું. દિગ્દર્શક અમિય ચક્રવર્તી, રાજિન્દર સિંહ બેદી અને અન્ય કેટલાક લોકો આનો તોડ દિલીપકુમાર શું કાઢે છે એ જાણવા ઉત્સુક હતા ત્યારે દિલીપ કુમારે એમના આગવા અંદાજમાં કહ્યું :

'હું આટલા બધા ડાયલોગ નહીં બોલું, બે ચાર વાક્યમાં જ આખી વાત રજૂ કરીશ.'

આ વાત રાજિન્દર બેદીને હાડોહાડ લાગી ગઈ. લેખક તરીકે પોતાનું અપમાન લાગ્યું. ત્રણ પાનાંનો સીન એક પાનામાં ઓછા ડાયલોગ સાથે તૈયાર કર્યા પછી પણ દિલીપ કુમાર એ કરવા તૈયાર નહોતા એથી નારાજ થઈ બેદી સાહેબ તો સેટ પરથી ચાલતી પકડવા તૈયાર થઈ ગયા. એ કહે :

'યુસુફ મિયાં, આપ ડાયલોગ લખો અને હું હીરો બની કેમેરા સામે ઊભો રહી જાઉં છું' એવો ટોણો પણ માર્યો.

દિલીપ કુમારે એમનું સ્પેશ્યલ હળવું સ્મિત કર્યું. લેખકશ્રીનો હાથ પકડ્યો અને કહ્યું કે 'શરાબી દીકરો, માતાનું અવસાન અને પુત્રની પીડાનું તમે જે વર્ણન કર્યું છે એ બહુ સુંદર છે, પણ આ જ વાત મને મારી રીતે કહેવા દો. શોટ લીધા પછી જો તમને એ બરાબર નહીં લાગે તો તમે કહેશો એમ જ કરીશ અને ભવિષ્યમાં ક્યારેય આવા આગ્રહ નહીં રાખું.'

ડિરેક્ટર ચક્રવર્તી અને લેખક બેદી સાહેબને આ રજૂઆત ગળે ઉતરી ગયો.

શોટ ગોઠવાયો. ડિરેક્ટરે 'એક્શન' કહેતાંની સાથે દિલીપ કુમાર :


'પારો! મેરી માં મર ગઈ' એ એક જ લાઈન દિલીપ કુમાર અત્યંત લાગણીવશ થઈ નવ વખત એવી રીતે બોલ્યા કે સેટ પર બધા સ્તબ્ધ થઈ ગયા. શોટ પૂરો થતા અમિય ચક્રવર્તી અને રાજિન્દર બેદી દિલીપ કુમારને ભેટી પડ્યા. માત્ર પાંચ શબ્દોના એક ડાયલોગ ત્રણ પાનાંના સીન કરતાં ચડિયાતો સાબિત થયો. આ વાત ખુદ સંવાદ લેખક રાજિન્દર સિંહ બેદીએ સ્વીકારી. દિલીપ કુમારની આ કમાલ હતી. એ સીન ફિલ્મમાં રાખવામાં આવ્યો અને ડાયલોગ્સમાં આગ્રહ રાખવાનું દિલીપ કુમારે ચાલુ રાખ્યું. 'દાગ'ના રોલ માટે દિલીપકુમારને 'બેસ્ટ એક્ટર' નો પહેલો 'ફિલ્મફેર' એવોર્ડ મળ્યો હતો. ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)


આ ફિલ્મોમા 'જિંદગી' શબ્દ પરથી કયું ગીત શરૂ થાય છે ?




૧) ક્રાંતિ
૨) દુરિયાં
૩) કાઈટ્સ
૪) નસીબ
૫) સફર
૬) સત્તે પે સત્તા
૭) બરસાત કી રાત

## ક્વિઝ (બ)

આ અભિનેતાઓના પિતા કોણ છે અને એમણે પોતાના પુત્રને લોન્ચ કરવા કઈ ફિલ્મ નિર્મિત અથવા દિગ્દર્શિત કરી ?





૧) ઉદય ચોપરા
૨) સંજય દત્ત
૩) કુમાર ગૌરવ
૪) ફરદીન ખાન
૫) રિશી કપૂર
૬) અક્ષય ખન્ના
૭) હૃતિક રોશન

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

ફિલ્મનામા
નરેશ શાહ

# એ ભાઈ જરા દેખ કે ચલો....

## રાજકપૂરના આ હતા મન્ના ડે અને મન્ના ડેના આ હતા રાજકપૂર...



'મારું દુર્ભાગ્ય કે બે-ચાર ગીતોને છોડીને, રાજ (કપૂર) સાહેબે મોટાભાગે પોતાનાં ગીતોમાં મારો ઉપયોગ કરવાનો કે પ્રયાસ કે પ્રયોગ કરવાની બદલે સુરક્ષિત (મુકેશજીનો સ્વર વાપરવાની) નીતિને વળગી રહેવાનું વધુ યોગ્ય ગણ્યું હતું!'

આ શબ્દો પ્રબોધચંદ્રના છે, જેમને આપણે બધા ગાયક મન્ના ડે (જન્મ: ૧૯૧૯, અવસાન: ૨૦૧૩) તરીકે ઓળખીએ છીએ. જન્મની સાલ વાંચીને જ તમને આઈડિયા આવી ગયો હશે કે મન્ના ડે શોમેન રાજ કપૂરથી પાંચ વરસ મોટા હતા. એમની જન્મ શતાબ્દીને પણ પાંચ વરસ વીતી ગયા છે, પરંતુ અત્યારે ગ્રેટ શોમેન રાજકપૂર (જન્મ: ૧૯૨૪) જીની જન્મશતાબ્દી ચાલી રહી છે. એમની ફિલ્મોને આ નિમિત્તે રિ-રિલીઝ કરવાનો ત્રણ દિવસીય મહોત્સવ હજુ ડિસેમ્બર મહિનામાં યોજાય ગયો ત્યારે આ ગ્રેટ શોમેન વિશે ગ્રેટ સિંગર – મ્યુઝિશિયન મન્ના ડેનાં સંસ્મરણોને તાજા કરવાનો લ્હાવો એટલા માટે લેવા જેવો છે કે મન્ના ડે એ એમની આત્મકથામાં અનેક વાતો દિલ ખોલીને બેબાકપણે લખી છે.

પોતાના સંગીતકાર કાકા સાથે મુંબઈ આવીને પછી થોડાં વરસો બાદ (કાકા નાદુરસ્ત થઈ જતા) ફરી કલકત્તા પરત ગયેલાં મન્ના ડે લખે છે કે, 'પહેલી વખત મને સમજાયું કે મુંબઈ મારા લોહીમાં એકરસ થઈ ગયું છે. મને કલકત્તામાં રહેવું ગમતું નહોતું!'

શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધા પછી પણ પોતે ફિલ્મ અને સુગમ સંગીત પર જ ફોકસ કર્યું એ વાત પણ ઘણાંને ખટકી હતી એવો સ્વીકાર કરીને મન્ના ડે કહે છે કે '... પણ મને ક્લાસિકલ સંગીતના કાર્યક્રમો કાયમ નીરસ અને કંટાળાજનક લાગ્યા છે...'

નિર્દંભ શૈલીથી લખાયેલી આ આત્મકથામાં મન્ના જે એ નામ સાથે અન્ય ગાયકોની વિશેષતા તેમજ મર્યાદા પણ બયાન કરી છે અને રાજકપૂર સાથેના બે-ત્રણ રસપ્રદ પ્રસંગો પણ ટાંક્યા છે, જેમાંથી રાજસા'બના વ્યક્તિત્વને વધુ બારીકાઈથી આપણે જોઈ શકીએ. સૌથી પ્રથમ વખત રાજકપૂરને મન્ના ડે 'આવારા' (૧૯૫૧) ફિલ્મના એક ગીતના રેકોર્ડિંગ વખતે મળેલાં, ખરેખર તો એ યુગલ ગીત હતું. લતા મંગેશકર એમના સાથી ગાયિકા હતાં. મન્ના ડે અને રાજકપૂર એ વખત એકબીજાના 'કેવલ પરિચિત' હતા. એ પછી બંને વચ્ચે મિત્રતા બની અને અંતરંગ સંબંધ વિકસ્યા.

રાજસા'બની પ્રોડ્યુસર – ડિરેક્ટર – એક્ટર તરીકેની કેરિયરમાં એમના માટે મન્ના ડે એ દોઢ ડઝન ગીત ગાયાં અને મોટાભાગનાં ગીતો યાદગાર હતાઃ યે રાત ભીગી ભીગી, પ્યાર હુઆ ઈકરાર હુઆ, આજા સનમ મધુર ચાંદની મેં, લાગા ચૂનરી મેં દાગ, ઘર આયા મેરા પરદેશી, મુડ મુડ કે ના દેખ, મસ્તી ભરા હૈ શમા, એ ભાઈ જરા દેખ કે ચલો...

ઘનિષ્ઠ સંબંધ બન્યા પછી માણસની ખૂબી અને ખામીની પરખ થઈ જતી હોય છે. મન્ના ડેને પણ એ થઈ હતી. એમને રાજકપૂરની જે વાત સૌથી વધુ ગમી એ હતીઃ એકદમ સૌમ્ય અને સુશીલ શૈલીથી સામી વ્યક્તિની ભૂલ કે ક્ષતિ તરફ ધ્યાન દોરવાની વિશેષતા. સામી વ્યક્તિ મોટી હોય કે નાની, એને ચચરાટ કે અપમાન થયાનો ઘસરકો ન લાગે તેવી ચીવટ રાજસા'બની વાતમાં રહેતી, એમ કહીને મન્ના ડે એક કિસ્સો પણ ટાંકે છેઃ

'સત્યમ શિવમ સુંદરમ' ફિલ્મનાં ગીતોનું રેકોર્ડિંગ ચાલતું હતું. સ્ટુડિયોમાં રાજસાહેબ, સંગીતકાર – ગીતકાર ઉપરાંત લતા મંગેશકર અને મન્ના ડે ઉપસ્થિત હતા.

લતાદીદીએ 'યશોમતી મૈયા સે બોલે નંદલાલા' ગીતનું રેકોર્ડિંગ પૂરું કર્યું એટલે રાજસાહેબે અંદર આવીને કહ્યુંઃ 'બહુ જ સુંદર ગીત ગવાયું છે, પણ હું ઈચ્છું છું કે ગાતી વખતે તમે ફિલ્મના દશ્યને પણ દિમાગમાં રાખજો. ફિલ્મમાં આ ગીત બાર વરસની દીકરી પોતાના પિતા સાથે ગાય છે અને એક માસૂમ પોતાની નાની ઉંમરને કારણે વયસ્ક વ્યક્તિ જેવું પરફેક્ટ ગાઈ શકશે નહીં!'

લતાજી વાતનો હાર્દ સમજી ગયાં . એમણે તરત બાર વરસની દીકરીનો રોલ ભજવતી પદ્મિની કોલ્હાપુરેને સ્ટુડિયોમાં બોલાવી. થોડીવાર એની સાથે વાતો કરીને એની વાતો કરવાની લઢણ પકડી અને ફરી એ ગીત (પદ્મિની કોલ્હાપુરેની લઢણની જેમ) ગાયું.

રાજકપૂરની અન્ય વાતો કરતાં મન્ના ડે એકબીજા ગીત વખતનો અનુભવ પણ બયાન કરે છે.

'મેરા નામ જોકર' ફિલ્મમાં 'એ ભાઈ જરા દેખ કે ચલો' ગીતનું એ દિવસે રેકોર્ડિંગ થતું હતું. મન્ના ડે રિહર્સલ પછી ફાઈનલ ટેક માટે રેકોર્ડિંગ ચેમ્બરમાં ગયા. ચેમ્બરના કાચમાંથી રાજકપૂર એમને અને એ રાજકપૂરને જોઈ રહ્યા હતા.

ગીતના અંતરા રેકોર્ડ થઈ રહ્યા હતા પણ એ દરમિયાન મન્ના ડે એ જોયું કે બહાર ઊભેલા રાજકપૂર ગીત પર શૂટ થાય તેવી ભાવભંગિમાં સાથે નાચી રહ્યા હતા. 'એમને નૃત્ય કરતાં જોઈને મને ગાવામાં ઘણી સરળતા થઈ ગઈ.'

મન્ના ડે કહે છે, 'હું નાચતા રાજસાહેબને જોઈને ગીતના શબ્દો અને આરોહ-અવરોહને મારી ગાયકીમાં લાવવા માંડ્યો, કારણ કે મને સમજાઈ ગયું હતું કે રાજજી પોતાના ગીતનું ફિલ્માંકન કરશે ત્યારે આ જ રીતે સ્ટેપ લેશે અને મૂવમેન્ટ કરશે!'

યુટ્યૂબ પર આ ગીત જોઈને તમે ખાતરી કરી શકો છો આ લખનારની જેમ.... ■

ફોકસ
એન. કે. અરોરા

# 'મુંજયા'નું બેચેન 'કુંવારું' ભૂત...!




આ વર્ષે ૭ જૂન, ૨૦૨૪ના રોજ થિયેટરોમાં રિલીઝ થયેલી ફિલ્મ 'મુંજ્યા'નું એક બેચેન 'કુંવારું' ભૂત હાલ સમાચારોમાં છવાયેલું છે! કારણ કે હોરર ફિલ્મોના ગંભીર વિચારકો આને 'આનંદદાયક વિનાશ વેરનાર' એટલે કે એવા મહારાષ્ટ્રિયન ભૂતના રૂપમાં ક્રમાંકિત કર્યું છે જે ઠંડા આતંકના હદ સુધી હાસ્યરસથી ભરપૂર છે. હકીકતમાં ફિલ્મ મુંજ્યાની વાર્તા મહારાષ્ટ્રના કોંકણ ક્ષેત્રની એક દંતકથા પર આધારિત છે. જેના પરથી બનેલી આ હોરર કોમેડી ફિલ્મ આ વર્ષે સૌનું ધ્યાન ખેંચવામાં એટલા માટે સફળ રહી કારણ કે ૨૫ કરોડ કરતાં ઓછા ખર્ચે બનેલી(જો કે તેના ખર્ચનો રિપોર્ટેડ દાવો ૩૦ કરોડ રૂપિયા છે) આ ફિલ્મે પહેલા જ સપ્તાહમાં લગભગ ૩૭ કરોડનો વકરો કર્યો અને બીજા સપ્તાહમાં પણ તેની કમાણીમાં સામાન્ય ઘટાડો નોંધાયો હતો.

૧૪ દિવસમાં નેટ ૭૧ કરોડ રૂપિયાની કમાણી કરનાર આ ફિલ્મ જ્યારે પડદા પરથી ઉતરી ત્યાં સુધીમાં ૧૩૦ કરોડ રૂપિયાની કમાણી કરી ચૂકી હતી અને વર્ષ ૨૦૨૪ની ૮મી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ચૂકી હતી. આ ફિલ્મમાં ન તો કોઇ સ્ટાર કાસ્ટ હતી કે ફિલ્મમાં એવા કોઇ કલાકારો ન હતા જેના ચાહકોની સંખ્યા કરોડોમાં હોય. અભય વર્મા, મોના સિંહ અને શરવરી વાઘ જેવા સામાન્ય કલાકારોની આ ફિલ્મે ૩૦૦ કરોડની અક્ષય કુમાર અને ટાઇગર શ્રોફની ફિલ્મ 'બડે મિયાં, છોટે મિયાં' અને ૨૦૦ કરોડની રિપોર્ટેડ બજેટની અજય દેવગનની 'મૈદાન'ને મેદાનમાંથી ધકેલી મૂકી હતી. આટલે ન અટકતા કાર્તિક આર્યનની 'ચંદૂ ચેમ્પિયન' કરતાં પણ ઘણી આગળ નીકળી ગઇ હતી. ચંદૂ ચેમ્પિયનનું બજેટ પણ ૧૦૦થી ૧૨૦ કરોડ રૂપિયાનું હતું.

પરંતુ મુંજ્યા આટલી કમાણી કરવા છતાં સિનેમા સાથે ગંભીર નિસબત ધરાવનારાઓની નજરમાં આવી નહીં. હકીકતમાં આ ફિલ્મ વર્તમાનમાં ચર્ચામાં હોવાનું કારણ આ ફિલ્મનો મુંજ્યા એટલે કે ભૂતનું પાત્ર છે. જે બોલીવૂડના અત્યાર સુધીનાં ભૂતિયા પાત્રોમાં સૌથી અલગ, ઊર્જાથી ભરપૂર, નવા પ્રકારનો ધીમો આતંક ફેલાવનાર અને ધિક્કારના બદલે વિલક્ષણ તૃષ્ણાઓ પેદા કરનારું છે. બોલીવૂડમાં હંમેશાંથી ભૂતિયા ફિલ્મોનો અલગ વર્ગ રહ્યો છે. એ જ કારણ છે કે ગત સદીના ૫૦ના દાયકાથી સમયાંતરે ભૂતિયા ફિલ્મો સફળ થતી રહી છે અને તેની માગ પણ રહી છે. આ જ કારણ છે કે છેલ્લાં ૧૦૦ વર્ષોમાં હિન્દી ફિલ્મોએ ઘણા ભૂતોને જન્મ આપ્યો છે, જે ભયાનક, ભય પેદા કરનાર અને એવી ડરામણી પ્રવૃત્તિઓને અંજામ આપનાર હોય છે જેને જોતા જ બીકના માર્યા ચીસ નીકળી જાય છે. પરંતુ મુંજ્યા આ બધાથી અલગ છે. મુંજ્યા એક ખાસ પ્રકારનું મહારાષ્ટ્રિયન ભૂત છે. હકીકતમાં મુંજ્યા મહારાષ્ટ્રના કોંકણ ક્ષેત્રની દંતકથાઓનું ભૂત છે. જ્યારે તમે ગોવાથી મુંબઇ તરફ આગળ વધશો તો કોંકણ ક્ષેત્રનો દરેક વ્યક્તિ તમને મુંજ્યા, હડલ અને દેવચરની એવી એવી વાર્તાઓ સંભળાવશે, જેને તમે તમારા દાદી કે નાની પાસેથી સાંભળી હોય. સદીઓથી આ વાર્તાઓ દાદીઓ અને નાનીઓના કારણે પેઢી દર પેઢી પહોંચતી રહી છે.

મુંજ્યા ફિલ્મ 'તુંબાડ' વાર્તા પર બની છે, આ એક એવી વાર્તા છે, જેમાં ગામડાઓમાં સાંજ પડતા જ કહેવામાં આવે છે કે બહાર ન નીકળતા નહીંતર મુંજ્યા આવી જશે. પરંતુ વાત માત્ર આ અર્ધકિશોર, અર્ધનવયુવાન ભૂત મુંજ્યાની નથી, આ એક એવા કલ્ટ બની ચૂકેલા ભૂતની છે, જે હસાવે પણ છે અને હૃદયમાં ઘૂસીને ભયાનક રીતે ડરાવે પણ છે. હકીકતમાં જ્યારે કોઇ બ્રાહ્મણનો દીકરો મુંજ એટલે કે યજ્ઞોપવિત સંસ્કાર બાદ ૧૦ દિવસની અંદર મૃત્યુ પામે છે તો તે બ્રહ્મરાક્ષસ બની જાય છે. આ બ્રહ્મરાક્ષસને મુંજ્યા પણ કહેવામાં આવે છે. આ મુંજ્યા બીજા લોકોને હેરાન કરવાને બદલે તેના સગા-સંબંધીઓને વધુ હેરાન કરે છે.

એવું કહેવાય છે કે ૧૯૯૨માં કોંકણમાં રહેતા એક એવા જ બાળકનું યજ્ઞોપવિત સંસ્કાર થયાના ૧૦ દિવસની અંદર મૃત્યુ થયું હતું. જ્યારે તેનું મૃત્યુ થયું તે પહેલા તે બાળક તેનાથી ઉંમરમાં ઘણી મોટી એક છોકરી મુન્ની સાથે લગ્ન કરવાની તેના પરિવાર પાસે જીદ કરતો રહેતો હતો. જેવી રીતે દરેક જગ્યાએ નાનાં બાળકો તેની ફઇઓ અને ગામની બીજી મોટી છોકરીઓથી આકર્ષિત થઇને તેની સાથે લગ્ન કરવાની બાલિશ જીદ કરતા હોય છે, પરંતુ સામાન્ય રીતે આ વાતો અજાણ્યા બાળપણની હોય છે. તેથી બાળકો જેવા મોટા થાય તે સાથે જ બધી વાતો રાત્રિના સપનાની માફક ભૂલી જાય છે, પરંતુ અહીં મામલો અલગ છે. એક છોકરો ઉત્કટતાથી તેનાથી મોટી ઉંમરની છોકરી મુન્ની સાથે માત્ર લગ્ન કરવાની જ જીદ નથી કરતો પરંતુ તેના માટે જેટલા પણ તે ઉપાય કરી શકે તે તમામ કરે છે.

જો કે તેનો ઉછેર જે ઘરમાં થાય છે ત્યાંના લોકો અલૌકિક શક્તિઓ પર વિશ્વાસ રાખે છે અને તે ઘરમાં કાળી શક્તિઓને જાગૃત પણ કરવામાં આવે છે. તે પણ જાણતા અજાણતા આ બધી વાતો જાણતો હોય છે. તેથી તે મુન્ની(શરવરી વાઘ) સાથે લગ્ન કરવા માટે તેની બહેન બેલાની બલિ ચઢાવવાનો પ્રયાસ કરે છે, પરંતુ તે આમાં સફળ નથી થતો અને ખુદ મોતને ભેટે છે. ■

પ્રકરણ: ૩

# ચહેરા મહોરા



**અરે દીકરા, આ શું બોલે છે? ગમે તેમ તોપણ એ તારો બાપ છે.... તારા બાપુ અત્યારે નશામાં છે. એ શું બોલે છે એનું એને ભાન નથી, પણ આપણે તો નશામાં નથી ને?**

**પ્રફુલ્લ કાનાબાર**



ગરીબી એવો શ્રાપછે, જે ભલભલાને ઈશ્વર સામે ફરિયાદ કરતાં કરી દે છે. અશ્રુભીની માની આંખ જે તરફ તાકી રહી હતી તે તરફ સોહમની આંખ પણ આક્રોશભરી નજરે સામે દીવાલ પર લટકાવેલા ભગવાનના ફોટાને તાકી રહી હતી.

બાળપણથી જ માતા-પિતાના ઝગડા નજરે જોનાર બાળકનું મન હંમેશા અજંપામાં રહેતું હોય છે. જે ઉંમરે હૂંફની જરૂર હોય તે ઉંમરે સતત અસલામતીની ભાવના તેના બાળમાનસને કોરી ખાતી હોય છે. સોહમ સમજણો થયો ત્યારથી માતા અને પિતા વચ્ચેના ખટરાગના એક પછી એક બનતા બનાવનો સાક્ષી બની રહ્યો હતો. એકની એક પીડા વારંવાર આવે ત્યારે તે માણસના આંસુઓને પણ સૂકવી નાખતી હોય છે. સોહમના કિસ્સામાં પણ બિલકુલ તેમ જ થયું હતું. સમયની સાથે સોહમનો પિતા તરફનો આક્રોશ મનમાં લાવા બનીને ઊકળી રહ્યો હતો.

ઘરનો મોભી જ્યારે જવાબદારીમાંથી છટકે ત્યારે તેના પર આધારિત સભ્યોના ભાગે હંમેશા વધારે સહન કરવાનું આવતું હોય છે. સોહમના પિતા એક રૂપિયો પણ કમાતા નહોતા અને ઉપરથી સોહમની મા જે કંઈ કમાઈને લાવતી હતી તેના પર તાગડધિન્ના કરતા હતા.

બાપુની દારૂની લત છોડાવવા માટે માએ ઘણા પ્રયત્નો કર્યા હતા, પણ તેમાં દરેક વખતે તેને નિષ્ફળતા જ મળી હતી. સોહમ બાર વર્ષનો થયો એટલે તેણે સવારે વહેલાં ઊઠીને આજુબાજુનાં મકાનોમાં છાપાં નાખવા જવાનું શરૂ કરી દીધું હતું. દરરોજ સવારે છ વાગે છાપાં નાખીને તે ઘરે પરત આવતો. થોડી વાર બાદ દફતર લઈને મોર્નિંગ સ્કૂલે ભણવા માટે રવાના થઈ જતો. ચાલીની બહાર જ એક ચાની કીટલી હતી તેમાં સોહમ જેટલી જ ઉંમરનાં છોકરાઓ આખો દિવસ નોકરી કરતાં. બાર વર્ષના સોહમને પણ ઘણી વાર ત્યાં નોકરી કરવાની ઇચ્છા થઈ આવતી, પણ ભણવાના ભોગે એ નોકરી કરવા દેવા માટે મા બિલકુલ રાજી નહોતી. મા કાયમ કહેતીઃ ‘સોહમ, એ નોકરીનું ભવિષ્ય શું?’

‘મા, અત્યારે આપણે મારા ભણતર કરતાં વધારે પૈસાની જરૂર છે... આપણી ગરીબી સામે તો તારો ભગવાન પણ નથી જોતો.’ સોહમે ભગવાનના ફોટા સામે જોઈને ફરિયાદના સૂરમાં કહ્યું હતું.

‘સોહમ, આપણા કરતાં પણ લોકો વધારે ગરીબ હોય છે, જે ફૂટપાથ પર રહે છે.ભગવાને આપણને માથે છાપરું તો આપ્યું છે ને?’ માએ તેના ભગવાનનો પક્ષ લેતાં કહ્યું હતું.

દિવસો આમ જ બેઢંગી રફતારે પસાર થઈ રહ્યા હતા. એક વાર બાપુએ દારૂના નશામાં મા પર હાથ ઉગામ્યો હતો ત્યારે પંદર વર્ષના થયેલા સોહમે પિતાનો હાથ પકડી લીધો હતો. સોહમની આંખમાંથી જાણે કે અંગારા વરસી રહ્યા હતા.

‘બાપુ, એક વાત યાદ રાખજો. મારી મા હવે એકલી નથી. મારી મા પર હાથ ઉપાડનારનો હું હાથ તોડી નાખીશ.’

‘અરે અરે દીકરા, આ શું બોલે છે? ગમે તેમ તોપણ એ તારો બાપ છે.’

‘મા, એ બાપ હોય તો તેને કહી દે કે બાપની જેમ ઘરમાં રહે.’ સોહમ તાડૂક્યો હતો. માએ માંડ માંડ પરિસ્થિતિ સંભાળી હતીઃ

‘બેટા, તું જુએ છે ને કે તારા બાપુ અત્યારે નશામાં છે. એ શું બોલે છે એનું એને ભાન નથી, પણ આપણે તો નશામાં નથી ને?’

સોહમ ગુસ્સામાં ઘરની બહાર નીકળી ગયો હતો. રાત્રે બાપુ ઊંઘી ગયા બાદ જ એ ઘરમાં આવ્યો હતો. માએ રસોડામાં સોહમને બેસાડીને પ્રેમથી જમાડયો હતો. માની આંખમાં આંસુ જોઈને સોહમ ગળગળો થઈ ગયો હતોઃ

‘મા, એક વાર મને ભણી લેવા દે..બસ. સારી નોકરી મળી જશે એટલે તારું બધું દુઃખ દૂર થઈ જશે.’

ત્યારે પણ માએ દીવાલ પર લટકાવેલા શ્રીનાથજીના ફોટા સામે સજળનેત્રે જોઈને કહ્યું હતુંઃ

‘બેટા, મારા પ્રત્યે તારી આટલી લાગણી છે, એ જ મારા માટે ભગવાનની સૌથી મોટી કૃપા છે.’

સોહમ જે ચાલીમાં રહેતો હતો તેની બાજુની ચાલીમાં શિવાની પણ રહેતી હતી. સોહમ અને શિવાની બાળપણથી જ ખભે દફતર લઈને સ્કૂલે સાથે જતાં. બંને એક જ ક્લાસમાં ભણતાં હતાં. શિવાનીના પિતા કનૈયાલાલ દારૂ-જુગાર જેવાં વ્યસનોથી દૂર રહ્યાં હતાં.

કનૈયાલાલને પસ્તીનો ધંધો હતો. તેમણે ધંધાની શરૂઆત લારીથી કરી હતી, પણ ધંધો વધતાં ચાલીની બહાર જ એક ભાડાની દુકાન રાખી હતી અને ત્યાં જ બેસતા હતા. સોહમ અને શિવાનીની નિર્દોષ મૈત્રી હવે કિશોરાવસ્થામાં પ્રવેશી હતી. મુગ્ધાવસ્થામાં દરેક મુગ્ધાના જીવનમાં વસંતનું આગમન થતું હોય છે. શિવાનીના શરીર પર પણ વસંત બેઠી હતી. તેનું શરીર ભરાવા લાગ્યું હતું. હોર્મોન્સના ફેરફારને કારણે સોહમને પણ કુદરતી આવેગોનો અનુભવ થવા લાગ્યો હતો. હવે શિવાનીનું મન સોહમ તરફ ધીરે ધીરે ઢળી રહ્યું હતું. સોહમને પણ એ વાતનો ખ્યાલ આવી ગયો હતો, પણ એ ખુદનાં માતાપિતાના વણસેલા સંબંધોની સમસ્યામાં જ એટલી હદે ઘેરાયેલો હતો કે શિવાની પ્રત્યેની પોતાની લાગણી વ્યક્ત કરીને નવી કોઈ સમસ્યા ઊભી કરવા માગતો નહોતો. શિવાની સાથે એ સલામત અંતર રાખતો હતો. બંને દસમા ધોરણમાં હતાં ત્યારે એક વાર સ્કૂલેથી પરત ફરતી વખતે એકદમ વરસાદ તૂટી પડયો હતો. શિવાની પાસે છત્રી હતી. શિવાનીએ છત્રી ખોલીને સોહમને છત્રીમાં ખેંચી લીધો હતો. એક જ છત્રીને કારણે ધોધમાર વરસાદથી બચવા બન્ને એકમેકની સાવ સમીપ ચાલતાં હતાં. બંનેનાં શરીર થોડી થોડી વારે અનાયાસે જ અથડાતાં હતાં. વરસતા વરસાદમાં બે તરુણ-તરુણીનો પરસ્પરનો આહ્લાદક સ્પર્શ બંનેને ગમતો હતો. અચાનક વીજળીનો કડાકો થયો. શિવાનીથી અનાયાસે જ છત્રી હાથમાંથી છટકી ગઈ. તે સોહમને વળગી પડી. શિવાનીને અળગી કરીને પવનને કારણે થોડે દૂર પહોંચી ગયેલી છત્રીને દોડીને સોહમે ઝડપી લીધી. હવે બંને પલળી ગયાં હતાં.

શિવાનીને છત્રી આપતાં સોહમે કહ્યુંઃ ‘આ તું જ રાખ. આમ પણ એક છત્રીમાં આપણે બંને પલળીએ છીએ. શિવાનીને એક જ છત્રીમાં સોહમનો સંગાથ ગમતો તો હતો, પણ તે શરમને કારણે એક પણ શબ્દ બોલી શકી નહિ. તે દિવસે સોહમનો સંયમ જોઈને તેને સોહમ પર વધારે માન ઊપજ્યું હતું. એ દિવસ બાદ સોહમ વધારે સતર્ક થઈ ગયો હતો. તે વાતચીતમાં પણ શિવાની સાથે ખૂબ જ સંયમ રાખતો થઈ ગયો હતો.

સોહમને આજે પણ એ દિવસ યાદ હતો જયારે બંનેનું બારમા ધોરણનું પરિણામ જાહેર થયું ત્યારે શિવાનીને ફર્સ્ટ ક્લાસ આવ્યો હતો, જ્યારે સોહમ નપાસ થયો હતો. તે સાંજે પહેલી જ વાર બંને રિવરફ્રન્ટની પાળે બેઠાં હતાં. સોહમની એકલતા અને પીડા વિશે શિવાની સમજણી થઈ ત્યારથી જાણતી હતી. વળી આજે જાહેર થયેલા પરિણામને કારણે તે સોહમને આશ્વસ્ત કરવા પણ માગતી હતી. શિવાનીએ એક પણ શબ્દ બોલ્યા વગર પહેલી વાર સોહમનો જમણો હાથ તેના નાજુક હાથમાં લીધો હતો. બંને વચ્ચે મૌન પથરાઈ ગયું હતું. જીવનમાં કેટલીક ક્ષણ એવી હોય છે, જ્યાં શબ્દોની આપ-લે કરતાં મૌન વધારે અસરકારક હોય છે! આખરે મૌન તોડતાં શિવાનીએ જ કહ્યું હતુંઃ ‘સોહમ, શું વિચારે છે?’

‘એ જ કે તારે તો સરસ માર્ક્સ આવ્યા છે. સારી કૉલેજમાં એડમિશન પણ મળી જશે. વળી તારે તો કૉલેજની ફીનો પણ સવાલ નથી.’ સોહમે થોડા ખિન્ન સ્વરે કહ્યું હતું.

‘સોહમ, તું બીજી ટ્રાયલમાં ચોક્કસ સારા માર્ક્સ સાથે પાસ થઈ જઈશ.’

‘નહીં, શિવાની. મારે હવે ભણવું જ નથી.’

‘પણ કેમ?’

‘મારી પાસે હવે નાની-મોટી જૉબ કરવા સિવાય બીજો કોઈ રસ્તો બચ્યો નથી. આમ પણ હું આ વર્ષે કદાચ પાસ થયો હોત તોપણ કૉલેજમાં એડમિશન લેવાનો નહોતો. મારી પ્રાયોરીટી હવે આગળ ભણવાની છે જ નહી.’

શિવાની એકીટશે સોહમના સોહામણા ચહેરાને તાકી રહી.

‘મારી પ્રાયોરિટી હવે મારી માને પારકાં કામ છોડાવવાની છે. માની તબિયત પણ સારી રહેતી નથી તેને આરામની જરૂર છે. મારા જીવનમાં વ્યાપેલું અંધારું મને તોડી નાખે તે પહેલાં મારે હવે પગભર થવું જ પડશે.

‘સોહમ, ચાલને આપણે સરખે ભાગે તારા જીવનનું અંધારું વહેંચી લઈએ.’ શિવાનીએ તેની નાજુક આંગળીઓ સોહમના હાથના પંજામાં ભેરાવતાં કહ્યું હતું.

શિવાનીએ કોઈ પણ જાતની પૂર્વભૂમિકા વગર એકદમ જ પ્રપોઝ કર્યું તેથી સોહમ ચમકી ગયો...

(ક્રમશઃ)■



## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| हैजा | અગ્નિ |
| हौले | કોલેરા |
| होड | શિખામણ |
| हुताशन | સ્પર્ધા |
| हिदायत | ધીરેથી |

### ઓળખાણ પડી?

ગ્રામ વિકાસ અને સહકારી ચળવળને કેન્દ્રમાં રાખી બનાવવામાં આવેલી શ્યામ બેનેગલની અફલાતૂન ફિલ્મની ઓળખાણ પડી?



અ) નિશાંત બ) મંથન ક) અંકુર ડ) ભૂમિકા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ્ર | સ્તા | ૨ વ | ૩ ના | ■ | ૪ પ | રિ | ૫ ચિ | ત | ■ |
| વ | ■ | ૬ ખા | ન | ૭ પા | ન | ■ | ૨ | ■ | ૮ સં |
| ૯ ચ | ૧૦ મા | ૨ | ■ | ૧૧ વા | ઘ | ણ | ■ | ૧૨ લા | શો |
| ૧૩ ન | ટ | ■ | ૧૪ સો | ■ | ટ | ■ | ૧૫ અ | વ | ધિ |
| ■ | ૧૬ લૂં | ૧૭ ટ | ફા | ટ | ■ | ૧૮ ક | હે | ■ | ત |
| ૧૯ અ | ■ | પા | ■ | ■ | ૨૦ ત | લ | સા | ૨૧ ટ | ■ |
| સ્વી | ■ | ૨૨ ટ | ૨૩ કા | ટ | ક | ■ | ૨૪ ન | ગ | ૨૫ ર |
| ૨૬ કા | ળી | પી | ળી | ■ | ૨૭ વા | સી | ■ | ૨૮ ર | જ |
| ક્રે | ■ | ■ | ૨૯ દા | ૩૦ મા | દ | ■ | ૩૧ દ | ■ | વા |
| ■ | ૩૨ વિ | મા | સ | ણ | ■ | ૩૩ અ | ડી | ક | ડી |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | | ■ | |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | | | ■ | ૧૨ | |
| ૧૩ | | ■ | ૧૪ | ■ | | ■ | ૧૫ | | |
| ■ | ૧૬ | ૧૭ | | | ૧૮ | ૧૯ | | | ■ |
| ૨૦ | ■ | | ■ | ૨૧ | | | ■ | ■ | ૨૨ |
| ૨૩ | ૨૪ | | ■ | ■ | ૨૫ | | ૨૬ | | |
| ૨૭ | | ■ | ૨૮ | ૨૯ | ■ | ■ | | ■ | |
| ૩૦ | | ૩૧ | ■ | ૩૨ | | ■ | ૩૩ | ૩૪ | ■ |
| ૩૫ | | | | | ■ | ૩૬ | | | |

**આડી ચાવી**

૧. પ્રતિનિધિ હોવા પણું (૫)
૪. કૃતિના ઘટકોની ગોઠવણી (૪)
૭. તમે --- તે ગામનાં ગોરી રાજ (૨)
૮. ભારત અને ચીન વચ્ચેનો દેશ (૩)
૯. બીકણ, ડરપોક (૩)
૧૧. ગઇકાલનું (૩)
૧૨. અણી (૨)
૧૩. એક જાતનો દારૂ (૨)
૧૫. કપડાં સીવનાર (૩)
૧૬. દૃષ્ટિ, ધ્યાન (૩)
૧૮. વિચાર કરાયેલો તે (૪)
૨૧. અજાણ્યું (૩)
૨૩. સ્તુતિ (૩)
૨૫. નકલ કરનાર (૫)
૨૭. ટાલિયા લોકો માથે પહેરે (૨)
૨૮. ઘણા, ખાસ (૨)
૩૦. દૈવયોગે, રખે ને (૩)
૩૨. -- ભરવું એટલે રકમ ચૂકવણી (૨)
૩૩. વૃક્ષને વીંટળાય (૨)
૩૫. બચાવનાર (૫)
૩૬. ઓળખાણ (૪)

**ઊભી ચાવી**

૧. સામનો, વિરોધ (૪)
૨. સમૂહ (૩)
૩. દીકરી, છોકરી (૨)
૪. સંતતિ, પુત્ર કે પુત્રી (૩)
૫. ક્રિકેટરો દોડી દોડીને લે (૨)
૬. અનિચ્છા (૪)
૮. પૃથ્વીના પડને લગતું વિજ્ઞાન (૬)
૧૦. એક રાગ (૩)
૧૨. અંદાજ (૩)
૧૪. ઓસ, ઝાકળ (૨)
૧૫. દરેક, બારણું, દરવાજો (૨)
૧૭. લશ્કરનો સિપાહી (૩)
૧૯. એક પક્ષી (૩)
૨૦. હકીકત (૫)
૨૨. વિનંતી (૩)
૨૪. ઓળખાણવાળું (૪)
૨૬. સાથેસાથ (૪)
૨૯. આભાર સાથે (૩)
૩૧. પક્ષીઓને --- નાખો (૨)
૩૪. --- એ બીમારીની નિશાની છે (૨)

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી ભાષાના આદરણીય સર્જક ધ્રુવ ભટ્ટની લોકપ્રિય નવલકથા ‘તત્ત્વમસિ’ પરથી બનેલી ગુજરાતી ફિલ્મનું નામ જાણો છો?

અ) રેવા બ) કેમ છો? ક) વેન્ટિલેટર ડ) પાઘડી

### જાણવા જેવું

દિગ્દર્શક રામગોપાલ વર્મા ‘સત્યા’માં એક પણ ગીત રાખવા તૈયાર નહોતા. જોકે, એ સમયે ગીત વિનાની ફિલ્મનું માર્કેટિંગ કરવામાં બહુ મુશ્કેલી પડતી હોવાથી દિગ્દર્શક તૈયાર થઈ ગયા હતા. ફિલ્મ તો સુપરહિટ સાબિત થઈ જ, ‘ગોલી માર ભેજે મેં’ અને ‘સપને મેં મિલતી હૈ’ એ બે ગીત પણ અફાટ લોકપ્રિય થયા હતા.

### સુડોકુ-૭૦૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૩ | | | | | ૫ | |
| ૨ | | | | ૫ | | | | ૬ |
| | ૯ | ૫ | ૩ | | ૭ | | ૨ | |
| | ૨ | ૪ | ૯ | | | | ૧ | |
| ૭ | ૬ | | | | | | ૮ | ૯ |
| | ૩ | | | | ૬ | ૨ | ૭ | |
| | ૪ | | ૮ | | ૨ | ૫ | ૬ | |
| ૩ | | | | ૪ | | | | ૨ |
| | ૭ | | | | | ૩ | ૪ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૨ | ૮ | ૪ | ૫ | ૭ | ૩ | ૯ | ૧ |
| ૪ | ૩ | ૧ | ૯ | ૨ | ૮ | ૫ | ૬ | ૭ |
| ૭ | ૯ | ૫ | ૬ | ૧ | ૩ | ૨ | ૮ | ૪ |
| ૧ | ૪ | ૨ | ૭ | ૬ | ૫ | ૯ | ૩ | ૮ |
| ૮ | ૬ | ૭ | ૩ | ૪ | ૯ | ૧ | ૨ | ૫ |
| ૩ | ૫ | ૯ | ૨ | ૮ | ૧ | ૪ | ૭ | ૬ |
| ૫ | ૧ | ૬ | ૮ | ૯ | ૨ | ૭ | ૪ | ૩ |
| ૯ | ૮ | ૩ | ૧ | ૭ | ૪ | ૬ | ૫ | ૨ |
| ૨ | ૭ | ૪ | ૫ | ૩ | ૬ | ૮ | ૧ | ૯ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

રાજ કપૂરની ફિલ્મોથી ગીતકાર તરીકે શરૂઆત કરનારા ઉચ્ચતમ ગીતકાર શૈલેન્દ્રએ એક ફિલ્મનું નિર્માણ પણ કર્યું હતું એ જણાવો.

અ) સંગમ બ) તીસરી મંઝિલ ક) તીસરી કસમ ડ) તીસરા કૌન

### નોંધી રાખો

જીવનમાં ગમે એટલી મુશ્કેલી આવે તો ગભરાવું નહીં, કારણ કે કેટલીકવાર ચાવીના ગુમછાની છેલ્લી ચાવીથી તાળું ખોલવામાં યશ મળે છે.

### માઈન્ડ ગેમ

ધર્મેન્દ્ર અને રાજકુમાર તેમના સમયના લોકપ્રિય એક્ટર્સ હતા. કઈ ફિલ્મમાં આ બંને કલાકારો સાથે જોવા મળ્યા હતા એ કહી શકશો?

અ) અનપઢ બ) મમતા
ક) હિન્દુસ્તાન કી કસમ ડ) કાજલ

### ગયા શુક્રવારના જવાબ

| અ | ઇ |
|---|---|
| इल्म | વિદ્યા |
| ईख | શેરડી |
| इंगित | ઈશારો |
| इंतकाल | મૃત્યુ |
| इंतकाम | બદલો |

**ઓળખાણ પડી?**
The Sound of Music

**માઈન્ડ ગેમ**
ખેલ

**ગુજરાત મોરી મોરી રે**
મેજર ચંદ્રકાંત

**ચતુર આપો જવાબ**
**માથું ખંજવાળો**
નમકહરામ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુરેખા દેસાઈ (૪) સુભાષ મોમાયા (૫) નીતા દેસાઈ (૬) વિભા મહેશ્વરી (૭) ભારતી બુચ (૮) નૂતન વિપીન (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) પુષ્પા પટેલ (૧૩) લજિતા ખોના (૧૪) ધીરેન્દ્ર ઉદ્દેશી (૧૫) ગીતા ઉદેશી (૧૬) પ્રતિમા પમાણી (૧૭) પ્રવીણ વોરા (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) મીનળ કાપડિયા (૨૦) મહેશ સંઘવી (૨૧) ભાવના કર્વે (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૫) જયવંત પદમશી ચિખલ (૨૬) તાહેર ઔરંગાબાદવાલા (૨૭) શીરીન ઔરંગાબાદવાલા (૨૮) હર્ષા મહેતા (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેશ દોશી (૩૧) અંજુ ટોલીયા (૩૨) શિલ્પા શ્રોફ (૩૩) કિશોર બી. સંઘરાજકા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) પુષ્પા ખોના (૩૬) મૂલરાજ કપૂર (૩૭) સુરેખા દેસાઈ (૩૮) અિરવિંદ કામરદ (૩૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૦) નયના ગિરીશ ઠક્કર (૪૧) શીક જુઠાણી - ટોરંટો - કેનેડા (૪૨) નિતીન જે. બજરીયા (૪૩) હરીશ મનુભાઈ ભટ્ટ (૪૪) જગદીશ ઠક્કર (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) હિના દલાલ (૪૮) રમેશભાઈ દલાલ

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) ઝીંદગી કી ના ટુટે લડી પ્યાર કરલે ઘડી દો ઘડી... ૨) ઝીંદગી ઝીંદગી મેરે ઘર આના... ૩) ઝીંદગી દો પલ કી, ઇંતજાર કબ તક હમ... ૪) ઝીંદગી ઇમ્તિહાન લેતી હૈ દોસ્તો કી જાન.... ૫) ઝીંદગી કા સફર હૈ યે કૈસા સફર... ૬ )ઝીંદગી મિલકે બીતાયેંગે.... ૭) ઝીંદગી ભર નહીં ભૂલેંગે બરસાત કી રાત...

**ક્વિઝ (બ)** ૧) યશ ચોપરા - મોહબ્બતેં ૨) સુનિલ દત્ત -- રોકી ૩) રાજેન્દ્ર કુમાર -લવસ્ટોરી ૪) ફિરોઝ ખાન - પ્રેમ અગન ૫) રાજ કપૂર - બોબી ૬) વિનોદ ખન્ના - હિમાલય પુત્ર ૭) રાકેશ રોશન - કહો ના પ્યાર હૈ


શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# મનોરંજનની માલગાડી...

## નવું વર્ષ - નવી આશા...ટ્રેલર ઓફ ૨૦૨૫

વેલકમ ૨૦૨૫ મનોરંજન દેવને નમન કરીને દર વર્ષની માફક આ વર્ષે પણ રસપ્રદ લાગે તેવી ભારતીય અને અમેરિકન ફિલ્મ્સની યાદી લઈને આ વર્ષે પણ મનોરંજનની માલગાડી આપણા સૌ માટે તૈયાર છે. ચાલો, જરા સફર શરૂ થાય એ સાથે નજર કરી લઈએ પહેલા છ મહિનાનાં ગમી જાય તેવાં સ્ટેશન્સ પર!

### સંતોષ (૧૦ જાન્યુઆરી)




ઓસ્કર્સમાં બેસ્ટ ફોરેન ફિલ્મની કેટેગરી માટે શોર્ટલિસ્ટ થયેલી આ ફિલ્મ છે હિન્દીમાં અને વાર્તા પણ છે ભારતની, છતાં આ ફિલ્મ ભારતીય નથી, કેમ કે ફિલ્મનું નિર્માણ કર્યું છે યુકે સ્થિત પ્રોડક્શન હાઉસે, છતાં આ ક્રાઇમ ડ્રામા ફિલ્મમાં ભારત વણાયેલું છે એટલે પોતીકી લાગે એ નાતે જોવાની દર્શકોને ઇચ્છા થશે જરૂર!

ડિરેક્ટરઃ સંધ્યા સુરી

કાસ્ટઃ શહાના ગોસ્વામી, સુનિતા રાજવર, સંજય બિશ્નોઇ

### કૅપ્ટન અમેરિકાઃ બ્રેવ ન્યૂ વર્લ્ડ (૧૪ ફેબ્રુઆરી)





માર્વેલ સિનેમેટિક યુનિવર્સની તો કોઈ પણ નવી ફિલ્મ માટે એમસીયુ ફેન્સ રાહ જોઈને બેઠા જ હોય છે. એમાં પણ બધી ફિલ્મ્સનાં એકબીજાં સાથે કનેક્શન પર પણ આગલી અવેન્જર્સ ફિલ્મ નથી આવી જતી ત્યાં સુધી રાહ જોવાની. 'કૅપ્ટન અમેરિકા' ફિલ્મમાં રેડ હલ્કના પાત્રને લઈને પણ દર્શકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.

ડિરેક્ટરઃ જુલિયસ ઓનાહ

કાસ્ટઃ એન્થની મેકી, હેરિસન ફોર્ડ, ડેની રેમિરેઝ

### છાવા (૧૪ ફેબ્રુઆરી)




છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર છત્રપતિ સંભાજી મહારાજ પર આધારિત આ ફિલ્મનું ટિઝર આવી ગયું છે. એ એટલું તો ધમાકેદાર છે કે દર્શકોએ ફિલ્મને પહેલેથી જ થિયેટરમાં જોવા જવા માટે વૉચલિસ્ટમાં મૂકી દીધી છે.

મરાઠા કિંગ સંભાજીને મોટા પરદે જોવાનો અનુભવ કેવો રહે છે એ તો ફિલ્મ રિલીઝ થાય ત્યારે જ ખબર પડશે.

ડિરેક્ટરઃ લક્ષ્મણ ઉતેકર

કાસ્ટઃ વિકી કૌશલ, રશ્મિકા મંદાના, અક્ષય ખન્ના

### ધ ઈલેક્ટ્રિક સ્ટેટ (૧૪ માર્ચ)




આ એક સાયન્સ ફિક્શન કૉમેડી ફિલ્મ છે. ફિલ્મ ૧૯૯૪માં સેટ છે, જેમાં એક આખી રોબોટની દુનિયા સામે માનવજાત જંગે ચડેલી છે. બેમાંથી કોણ સાચું તેની વાત ફિલ્મમાં છે. એક યુવતી આ બધા વચ્ચે પોતાના ખોવાયેલા ભાઈને રોબોની મદદથી શોધે છે. અલગ કથાવસ્તુની આ ફિલ્મ કેવી મજા કરાવે છે એ જોવું રહ્યું.

ડિરેક્ટરઃ ધ રુસો બ્રધર્સ

કાસ્ટઃ મિલી બોબી બ્રાઉન, ક્રિસ પ્રેટ, કી હુઈ ક્વાન

### જોલી એલએલબી ૩ (૧૦ એપ્રિલ)




આગળના બંને ભાગ સફળ રહ્યા એટલે ત્રીજો ભાગ આવવાનો જ હતો એ નક્કી હતું. પહેલા ભાગના ઍક્ટર અર્શદ વારસીની જગ્યાએ અક્ષય કુમારને સિક્વલમાં જોઈને દર્શકોએ અર્શદ માટેની માગણી કરી હતી. તેને જ ધ્યાનમાં લઈને આ ત્રીજા ભાગમાં અક્ષય અને અર્શદ બંનેને લેવામાં આવ્યા હશે એવું માનવું ખોટું નથી. જોઈએ, ફિલ્મ કેવી મજા કરાવે છે...

ડિરેક્ટરઃ સુભાષ કપૂર

કાસ્ટઃ અક્ષય કુમાર, અર્શદ વારસી, સૌરભ શુક્લા

### રેડ-૨ (૧ મે)





રેડ (રેઈડ નહીં) એટલે કે દરોડો. આ ફ્રેન્ચાઈઝની પ્રથમ ફિલ્મ એકદમ રોચક હતી. વ્હાઇટ કોલર ક્રિમિનલને પકડવાની આઈઆરએસ ઑફિસરની કવાયત ફિલ્મમાં દર્શકોને ખૂબ જ પસંદ પડી હતી. બીજા ભાગમાં પણ થીમ તો એ જ છે. અહીં પણ કઈ રીતે મિશન પાર પડે છે એ જોવાનું રસપ્રદ રહેશે.

ડિરેક્ટરઃ રાજ કુમાર ગુપ્તા

કાસ્ટઃ અજય દેવગણ, રિતેશ દેશમુખ, વાણી કપૂર

### મિશનઃ ઈમ્પોસિબલ - ધ ફાઈનલ રેકનિંગ (૨૩ મે)





વિશ્વની સૌથી પ્રખ્યાત ફ્રેન્ચાઈઝમાંની 'મિશનઃ ઇમ્પોસિબલ'ની આ છેલ્લી ફિલ્મ છે. ટોમ ક્રુઝના મજબૂત ખભા પર ઊભેલી આ ફ્રેન્ચાઈઝનો અંત બે ફિલ્મ ભેગી મળીને થઈ રહ્યો છે. ૨૦૨૩માં આવેલા લેટેસ્ટ પાર્ટની અધૂરી છોડેલી વાર્તા જ આ ફિલ્મમાં છે.

ડિરેક્ટરઃ ક્રિસ્ટોફર મેકવાયર

કાસ્ટઃ ટોમ ક્રુઝ, હાયલી એટવેલ, વિંગ રેમ્સ

### ફ્રોમ ધ વર્લ્ડ ઑફ જહોન વિકઃ બેલેરિના (૬ જૂન)




'જહોન વિક' એટલે એક ઍક્શન પેક સફળ ફિલ્મ ફ્રેન્ચાઈઝ. હવેના ટ્રેન્ડ મુજબ કોઈ ફ્રેન્ચાઈઝમાં સીધી વાર્તા આગળ વધારવાના બદલે તેનું વાર્તા વિશ્વ અન્ય સ્થળ કે પાત્રને લઈને વધારવામાં આવે છે. અહીં એ જ રીતે એ વિશ્વમાં ઇવ નામની એક છોકરીની વાર્તા છે.

ડિરેક્ટરઃ લેન વાઇઝમેન

કાસ્ટઃ અના દે અર્માસ, એન્જેલિકા હસ્ટન, ગેબ્રિએલ બાયર્ન

શરૂમાં કહ્યું એમ રસપ્રદ ફિલ્મ્સ તો ઘણી છે, પણ દરેક વિશે વિગતે વાત કરવી શક્ય નથી તો આપણે બીજી મજેદાર ફિલ્મ્સની ફક્ત યાદી બનાવીને તેની નોંધ લઈએ.

### ભારતીય ફિલ્મ્સઃ




અક્ષય કુમારની ઍરફૉર્સ આધારિત ફિલ્મ 'સ્કાયફૉર્સ', શાહિદ કપૂરની ઍક્શન થ્રિલર ફિલ્મ 'દેવા', સલમાન ખાનની એ આર મુરુગાદોસ દિગ્દર્શિત 'સિકંદર'.

### અમેરિકન ફિલ્મ્સઃ

હોરર ઍક્શન ફિલ્મ 'વુલ્ફ મેન', વેડિંગ કૉમેડી 'યુ આર કોર્ડિયલી ઈન્વાઇટેડ', એક્શન કૉમેડી ફિલ્મ 'લવ હર્ટ્સ', સફળ ફ્રેન્ચાઈઝ 'બ્રિજેટ જોન્સ'ની આગામી ફિલ્મ 'બ્રિજેટ જોન્સઃ મેડ અબાઉટ ધ બોય', ડિઝનીની ફેન્ટસી ફિલ્મ 'સ્નો વ્હાઇટ', એમસીયુની એન્ટી સુપરહીરો ફિલ્મ 'થન્ડરબોલ્ટ્સ', સુપર નેચરલ સિક્વલ 'ફાઇનલ ડેસ્ટિનેશનઃ બ્લડલાઈન્સ', બ્રાડ પીટની 'એફ ૧'.

**લાસ્ટ શોટ**

'ફ્રોમ ધ વર્લ્ડ ઑફ જહોન વિકઃ બેલેરિના'માં જહોન વિકનું પાત્ર પણ કેમિયો રોલમાં છે.




# ક્યારેક સાઉન્ડ ચોંટે, ક્યારેક જીભ...



મહેશ નાણાવટી

શૂટિંગ ચાલી રહ્યું છે 'લગાન' નામની લિજેન્ડરી ફિલ્મનું. ભુજથી લગભગ પંદરેક કિલોમીટર દૂર એક ખુલ્લા વિસ્તારમાં આ ફિલ્મ માટે 'આખેઆખું' ગામ ફિલ્મના સેટ રૂપે ઊભું કરવામાં આવ્યું છે. રોજ સવારે અનેક લક્ઝરી બસ દ્વારા ભુજની હોટલમાંથી 'લગાન'ના તમામ કલાકારને અહીં લાવવામાં આવે છે.

જી હા, તમામ કલાકારને, કેમ કે ફિલ્મ માટે કૉન્ટ્રાક્ટ થાય એ પહેલાં જ એક વાત સૌ કલાકારોને કહી દેવામાં આવી હતી કે સળંગ દોઢ-બે મહિનાની તારીખો ફાળવવાની તૈયારી હોય તો જ રોલ માટે હા પાડવાની! એટલું જ નહીં, 'સેટ' ઉપર દરેકે દરેક કલાકારે રોજ હાજર રહેવું પડશે, કેમ કે ફિલ્મના ડિરેક્ટર દિવસ દરમિયાન કોઈ પણ કલાકારને કૅમેરા સામે બોલાવી શકે છે.

'લગાન'ના શૂટિંગની બીજી એક ખાસ વાત એ હતી કે એના સંવાદોનું પાછળથી ડબિંગ નહોતું થવાનું બલકે ત્યાં જ શૂટિંગ વખતે જ તેનું 'લાઇવ' રેકોર્ડિંગ થતું હતું. આ કારણે 'ઍક્શન' બોલ્યા પછી કોઈને પણ જરાય અવાજ કરવાની છૂટ નહોતી, પરંતુ...

એક દિવસ શોટ લેવાનું શરૂ થાય એ પહેલાં લાઇવ રેકોર્ડિંગ કરી રહેલા સાઉન્ડ રેકોર્ડિસ્ટ કહે છેઃ 'એક મિનિટ... કયાંકથી હમિંગ સાઉન્ડ આવી રહ્યો છે!' આ હમિંગ સાઉન્ડ એટલે જાણે કે કોઈ મશીન ચાલી રહ્યું હોય.

તરત જ આજુબાજુ તપાસ કરવામાં આવે છે. ક્યાંક કોઈ વાહન ચાલુ તો નથી રહી ગયું ને? કોઈ કાર, કોઈ બાઈક, પરંતુ ચારેબાજુ તપાસ કર્યા પછી ખબર પડે છે કે એવું કશું છે નહીં.

ફરી શૂટિંગની તૈયારી શરૂ થાય છે. હજી 'ઍક્શન' બોલાય અને ચારે બાજુ સન્નાટો છવાય છે ત્યાં સાઉન્ડ રેકોર્ડિસ્ટ પોતાના હેડ-ફોન ઉતારતાં કહે છે, 'યાર, પેલો હમિંગ સાઉન્ડ હજી ચાલુ જ છે...'

પ્રોડક્શનના માણસોને દોડાવવામાં આવ્યા કે ક્યાંક દૂર દૂર કોઈ ખેતરમાં પાણીનો પમ્પ તો ચાલુ નથી ને? કે પછી કોઈ ટ્રેક્ટર આંટા તો નથી મારી રહ્યું ને? પરંતુ દૂર દૂર સુધી આ કચ્છના રણ વિસ્તારમાં કોઈ ખેતર જ નહોતું તેમ છતાં યુનિટના માણસો છેક આઘે સુધી આંટો મારીને પાછા આવ્યા, કહ્યું કે એવું કોઈ મશીન આસપાસમાં છે જ નહીં.

ફરી શૂટિંગની ચહલપહલ શરૂ થાય છે. ફરી 'ઍક્શન'ની બૂમ પડે છે. ફરી સન્નાટો છવાઈ જાય છે... અને કલાકારો સંવાદ બોલે એ પહેલાં ફરી પેલો સાઉન્ડ રેકોર્ડિસ્ટ માથું ધુણાવતાં કહે છે, 'યાર, હજી પેલો હમિંગ સાઉન્ડ ચાલુ જ છે...'

બધા મૂંઝવણમાં હતા ત્યાં કોઈને સૂઝ્યું કે અલ્યા, આઘે આઘે તપાસ કરીએ છીએ, પણ અહીં નજીકમાં તો ચેક કરી જુઓ?

- અને લો! ગામડાનો જે 'સેટ' તૈયાર કરવામાં આવ્યો હતો એના એક ઝૂંપડામાં, એક સરસ મજાના ખાટલા ઉપર એક કલાકાર ઘસઘસાટ ઊંઘી રહ્યો છે! થોડી થોડીવારે એ નસકોરાં બોલી રહ્યો છે!

જાણો છો એ કલાકાર કોણ હતા?

જી હા, 'દયા' ઉર્ફે દિશા વાંકાણીના પપ્પા યાને કે ભીમ વાંકાણી! આ આખો કિસ્સો 'મેકિંગ ઑફ લગાન' નામના પુસ્તકમાં વર્ણવ્યો છે! બહુ ઓછા લોકો જાણતા હશે કે ભીમ વાંકાણી અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલી એક નાની સ્કૂલમાં ડ્રોઇંગ ટીચરની નોકરી કરતા હતા, સાથે સાથે તે અમદાવાદનાં નાટકોની દુનિયામાં એક અચ્છા ઍક્ટર તરીકે પંકાયેલા હતા.



ભીમ વાંકાણી

એક અભિનેતા તરીકે ભીમ વાંકાણીની રેન્જ ખાસ્સી મોટી હતી. કૉમેડી હોય, વિલનનો રોલ હોય કે વડીલ તરીકેના ચરિત્ર અભિનેતા તરીકે હોય. ભીમ વાંકાણી તમામ ભૂમિકા બહુ સહજતાથી નિભાવી લેતા હતા.

જોકે એક જમાનામાં એ 'રિટેકના બાદશાહ' તરીકે પંકાઈ ગયા હતા! આ એ સમય હતો જ્યારે અમદાવાદમાં 'ઈસરો' સંસ્થાના ટીવી સ્ટુડિયોમાં ખેડા જિલ્લાના પીજ પ્રસારણ કેન્દ્ર માટે ટીવી પ્રોગ્રામ બનતા હતા. ખેતી, પશુપાલન, સામાજિક, જાગૃતિ વગેરે વિષયોને લગતી શ્રેણીઓ ઉપરાંત 'ઈસરો'ના સ્ટુડિયોમાં નાટકો વગેરે પણ શૂટ થતાં હતાં. આમાં અમદાવાદના નાટ્ય કલાકારો જ અભિનય કરતા, ફરક એટલો કે નાટકના હોલને બદલે અહીં કૅમેરાઓ સામે અભિનય કરવાનો. શૂટિંગ વખતે સામટા ત્રણ ત્રણ કૅમેરા હોય. કૅમેરાના હિસાબે સળંગ દસ દસ મિનિટનાં દૃશ્યો શૂટ કરવામાં આવે.

આમાં થતું એવું કે જો એકાદ સંવાદ બોલવામાં ચૂક થાય તો દસ-દસ મિનિટનો શોટ ફરી લેવો પડે. આમાં એકવાર ભીમ વાંકાણીને શી ખબર, શા કારણે, પણ એક ચોક્કસ સંવાદ ઉપર જ જીભ ચોંટવા લાગી. બીજો રિટેક, ચોથો રિટેક, દસમો રિટેક... એમ કરતાં કરતાં છત્રીસ રિટેક થઈ ગયા! આ ઘટના પછી ભીમ વાંકાણી 'ઈસરો'માં 'રિટેકના બાદશાહ' તરીકે જાણીતા થઈ ગયેલા. એ પછી એવું બનતું કે જો ભૂલેચૂકે પણ ભીમ વાંકાણી કોઈ ડાયલોગ પર અટકે તો તરત જ ડિરેક્ટર ત્યાં 'કટ' બોલીને, આગળ ગાડું ગબડાવી લેતાં થઈ ગયેલા!

જોકે ભીમભાઈને સ્ટેજ ઉપર ભજવાતાં નાટકોમાં આવી પિન ચોંટવાની તકલીફ ક્યારેય નહોતી થતી. બલકે એ ઓન-ધ-સ્પોટ ઇમ્પ્રોવાઇઝ કરીને સીનને સંભાળી લેતા, પરંતુ અમુક ઉંમરે એમને બીજી તકલીફ શરૂ થયેલી, એ હતી કબજિયાતની તકલીફ!

આને કારણે થતું એવું કે રાત્રે નાટકનો શો ચાલુ હોય એમાં જ અચાનક ભીમ વાંકાણીને બે નંબર લાગે! આમ પણ એમનો સળંગ લાંબો રોલ હોય નહીં. એટલે પોતાનો સીન ભજવીને બેક સ્ટેજ ઉપર આવતાંની સાથે જ એ અન્ય કલાકારોને કહેતા 'હું જરા જઈને આવું છું... મને વાર લાગે અને નાટકમાં મારી એન્ટ્રી આવે તો દરવાજે ટકોરા મારજો!'


આમાં ઘણીવાર એવું થતું કે એમને વાર લાગી જતી ત્યારે એ અંદરથી બૂમ પાડીને કહેતા, 'બસ! બે જ મિનિટ લાગશે... સ્ટેજ ઉપર જે હોય એને કહેજો, થોડો સીન ખેંચી લે..!'

આમાં જ્યારે પેલી 'બે મિનિટ' લંબાઈને છ-સાત મિનિટની થઈ જતી ત્યારે બેક-સ્ટેજ પર કૉમેડી નાટક ભજવાતું જોવા મળતું હતું.!

જોકે ભીમ વાંકાણી એટલા ખુલ્લા દિલના અને હસમુખા માણસ કે એમના માટે આ બધું માફ હતું.

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

# કોણ છે એ અભિમાની.. કાર્તિક કે પછી...?



આપણી ફિલ્મી હસ્તિઓના દેખાડવાના અને ચાવવાના દાંત અલગ હોય છે એ બધા જાણે છે.

વખતોવખત આ અંગે ખુલાસા થતા રહ્યા છે. આવા ખુલાસામાં એક તાજો ખુલાસો સામે આવ્યો છે.

'બોટ' કંપની, જે હેન્ડ્સ-ફ્રીથી માંડીને સાંભળવા માટેનાં અનેક સાધન બનાવે છે તેના કર્તાહર્તાએ નવો ખુલાસો કર્યો છે. 'બોટ'ના અમન ગુપ્તાના એ ખુલાસાથી બોલિવૂડમાં હલચલ મચી ગઈ છે. એક કાર્યક્રમમાં બોલતાં અમણે કહ્યું હતું કે અમારો અગાઉનો એક બ્રાંડ એમ્બેસેડર જે આમ તો જાહેરમાં પોતાના નમ્ર અને માયાળુ સ્વભાવ માટે જાણીતો છે, એ હકીકતમાં તેનાથી એકદમ ઊલટો વ્યવહાર કરે છે. અસલી જીવનમાં એ વ્યક્તિ અત્યંત અભિમાની છે.

અમન ગુપ્તાનું કહેવું છે કે આ વ્યક્તિને મળ્યા બાદ એને વિશ્વાસ થઈ ગયો છે કે આ દુનિયામાં અનેક લોકો નમ્ર હોવાની 'ઍક્ટિંગ' બહુ સારી કરી લે છે. અમનભાઈએ તો ફટાકડો ફોડી દીધો, પણ પછી સોશિયલ મીડિયામાં આને લઈને અટકળો ચાલુ થઈ ગઈ.

'બોટ'નો અત્યારનો બ્રાંડ એમ્બેસેડર રણવીર સિંહ છે, પણ અગાઉના બે બ્રાંડ એમ્બેસેડર અનુક્રમે દિલજિત દોસંજ અને કાર્તિક આર્યન રહી ચૂક્યા છે. આથી સોશિયલ મીડિયાવાળા હવે આ બે નામ પર પોતાના અભિપ્રાય આપી રહ્યા છે કે આ બંનેમાંથી એ અભિમાની વ્યક્તિ કોણ છે જે જાહેરમાં અત્યંત નમ્ર હોવાનો દેખાવ કરે છે. કોણ હશે દિલજિત કે કાર્તિક?તમને શું લાગે છે?

# રૂપાલીનું અસલી રૂપ આ છે?



'અનુપમા' ભારતીય સેટેલાઈટ ટેલિવિઝન ઇતિહાસની સહુથી લોકપ્રિય સિરીઝમાંથી એક છે. તેમાંથી હાલમાં કલાકારો ટપોટપ બહાર થઈ રહ્યા છે. સુધાંશુ પાંડે, મદાલસા શર્મા, નિધિ સક્સેના, કુંવર અમર અને ગૌરવ ખન્ના બાદ હવે અલીશા પરવીન જેરાહી ઉર્ફે આધ્યાનો રોલ કરે છે એને પણ વિદાય આપવામાં આવી છે. અલીશાનું સ્થાન જાણીતી ટીવી ઍક્ટર અદ્રીજા રોયે લીધું છે.

એક તરફ આ કલાકારોના રિપ્લેસમેન્ટ થવાને લીધે સિરીઝનું ટીઆરપી સતત નીચે જઈ રહ્યું છે તો બીજી તરફ આ બધાની એક્ઝિટ પાછળ શું રૂપાલી ગાંગુલી એટલે કે ખુદ અનુપમાનો હાથ છે? એવા પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે. રૂપાલીનું કહેવું છે કે કાસ્ટિંગ સુધી એની કોઈ જ પહોંચ નથી. સિરીઝનું કાસ્ટિંગ તેના સર્વેસર્વા રાજન શાહી અને ચેનલ નક્કી કરે છે.

જોકે, એક પછી એક અને એ પણ થોડા-થોડા અંતરે (રૂપાલી સિવાયના) જથ્થાબંધ કલાકારો વિદાય લેવા માંડે ત્યારે શંકાની સોય રૂપાલી તરફ જ જાય એ સ્વાભાવિક છે. કોઈ પણ સિરીઝ હોય જે કોઈ એક કલાકારોના જૂથ સાથે શરૂ થઈ હોય તેની સાથે દર્શકો પહેલેથી જ માનસિક રીતે જોડાઈ જતા હોય છે. આથી, જ્યારે એકાદો કલાકાર પણ બદલી દેવામાં આવે ત્યારે દર્શકને આંચકો લાગતો હોય છે અને નવા ચહેરા સાથે એડજસ્ટ થતા એને વાર પણ લાગે છે. જ્યારે અહીં તો સમૂહમાં કલાકારો બદલાયા છે પછી ટીઆરપી ઘટે જ ને?

# અનુરાગ કશ્યપનું બોલિવૂડને અલવિદા?

અનુરાગ કશ્યપ કાયમ માટે મુંબઈ છોડી રહ્યા છે. જી હા! આઘાત પમાડે એવા આ સમાચાર સાચા છે. એક ઇન્ટરવ્યુમાં અનુરાગે હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં હવે ફિલ્મો બનાવવાનો ખર્ચ વધી ગયો હોવાનું જણાવ્યું છે. આ ઉપરાંત મુંબઈમાં રચનાત્મક કાર્ય કરવાને બદલે ફક્ત નફા-નુકસાન ઉપર જ ધ્યાન આપવામાં આવી રહ્યું છે તેવી વાત પણ કરી છે.

અનુરાગનું કહેવું છે કે અહીં લોકો પૈસાના પૂજારી થઈ ગયા છે. ઉપરાંત પ્રોડ્યુસર્સ કે ફાઈનાન્સર્સને પોતાની ફિલ્મમાં વાર્તાને બદલે સ્ટાર્સ જોઈએ છે અને નવા ટેલેન્ટમાં એમને વિશ્વાસ પણ નથી મૂકવો કે એમને એમાં રસ પણ નથી.

અનુરાગ બહુ જલદીથી મુંબઈ છોડીને દક્ષિણમાં શિફ્ટ થઈ રહ્યા છે, કારણકે ત્યાં સૌ પ્રથમ કળા, વાર્તા અને કલાકારો ઉપર જ સંપૂર્ણ ધ્યાન આપવામાં આવે છે. પ્રૉફિટ એન્ડ લૉસની વાત પછી આવે છે. આમ પણ વિજય સેથુપથીની 'મહારાજા'માં અનુરાગ કશ્યપ વિલનની ભૂમિકા ભજવીને દક્ષિણમાં ઑલરેડી લોકપ્રિય થઈ ગયા છે. ઉપરાંત એ અહીંની બીજી બે-ત્રણ ફિલ્મમાં પણ ઍક્ટર તરીકે જોવા મળવાના છે. આથી એ મુંબઈ છોડીને સાઉથ તરફ જ પ્રયાણ કરે એ સ્વાભાવિક છે.

**કટ એન્ડ ઓકે..**



'મારો એક્સ-બૉયફ્રેન્ડ મારે કયા પ્રકારનાં કપડાં પહેરવા તેના પર પણ કન્ટ્રોલ રાખતો હતો.'

- એક ટીવી કાર્યક્રમમાં સંગીતા બિજલાણીએ સલમાન ખાન તરફ ઈશારો કરીને ધમાકો કર્યો છે.

# શૅરબજારમાં તેજીનો જુવાળઃ સેન્સેક્સ ૧૫૦૦ પોઈન્ટ ઉછળીને ૮૦,૦૦૦ની સપાટી વટાવી પાછો ફર્યો, નિફ્ટી પણ ૨૪,૨૦૦ને સ્પર્શ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શેરબજારમાં નવા વર્ષના બીજા સત્રમાં તેજીનો જુવાળ જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૧૫૦૦ પોઇન્ટ ઉછળીને ૮૦,૦૦૦ની સપાટી વટાવી પાછો ફર્યો, નિફ્ટી પણ ૨૪,૨૦૦ને સ્પર્શ્યો હતો. સેન્સેક્સ ૧,૪૩૬.૩૦ પોઈન્ટ અથવા ૧.૮૩ ટકા વધીને ૭૯,૯૪૩.૭૧ની સપાટીએ અને નિફ્ટી ૪૪૫.૭૫ પોઈન્ટ અથવા ૧.૮૮ ટકા વધીને ૨૪,૧૮૮.૬૫ની સપાટીએ સ્થિર થયો હતો.

કુલ ટ્રેડેડ શેરોમાંથી લગભગ ૨૩૧૨ શેર વધ્યા હતા અને ૧૪૯૬ શેર ઘટ્યા હતા, જ્યારે ૧૦૮ શેર મૂળ સપાટીએ પાછા ફર્યા હતા. એશિયન બજારોની પીછેહઠને અવગણીને, ભારતીય બેન્ચમાર્ક ઇક્વિટી બેન્ચમાર્ક ઝડપી આગેકૂચ નોંધાવી છે. બજારમાં હાલ તો કોઇ ટ્રીગર નથી, પરંતુ શોર્ટ કવરિંગને કારણે આ તેજીનો ઉછાળો જોવા મળ્યો હોવાનું બજારના સાધનો જણાવે છે.

બજાજ ફિનસર્વ, આઇશર મોટર્સ, બજાજ ફાઇનાન્સ, મારુતિ સુઝુકી, શ્રીરામ ફાઇનાન્સ નિફ્ટીમાં ટોપ ગેઇનર્સ રહ્યા હતા, જ્યારે બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝ, સન ફાર્માનો ટોપ લુઝર્સમાં સમાવેશ હતો. બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ બેન્ચમાર્ક પ્રત્યેકમાં એક-એક ટકાનો ઉમેરો થયો છે. આ સત્રમાં બજારનો અંડરટોન તેજીનો રહ્યો હતો. ઓટો ઇન્ડેક્સ ૩.૫ ટકા અને આઇટી ઇન્ડેક્સ ૨ ટકાના વધારા સાથે તમામ ક્ષેત્રીય બેન્ચમાર્ક ગ્રીન જોનમાં બંધ થયા છે. સાર્વત્રિક લેવાલી વચ્ચે બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ બેન્ચમાર્ક પ્રત્યેકમાં એક-એક ટકાનો ઉમેરો થયો છે. પ્રાઇમરી માર્કેટમાં કેપિટલ ઇન્ફ્રા ટ્રસ્ટ ઇન્વિટનો રૂ. ૧,૫૭૮ કરોડના બુક બિલ્ટ ઇશ્યુ સાતમી જાન્યુઆરીએ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને નવમીએ બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૯૯થી રૂ.૧૦૦ પ્રતિ શેર છે.આ ઇશ્યૂ રૂ. ૧,૦૭૭ કરોડના ૧૦.૭૭ કરોડ શેરના ફ્રેશ ઇશ્યૂ અને રૂ. ૫૦૧.૦૦ કરોડના કુલ ૫.૦૧ કરોડ શેરના વેચાણની ઓફરનું સંયોજન છે. શેરની ફાળવણી શુક્રવારે અને લિસ્ટિંગ મંગળવારે થશે.

કોર્પોરેટ પરિણામ પર ખાસ નજર રહેશે અને તેને કારણે શેરલક્ષી કામકાજ જોવા મળશે. મારુતિનું વેચાણ ડિસેમ્બરમાં ૩૦ ટકા વધીને ૧,૭૮,૨૪૮ યુનિટ સુધી પહોંચ્યું છે. જર્મન કાર મેકર ઓડી ઇન્ડિયાએ ૨૦૨૪માં ૨૭ ટકાના ઘટાડા સાથે ૫૮૧૬ કારનું વેચાણ નોંધાવ્યું છે. રોયલ એનફિલ્ડનું વેચામ ૨૫ ટકા વધીને ૭૯,૪૬૬ યુનિટ રહ્યું છે.

સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઇનિંગ આઇપીઓ છઠી જાન્યુઆરીએ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને આઠ જાન્યુઆરીએ બંધ થશે. એ વન સ્ટીલ ઇન્ડિયાએ રૂ. ૬૫૦ કરોડના આઇપીઓ માટે ડીઆરએચપી ફાઇલ કર્યું છે.

સેન્સેક્સના શેરોમાં બજાજ ફિનસર્વ આઠ ટકા અને બજાજ ફાઇનાન્સ છ ટકા જેવો ઊછળ્યો હતો. અન્ય ટોપ ગેઇનર્સમાં મારુતિ, ટાઇટન, મહિન્દ્રા, ઇન્ફોસિસ, એચસીએલ ટેક, ઝોમેટો, અલ્ટ્રાટેક અને કોટક મહિન્દ્રા બેન્કનો સમાવેશ હતો. સેન્સેક્સના શેરોમાં માત્ર સન ફાર્મા જ નેગેટિવ ઝોનમાં લપસ્યો હતો. ડોમેસ્ટિક અને એક્સપોર્ટ રિફંડમાં નોંધપાત્ર વધારા છતાં ડિસેમ્બરની કુલ જીએસટી વસૂલી ૭.૩ ટકા વધીને રૂ. ૧.૭૭ લાખ કરોડ નોંધાઇ છે. ડિસેમ્બરમાં નવા બિઝનેસ ઓર્ડર અને ઉત્પાદનની ધીમી વૃદ્ધિને કારણે ડિસેમ્બર મહિનાનો ઉત્પાદન વિકાસદર ૧૨ મહિનાની નીચી સપાટીએ ધકેલાયો હતો. એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેકચરિંગ પરચેઝિંગ મેનેજર ઇન્ડેક્સ ડિસેમ્બરમાં ૫૬.૪ની સપાટીએ પહોંચ્યો છે, જે નવેમ્બરમાં ૫૬.૫ની



સપાટીએ હતો. સ્મોલ અને મિડકેપ શેરોમાં પણ જોરદાર આગેકૂચ જોવા મળી હતી. ઓટોમોબાઇલ કંપનીઓના વેચાણના પ્રોત્સાહક ડેટાને લીધે ઓટો શેરોમાં અને આગામી સમય માટે સારા સંકેત વચ્ચે આઇટી શેરોમાં જોરદાર લેવાલી અને સુધારો રહેતા બજારમાં તેજીમય માહોલ સર્જાયો હતો. સેન્સેક્સ અને નિફ્ટીનો આ બાવીસમી સપ્ટેમ્બર, ૨૦૨૪ પછીનો સૌથી મોટો એકદિવસીય ઉછાળો છે. આ લખાઇ રહ્યું છે ત્યારે એમકેપમાં લગભગ રૂ. ૬.૫૦ લાખ કરોડ ઉમેરાયા છે. આઇશર મોટર્સ, બજાજ ઓટો, હીરો મોટોકોર્પ, ખખ, મારુતિ સુઝુકી અને ટાટા મોટર્સ જેવા હેવીવેઇટ્સ ઓટો શેરમાં સાતેક ટકા સુધીનો ઉછાળો આવતા નિફ્ટી ઓટો ઇન્ડેક્સ ત્રણ ટકા સુધી ઊછળ્યો હતો, જે છ મહિનામાં તેનો સૌથી મોટો સિંગલ-ડે જમ્પ છે.

ઓટોમોબાઇલ કંપનીઓના અપેક્ષા કરતાં વધુ સારા વેચાણના આંકડાને કારણે આ તેજી જોવા મળી છે. ડિસેમ્બર ક્વાર્ટર અને ૨૦૨૫માં આઇટી સેક્ટરમાં આવક વૃદ્ધિ વધુ સુધરવાની શક્યતા હોવાની સીએલએસએ અને સિટીની આગાહી પછી આઇટી ઇન્ડેક્સ બે ટકા વધ્યો હતો. આ રીતે ઓટો અને આઇટી શેરોની આગેવાનીએ તેજીનો માહોલ સર્જાયો હતો.

અગ્રણી સ્ટોક બ્રોકિંગ ફર્મના રિસર્ચ એનાલિસ્ટે કહ્યું હતું કે નિફ્ટી તેની ટોચની સપાટી સામે લગભગ નવેક ટકા નીચી સપાટીએ છે તે જોતા હવે વધુ કરેકશનને અવકાશ હોય એવું લાગતું નથી.

કોર્પોરેટ ક્ષેત્રની ત્રિમાસિક કમાણીની સિઝન પહેલા નાણાકીય, ઓટો અને આઇટી શેરોને કારણે ભારતીય ઇક્વિટી શેરઆંકો આગેકૂચ કરી રહ્યાં છે. ડિસેમ્બરના મજબૂત વેચાણને કારણે ઓટો શેરોમાં સુધારો જોવા મળ્યો હતો. આઇટી શેરો અને બેન્કિંગ શેર્સમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. બીએસઇ પર તમામ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ મૂડીમાં રૂ. ૬.૫૦ લાખનો વધારો થયો છે. સેક્ટોરલ મોરચે, ઓટો, આઈટી સૂચકાંકો પ્રત્યેક ૨ ટકા ઉપર છે. બજાજ ફિનસર્વ, આઇશર મોટર્સ, બજાજ ફાઇનાન્સ, મારુતિ સુઝુકી, ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ નિફ્ટીના ટોપ ગેઇનર્સ છે, જ્યારે બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝ, સન ફાર્મા, અદાણી પોર્ટ્સ અને બીપીસીએલને નુકસાન થયું છે. બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેક્સ દરેક ૦.૪ ટકા વધ્યા છે.

ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૭૮,૫૦૭.૪૧ના બંધથી ૧૪૩૬.૩૦ પોઈન્ટ્સ (૧.૮૩ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૬.૦૪ લાખ કરોડ વધીને રૂ.૪૫૦.૪૭ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૮,૬૫૭.૫૨ ખૂલીને નીચામાં ૭૮,૫૪૨.૩૭ અને ઊંચામાં ૮૦,૦૩૨.૮૭ સુધી જઈને અંતે ૭૯,૯૪૩.૭૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

બીએસઈ સેન્સેક્સની ૨૯ સ્ક્રિપ વધી હતી, જ્યારે એક સ્ક્રિપ ઘટી હતી.એક્સચેન્જમાં ૪,૦૮૬ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૩૯૫ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૫૭૪ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૧૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૭૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૫ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૮૯ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૬૮ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૯૦ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૬૯ ટકા વધ્યો હતો.

બધા સેક્ટરલ ઈન્ડાયસીસ વધ્યા હતા, જેમાં સૌથી અધિક વધેલા પાંચ ઈન્ડેક્સમાં બીએસઈ ઓટો ૩.૬૬ ટકા, ફોકસ્ડ આઈટી ૨.૩૪ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૨.૩૧ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૨.૨૪ ટકા અને ટેક ૨.૨૯ ટકાનો ઉછાળો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે બજાજ ફિનસર્વ ૭.૮૬ ટકા, બજાજ ફાઈનાન્સ ૬.૫૦ ટકા, મારુતિ ૫.૪૯ ટકા, ટાઈટન ૪.૨૨ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૪.૨૦ ટકા, ઈન્ફોસિસ ૩.૯૮ ટકા, એચસીએલ ટેક્નોલોજી ૩.૦૪ ટકા, ઝોમેટો ૩.૦૨ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૮૧ ટકા, કોટક બેન્ક ૨.૬૮ ટકા અને ઈન્ડસઈન્ડ બેન્ક ૨.૪૪ ટકા વધ્યો હતો. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં એકમાત્ર સ્ક્રિપ સન ફાર્મા ૦.૬૨ ટકા ઘટી હતી. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૮૬.૦૬ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૧૧૦ સોદામાં ૨,૦૫૯ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૫,૧૩,૪૨૮ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૨૭,૫૩,૨૬૯.૫૧ કરોડનું રહ્યું હતું.

# અનાજ-કરીયાણાના ભાવ વધારા માટે રીટેલ દુકાનદારો જવાબદાર નથીઃ ગ્રેન ડીલર્સ

મુંબઇઃ અનાજ કરીયાણાના રીટેલ ભાવોમાં આવેલ ઉછાળા માટે રીટેલ દુકાનદારોના માથે દોષનો ટોપલો ઢોળનારાઓને પ્રત્યુત્તર આપતા ધી મુંબઇ ગ્રેન ડીલર્સ એસોસીએશને જણાવ્યું છે કે, રીટેલ દુકાનદારોએ હોલસેલ બજારમાંથી અનાજ-કરીયાણા ના ઉંચા ભાવની ખરીદીના બીલ સાચવી રાખ્યા છે. યોગ્ય સમયે સરકાર સમક્ષ તે રજુ કરવામાં આવશે, જેના આધારે ભાવ વધારા માટે જવાબદાર વ્યક્તિઓ સરકાર અને સામાન્ય જનતા સમક્ષ ખુલ્લા પડી જશે. આજે જ્યારે રીટેલ દુકાનદારો ઓનલાઇન બિઝનેસ, સુપર માર્કેટ, વગેરેની ગળાકાપ સ્પર્ધાના પડકારોનો સામનો કરી રહ્યા છે, આવા ગળાકાપ હરીફાઇના કપરા સમયમાં તેઓ ભાવ ઘટાડવાને બદલે ઊંચા ભાવ લેવા માંડે એ તર્ક વિરૂદ્ધ હોવાનું જણાવતાં સંસ્થાના પ્રમુખ રમણીકલાલ જાદવજી છેડાએ કહ્યું હતું કે, મુંબઇ જેવા શહેરમાં તોતિંગ ખર્ચાઓ અને નફાના નજીવા માજીર્નને કારણે રીટેલ દુકાનદારોને અનાજ- કરીયાણાનો ધંધો કરવો હવે પરવડતું નથી. દુકાનના ભાડા, લાઇટબીલ, દુકાનની જાળવણીનો ખર્ચ, જુદી-જુદી લાયસન્સ ફી, માણસોના પગાર, વર્ગણીઓ, વગેરે અનેક ખર્ચાઓને કારણે અનાજના રીટેલ દુકાનો દિન-પ્રતિદિન બંધ થઇ રહ્યા છે. જ્યારે પણ રીટેલ બજારમાં અનાજના ભાવો વધે તો તે માટે હંમેશા રીટેલ દુકાનદારોને જવાબદાર ઠેરવનારાઓને ખુલ્લા પાડવાનું અમારી સંસ્થાએ આ વખતે નક્કી કર્યું છે એમ સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે. સંસ્થાના પ્રમુખે જણાવ્યું હતું કે, હોલસેલ બજારમાંથી સરકારને સૌથી હલકી ક્વોલીટીના માલના ભાવ આપવામાં આવે છે. આ ક્વોલીટીનો માલ સામાન્ય જનતા ખરીદતી પણ નથી. મિડીયમ અને સારી ક્વોલીટીના માલ હોલસેલ બજારમાં જ બે-ત્રણ મથાળા ફર્યા બાદ હજુ વધી જાય છે અને રોટેલ દુકાને પહોંચ્યા બાદ તેના પર માત્ર ૮ થી ૧૦ ટકા ચડાવી રીટેલ દુકાનદાર ગ્રાહકને માલ વેંચતો હોય છે. સ્વાભાવિક છે કે હોલસેલ બજારમાં પહેલા વેપારીએ ખરીદેલ હલકી ક્વોલીટીના માલના ભાવ અને રીટેલ દુકાનદારે ગ્રાહકને વેંચેલ સારી ક્વોલીટી (બે-ત્રણ મથાળા ફરેલ માલ)ના માલના ભાવમાં નોંધનીય તફાવત આવે. સરકારે અને ગ્રાહકોએ આ છેતરામણી સમજવી જરૂરી છે. જો ગ્રોમાના વેપારીઓ સંસ્થાના ધારા-ધોરણો મુજબ વેપાર નહીં કરશે તો હોલસેલ અને રીટેલ વેપારીઓને બંનેને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.ભૂતકાળમાં જ્યારે પણ બજારભાવી વધ્યા છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાના ગોડાઉનોમાંથી રીટેલ બજારોમાં અનાજ મોકલાવતા બજાર ભાવ કાબુમાં આવે છે, કારણકે રીટેલ દુકાનદાર ઓછો કિંમતનો લાભ સીધો જ ગ્રાહકોને આપે છે.

# ટ્રમ્પની વેપાર-વેરાની નીતિઓની ચિંતા વચ્ચે વિશ્વ બજાર પાછળ શુદ્ધ સોનું ₹ ૪૯૬ની તેજી સાથે ₹ ૭૭,૦૦૦ની પાર, ચાંદીમાં ₹ ૧૧૧૨નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકામાં આગામી થોડા સમયગાળા પશ્ચાત્ ડૉનલ્ડ ટ્રમ્પના પ્રમુખપદ હેઠળ વેપાર અને વેરાની નીતિમાં થનારા બદલાવની ચિંતા વચ્ચે આજે લંડન ખાતે વર્ષ ૨૦૨૫નાં પહેલા સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો વધુ ૧૧ પૈસા ગબડ્યો હોવાથી આયાત પડતરોમાં વધારો થતાં સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૪થી ૪૯૬નો સુધારો આવ્યો હતો, જેમાં શુદ્ધ સોનાના ભાવ રૂ. ૭૭,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. તેમ જ વિશ્વ બજાર પાછળ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલીનું આકર્ષણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૧૧૨ના ચમકારા સાથે રૂ. ૮૭,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજારમાં ભાવ ૧.૮૦ ટકા જેટલા ઉછળી આવ્યાના નિર્દેશો સાથે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલીનું આકર્ષણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૧૧૨ ઉછળીને રૂ. ૮૭,૧૬૭ના મથાળે



રહ્યા હતા. વધુમાં સોનામાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને રૂપિયો નબળો પડ્યો હોવાથી ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૪ વધીને રૂ. ૭૬,૭૭૦ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૯૬ વધીને રૂ. ૭૭,૦૭૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે તેજીના માહોલમાં સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગત કેલૅન્ડર વર્ષ ૨૦૨૪માં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતનો આશાવાદ, કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી અને રાજકીય-ભૌગોલિક તણાવને કારણે વૈશ્વિક સોનામાં ૨૭ ટકાનો ઉછાળો નોંધાયા બાદ આજે લંડન ખાતે વર્ષ ૨૦૨૫નાં પ્રથમ સત્રના આરંભે ખાસ કરીને નવા ચૂંટાયેલા અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ હોદ્દો અખત્યાર કરતાં વેપાર અને વેરાની નીતિમાં થનારા સંભવિત પરિવર્તન અને તેની અર્થતંત્ર પર પડનારી અસરો તથા ફેડરલ રિઝર્વ કેવી નાણાં નીતિ અપનાવશે તેની અવઢવ વચ્ચે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૨૬૪૧.૬૪ ડૉલર અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા વધીને ૨૬૫૪.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૧.૮ ટકા વધીને ઔંસદીઠ ૨૯.૩૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલમાં વૈશ્વિક સોનું કોન્સોલિડેશનના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે અને બ્રેકઆઉટની રાહ જોઈ રહ્યું છે. મારા મતાનુસાર આ બ્રેકઆઉટ તેજીતરફી હોય શકે,એમ કેપિટલ ડૉટ કૉમના વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ જણઆવતાં ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૨૫માં ખાસ કરીને રાજકીય-ભૌગોલિક જોખમો અને ટ્રમ્પના વહીવટીતંત્રમાં રાજકોષીય ખાધ દબાણ હેઠળ આવે તેવી શક્યતા જોતા ફેડરલ રિઝર્વ સામે વ્યાજદરમાં કપાતમાં પડકારો સર્જાય તેમ હોવાથી સલામતી માટેની માગને ટેકે સોનામાં તેજીનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા પ્રબળ જણાય છે.

જોકે, આગામી ટૂંકા સમયગાળા માટે હવે બજારની નજર આગામી સપ્તાહે જાહેર થનારા અમેરિકાના આર્થિક ડેટાઓ અને આગામી ૨૦મી જાન્યુઆરીની ટ્રમ્પની પ્રમુખપદની સોગંદવિધી પછી તેની ટેરિફ અંગેની નીતિઓ અને એ નીતિઓની ફેડરલની નાણાંનીતિ પર કેવી અસર થાય છે તેના પર અવલંબિત રહેશે. તેમ છતાં હાલમાં ટ્રેડરોનું માનવું છે કે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાત માટે આગામી સમયગાળામાં સાવચેતીનો અભિગમ અપનાવશે. આથી જ આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી જાન્યુઆરી મહિનાની બેઠકમાં વ્યાજદરમાં કપાત મૂકે તેવી માત્ર ૧૧.૨ ટકા શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે.

# ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા નબળો



મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગઈકાલે ઈક્વિટીમાં રૂ. ૧૭૮૨.૭૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશો અને ગત ડિસેમ્બર મહિનાનો ઔદ્યોગિક ઉત્પાદનનો પીએમઆઈ આંક ઘટીને ૧૨ મહિનાની નીચી ૫૬.૪ની સપાટીએ રહ્યો હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયો વધુ ૧૧ પૈસા નબળો પડીને ૮૫.૭૫ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૬૪ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૬૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૭૯ અને ઉપરમાં ૮૫.૬૮ની રેન્જમાં અથડાઈને અંતે ૧૧ પૈસા તૂટીને ૮૫.૭૫ની સપાટીએ બંધ રહ્યો હતો. ગત ૧૭ ડિસેમ્બરના રોજ ડૉલર સામે રૂપિયો ૮૫.૮૦ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો. હાલમાં વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, ઈક્વિટીમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો અવિરત બાહ્યપ્રવાહ અને ડૉલરમાં આયાતકારોની લેવાલીને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ ૮૫.૫૦થી ૮૬ની રેન્જમાં રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી. જોકે, રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો બજારમાં સંભવિત હસ્તક્ષેપ રૂપિયાને ટેકો આપી શકે, એમ તેમણે ઉમેર્યું હતું. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ વધ્યા મથાળેથી સાધારણ ૦.૦૨ ટકા ઘટીને ૧૦૮.૪૬ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૯૧ ટકા વધીને બેરલદીઠ ૭૫.૩૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૪૩૬.૩૦ પૉઈન્ટનો અને ૪૪૫.૭૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાને થોડોઘણો ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# વિવિધ ધાતુઓમાં માગ અનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સ્ટોકિસ્ટો, વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગ અનુસાર વિવિધ ધાતુઓના ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું. જેમાં ખાસ કરીને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૧નો અને વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે કોપર આર્મિચર, બ્રાસ, ટીન અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સુધારો આવ્યો હતો, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ અને ચારનો અને નિરસ માગે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન આજે ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનના ડિસેમ્બર મહિનાના ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ હોવાના અહેવાલ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ચીન આર્થિક વૃદ્ધિને વેગ આપવા વધુ સ્ટિમ્યુલસ પૅકેજની જાહેરાત કરે તેવા આશાવાદે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ આગલા બંધ સામે ૦.૯ ટકા વધીને ટનદીઠ ૮૮૬૩.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

સ્થાનિક ધાતુ બજારમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને અવગણીને માગ અનુસાર ભાવમાં વધઘટ જોવા મળી હતી, જેમાં મુખ્યત્વે કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૮૧૬ના મથાળે રહ્યા હતા. જ્યારે વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૫૫૫, રૂ. ૫૧૦ અને રૂ. ૨૫૬૨ તથા કોપર આર્મિચર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૭૦ અને રૂ. ૨૪૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને વપરાશકારોની માગ નિરસ રહેતાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૭૧૬ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૩૩૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય નિરસ માગે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૭૭૯, રૂ. ૭૭૪ અને રૂ. ૨૮૩ના મથાળે રહ્યા હતા.

આ સિવાય આજે ખપપૂરતી છૂટીછવાઈ માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯૩ અને રૂ. ૧૮૨ના મથાળે ટકેલા રહ્યા હતા.

# મલયેશિયા પાછળ આયાતી તેલમાં નરમાઈ, સિંગતેલમાં ₹ ૧૦નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના માર્ચ અને એપ્રિલ વાયદામાં અનુક્રમે ૧૧૨ અને ૯૧ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી આયાતી સોયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યાના તેમ જ અન્ય દેશી તેલમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિકમાં દેશી તેલમાં ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૫, સિંગતેલમાં રૂ. ૧૦ અને સરસવમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ભાવમાં ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦, ગોકુલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૯૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫ અને અલાનાના ખપોલીથી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો અને માત્ર રવાનગીના કામકાજો થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, સિંગતેલના રૂ. ૧૪૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને સરસવના રૂ. ૧૩૯૦ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ઓછી રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ ૨૦ ઘટીને રૂ. ૨૨૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૪૨૫ના મથાળે થયાના અહેવાલ હતા.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૧.૨૫ લાખ ગૂણીની આવક થઈ હતી, જ્યારે રાજસ્થાનમાં સરસવની અંદાજે ૭૦,૦૦૦ ગૂણીની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૪૨૫થી ૬૫૫૦માં થયા હતા. આ સિવાય સરસવ એક્સ્પેલર અને કચ્ચી ઘાણીના વેપાર ૧૦ કિલોદીઠ અનુક્રમે રૂ. ૧૩૦૫ અને રૂ. ૧૩૧૫માં તથા સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૩૫૦થી ૨૩૫૫ના મથાળે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સાયબર ઠગોની જાળમાં ફસાયેલી કેરા ગામની મહિલાએ દોઢ લાખ ગુમાવ્યા: પોલીસે ૫૮ હજાર પરત અપાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજ તાલુકાના કેરા ગામની મહિલાને સ્કેમરોએ ઘેરબેઠાં કામ કરવાની લાલચ આપી વિવિધ સ્કીમોના નામે રૂા. ૧,૫૩,૬૬૪ની ઑનલાઇન ઠગાઈ આચરી હતી. જેમાં સાયબર ક્રાઇમ સેલે મદદરૂપ બની પૂરેપૂરી રકમ ફ્રીઝ કરાવી રૂા. ૫૮,૫૭૦ પરત અપાવ્યા હતા.

આ અંગે સાયબર ક્રાઇમ સેલ (એલસીબી)ના પ્રવક્તાએ આપેલી માહિતી મુજબ કેરાના તુલસીબેનને અજાણી મેઈલ આઈડી પરથી 'ઘેરબેઠાં કામ કરો અને રૂપિયા કમાઓ' એવો ઈ-મેઈલ આવ્યો હતો.

તુલસીબેને રીપ્લાય કરતાં સામેવાળાએ જણાવ્યું કે, પહેલાં ૩૦૦૦ રૂપિયા પ્રોસેસિંગ ફી ભરવી પડશે. અરજદારે ભરતાં, વધારે રૂપિયા કમાવાની લલચામણી સ્કીમ અંગે માહિતી આપી હતી. તુલસીબેને ચીટરના કહેવા પ્રમાણે અલગ-અલગ ટ્રાન્જેક્શન કરી રૂા. ૧,૫૩,૬૬૪ ચૂકવી દીધા હતા.

ઈ-મેઈલ આવતાં બંધ થઈ જતાં પોતાની સાથે ઑનલાઇન સ્કેમ થયાનું ધ્યાને આવતાં તુરત જ સાયબર ક્રાઇમ સેલનો સંપર્ક કરતાં સેલે આ મહિલાને મદદરૂપ બની ટેક્નિકલ રિસોર્સ તથા બૅન્કો સાથે પત્રવ્યવહાર કરી ગયેલી રકમ ફ્રીઝ કરાવી હતી અને તેમાંથી રૂા. ૫૮,૫૭૦ અરજદારના ખાતામાં પરત અપાવ્યા હતા.

બાકીનાં નાણાંને ટ્રેસ કરવાની કામગીરી હજુ ચાલુ હોવાનું પ્રવક્તાએ ઉમેર્યું હતું. ■

(તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)




**રાજકોટમાં ખેલ મહાકુંભ ૩.૦ની પ્રિ-ઓપનિંગ ઈવેન્ટ યોજાઈ**

રાજકોટમાં આગામી ચોથી જાન્યુઆરીએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખેલમહાકુંભનો પ્રારંભ થશે. તે પહેલાં ગુરુવારે ખેલ મહાકુંભ ૩.૦ની પ્રિ-ઑપનિંગ ઈવેન્ટ યોજાઈ હતી. આ ઈવેન્ટ દરમિયાન બહુમાળી ભવનથી રેસકોર્સ સુધી રૅલી યોજાઈ હતી. બહુમાળી ખાતેથી શરૂ થયેલી આ રૅલી જ્યારે રેસકોર્સ રોડ પરથી પસાર થતી હતી ત્યારે નાગરિકોએ વાહન થંભાવી દીધાં હતાં.

# અખરોટના નામે દુબઈથી આયાત કરેલો પોણા ત્રીસ કરોડના મૂલ્યનો સોપારીનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના મુંદરા અદાણી બંદર પાસેના સીએફએસ સેન્ટરમાં ફરી ત્રાટકેલી મુંદરા કસ્ટમની સ્પેશિયલ ઇન્ટેલિજન્સ એન્ડ ઇન્વેસ્ટિગેશન શાખાએ દુબઈથી ભારતમાં દાણચોરી કરી સોપારીના જથ્થાને ઘુસાડવાના વધુ એક કારસાને નિષ્ફળ બનાવી અંદાજિત પોણા ત્રીસ કરોડની આંતરરાષ્ટ્રીય બજાર કિંમતનો ૫૦ ટન જેટલો એરકા નટ્સ એટલે કે તૂટેલી અને આખી સોપારીનો જથ્થો જપ્ત કર્યો હતો.

મળતી માહિતી મુજબ, મુંદરા કસ્ટમની એસઆઈઆઈબી શાખાને મળેલી પૂર્વ બાતમીના આધારે મુંદરા કસ્ટમના પ્રિન્સિપલ કમિશનર કે. એન્જિનિયરની સૂચનાથી કસ્ટમની આ બ્રાન્ચ દ્વારા કરાયેલી તપાસમાં બે મોટા કન્ટેનરમાં અખરોટની આડમાં બે કન્ટેનર ભરેલી ૫૦ ટન વજનની સોપારીની ગુણીઓ ભરેલો જથ્થો મળી આવ્યો હતો.

સોપારીના કાળા કારોબાર માટે જાણીતા એવા દુબઈના જેબલ અલી બંદરેથી આવેલો અને કંડલા ખાતેના મુક્ત વ્યાપાર કેન્દ્રમાં સ્થિત એક યુનિટમાં જતો હોવાનું આયાતકાર દ્વારા ડિક્લેર કરાયું હતું અને જથ્થામાં અખરોટ હોવાનું દર્શાવાયું હતું, પરંતુ આ મિસ ડિક્લેરેશન કેસમાં બે કન્ટેનરમાં કુલ ૫૦ ટન વજનની સોપારી મળી આવી હતી.

બિલ ઑફ એન્ટ્રીમાં અખરોટ દર્શાવાયેલો અને સોપારીનો આ જથ્થો ઘુસાડીને અંદાજિત રૂા. ત્રણ કરોડની ડ્યૂટી ચોરી કરવાનો કારસો રચાયો હતો. શ્રીલંકા અને વિયેતનામ જેવા દેશોમાંથી સોપારી મળે છે, પરંતુ દુબઈથી સોપારી લઈ આવવામાં તંત્રને છેતરવા માટે દર વખતે નવી-નવી મોડેસ ઓપરેન્ડી અપનાવવામાં આવે છે. ■



(તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)

**રાજકોટમાં આરોપીઓનું પોલીસે જાહેરમાં સરઘસ કાઢ્યું**

રાજકોટ ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હત્યાના પ્રયાસના ગુનામાં પોલીસે નાસતા ફરતા આરોપી રાજપાલસિંહ ઉર્ફે રાજા જાડેજા અને પિષુય સોલંકીને ઝડપી પાડી રિમાન્ડ પર લેવામાં આવ્યા હતા. આ દરમિયાન પોલીસે બંને આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢી ઘટનાસ્થળ પર લઈ જઈ પંચનામું કર્યું હતું. આ દરમિયાન પંચોની હાજરીમાં પોલીસે આરોપીઓએ સમગ્ર ઘટનાને કેવી રીતે અંજામ આપ્યો તે અંગે પૂછપરછ અને તપાસ હાથ ધરી હતી.

# ભુજની કુખ્યાત સિકંદર સોઢાની ચીટર ગૅંગે સુરતના જ્વેલરને ઘરમાં બંધક બનાવી ૩૧.૬૦ લાખની લૂંટ આચરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ફેસબુક પર સસ્તા સોનાના નામે લોકોને લલચાવીને ભુજ બોલાવી લાખ્ખો રૂપિયાની ઠગાઈ આચરતી ભુજની સિકંદર ઊર્ફે સિકલો જુસબ સોઢાની ચીટર ગૅંગનાં કારનામાં સમયાંતરે બહાર આવતાં રહે છે. આ કુખ્યાત ટોળકીએ સુરત શહેરના જ્વેલર્સને સસ્તા સોનાના નામે ભુજ બોલાવી, બંધક બનાવીને ૩૧.૬૦ લાખ રૂપિયા ઝૂંટવી લીધા હોવાનો બનાવ બહાર આવતાં ભારે ચકચાર પ્રસરી જવા પામી હતી.

સુરતના ૪૯ વર્ષીય રમેશ પ્રજાપતિએ ભુજ એ ડિવિઝન પોલીસને જણાવ્યું હતું કે, તેના બે પુત્રો મયૂર અને હર્ષદ તથા નાના ભાઈ વિપુલનો પુત્ર મિતેષ સુરતમાં જ્વેલરી શોપ ચલાવે છે. એકાદ માસ અગાઉ મિતેષે સોનાની ખરીદી સંબંધી વિગતો માટે ઈન્ડિયા માર્ટમાં રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.ત્યાર બાદ બાદ મિતેષને ભુજથી પ્રણવ સોની નામની વ્યક્તિએ ફોન કરી બજારભાવ કરતાં ૨૦થી ૨૫ ટકા ઓછા ભાવે સોનું વેચતો હોવાનું જણાવ્યું હતું.

આ ચીટરના વિશ્વાસમાં આવી જઈને રમેશના પુત્રો-ભત્રીજાએ બચતના પડેલા ૧૧ લાખ રૂપિયા તથા પોતાના અને પરિચિતો પાસેથી ૩૦ તોલા સોનું સુરતની બૅન્કમાં ગિરવે મૂકી ૧૯ લાખ રૂપિયાની ગોલ્ડ લોન લઈ ૩૧.૬૦ લાખ રૂપિયાની વ્યવસ્થા કરીને ગત ૩૦મી ડિસેમ્બરની સવારે ફરિયાદી, તેમના બે પુત્રો, નાનો ભાઈ વિપુલ અને તેનો પુત્ર મિતેષ તથા તેમની દુકાનનો સુવિકા માજી નામનો કારીગર ટ્રેન મારફતે ભુજ આવ્યા હતા.

ભુજ આવીને તેમણે પ્રણવ સોની નામના શખસને ફોન કરતાં તેણે મોકલેલી કારમાં રમેશ, તેમનો પુત્ર મયૂર અને સુવિક બેઠા હતા. ડ્રાઈવર સીધીક સાલમામદ ફકીર ત્રણેને તૈયબા ટાઉનશીપના એક મકાનમાં લઈ ગયો હતો જ્યાં સિકંદર સોઢાએ તેમને મળીને ૧ કિલો સોના પર ૨૫ ટકા ડિસ્કાઉન્ટ આપવાની ઑફર આપી હતી. વાતચીત કર્યા બાદ ત્રણે જણ પરત ફર્યા હતા અને બપોર બાદ રૂપિયા આપીને ગોલ્ડ ખરીદવાનું નક્કી કર્યું હતું. બપોર બાદ રૂપિયા લઈને રમેશભાઈનો ભત્રીજો મિતેષ, પુત્ર હર્ષદ અને નાનો ભાઈ વિપુલ તે જ કારમાં બેસીને તૈયબા ટાઉનશીપમાં સોનું ખરીદવા ગયા હતા. જતી વખતે મિતેષે તેના ફોનમાં લાઈવ લોકેશન ઑન કરીને મયૂરના ફોન પર વૉટસઍપ કરી દીધું હતું.

ત્રણે જણને મકાનમાં બેસાડીને સિકંદર સોઢાએ રૂપિયા આપી દો, માલ તમને થોડીક વાર પછી મળી જશે તેમ કહેતાં ત્રણે જણે 'એક હાથ સે સોના દો, દૂસરે હાથ સે રૂપિયા લો' કહેતાં સિકંદર ગુસ્સે થઈ ગયો હતો. તેણે રૂપિયા ભરેલી બૅગ ઝૂંટવી લીધી હતી અને 'ગોલ્ડ લઈને આવીએ છીએ, અહીં જ બેસો' કહીને ત્રણેયને અંદર પૂરી દેવા ડ્રાઈવર સીધીક સાથે ઘરને તાળું મારીને બહાર નીકળી ગયો હતો.

શંકા જતાં વિપુલે મોટાભાઈ રમેશને ફોન કરી પોતાની સાથે ફ્રોડ થયું હોવાનું જણાવી લાઈવ લૉકેશનમાં દર્શાવાતાં સ્થળ પર આવી પહોંચવા જણાવ્યું હતું.

થોડીકવાર પછી ત્રણે જણે દરવાજો ખખડાવતાં અડોશપડોશમાં રહેતી મહિલાઓએ દરવાજો ખોલ્યો હતો. બહાર નીકળ્યા બાદ તેમણે સિકંદરને ફોન કરતાં તેણે તેમને આરટીઓ સર્કલ બોલાવ્યા હતા. આરટીઓ પહોંચ્યા ત્યારે બે અલગ અલગ મોપેડ પર બે યુવકો તેમની વૉચ કરતાં હોવાનું તેઓ પામી ગયા હતા. આરટીઓ પહોંચ્યા બાદ સિકંદરે તેમને સ્મૃતિવન સામે ઝાંસીના પૂતળા પાસે બોલાવેલાં અને આમ કરતાં કરતાં તેમને છેક અમદાવાદ પહોંચાડી દીધા હતા.

અમદાવાદ પહોંચ્યા બાદ સિકંદરને ફોન કરતાં તેણે 'સોનું પણ નહીં મળે અને રૂપિયા પણ નહીં મળે, તમારાથી થાય તે કરી લો, જેને કહેવું હોય તેને કહી દો, હર્ષ સંઘવીને પણ કહેવું હોય તો કહી દેજો તેનાથી કંઈ નહીં થાય અને ફરિયાદ કરી તો પતાવી દઈશું' તેવી ધમકી આપી હતી.

ઘટના અંગે ભુજ એ ડિવિઝન પોલીસે રીઢા ચીટરોનો ફોટો બતાડતાં આરટીઓ પાસે પીછો કરીને વૉચ કરનારા આરીફ ઓસમાણ ફકીર અને રહીમ ફકીરમામદ સંઘાર હોવાનું સ્પષ્ટ થયું હતું. ભુજ એ ડિવિઝન પોલીસે પ્રણવ સોની નામ ધારણ કરીને ફોન પર લાલચ આપનાર શખસ, સીધીક ફકીર, સિકંદર સોઢા, આરીફ ફકીર અને રહીમ સંઘાર મળી પાંચ લોકો સામે પૂર્વ આયોજિત ગુનાહિત ષડ્યંત્ર ઘડીને, મકાનમાં બંધક બનાવી ૩૧.૬૦ લાખ રૂપિયાની લૂંટ અને ઠગાઈ કરી મારી નાખવાની ધમકી આપ્યા સહિતની વિવિધ ભારેખમ કલમો તળે ગુનો નોંધી આરીફ અને રહીમને રાઉન્ડ અપ કર્યા હતા. ■

# અંજારમાં વૃદ્ધ યુગલને ત્રણ દિવસ ડિજિટલ અરેસ્ટ કરીને સાયબર ચીટરોએ ૩૬.૫૦ લાખ રૂપિયા પડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દિલ્હી પોલીસનો હવાલો આપીને અંજારની બિલેશ્વર સોસાયટીમાં રહેતા ૭૫ વર્ષીય શાંતિલાલ શિવજીભાઈ રાઠોડ અને તેમનાં પત્નીને સતત ત્રણ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટના નામે ટોર્ચર કરીને સાયબર ચીટરોએ ૩૬.૫૦ લાખ રૂપિયા પડાવી લીધા હતા.

ધનબાદમાં કોલસાની ખાણમાં ઍકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવીને ત્રણ દાયકાથી નિવૃત્ત જીવન ગાળતા શાંતિલાલે સાયબર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, સૌપ્રથમ ગત ૩૦-૧૧-૨૦૨૪ના રોજ તેમને મોબાઈલ પર દિલ્હી પોલીસ ડિપાર્ટમેન્ટ તરફથી એસએમએસ અને વીડિયો કોલ આવ્યો હતો જેમાં પોલીસ યુનિફૉર્મ પહેરીને કોઈ કચેરીમાં બેઠો હોય તેવો શખસ દેખાતો હતો.

પોલીસ યુનિફૉર્મમાં બેઠેલા ચીટરે 'તમારું નામ મની લોન્ડરિંગ તથા ડ્રગ ટ્રાફિકિંગના કેસમાં છે, તમારા બૅન્ક ખાતામાં નાણાંની લેવડદેવડ થયેલી છે, તમે બધું સાચેસાચું કહી દેજો, તમે બુઝુર્ગ છો એટલે અમે તમને મદદ કરશું' કહી અડધો કલાક સુધી વાતો કરીને તેમને ડરાવ્યાં-ધમકાવ્યાં હતાં.

ત્યાર બાદ 'સીબીઆઈ' લખેલા અશોકસ્થંભવાળા લેટરપેડ પર કેસની વિગતો સાથે નીચે સુનિલ ગૌતમ નામના આઈપીએસ ઑફિસરની સહી સાથેનો એક લેટરપેડ મોકલાવાયો હતો. ગઠિયાઓએ તેમની એક દીકરી મુંબઈ રહેતી હોવાનું અને એક પુત્ર અમેરિકા રહેતો હોવાની જાણ હોવાનું કહીને તમારી બધી માહિતી અમારી પાસે છે. તેમને પણ તકલીફ થશે કહીને વધુ ડરાવ્યાં હતાં. ઘરે બીજું કોઈ આવે તો આ અંગે કશી વાત ના કરતાં અને દર અડધા કલાકે તમે સેફ છો તેવો મેસેજ મોકલતાં રહેજો કહીને ડિજિટલ અરેસ્ટ કર્યાં હતાં.

ગઠિયાઓની સૂચના મુજબ શાંતિલાલે પત્ની સાથે અંજારની બૅન્કમાં જઈ તેમના ખાતામાંથી ૩૬.૫૦ લાખ રૂપિયા દિલ્હીની જહાંગીરપૂરા બ્રાન્ચના ખાતામાં આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કર્યા હતા. ગઠિયાઓએ તપાસ પૂરી થયા પછી રૂપિયા પાછા મળી જશે તેવો વાયદો કર્યો હતો. ચોથી ડિસેમ્બર બાદ ગઠિયાઓનો કોઈ ફોન આવ્યો નહોતો અને તેમણે રૂપિયા ક્યારે પાછા મળશે તેવો મેસેજ મોકલતાં કોઈ પ્રત્યુત્તર મળ્યો નહોતો. પોતાની સાથે સાયબર ફ્રોડ થયું હોવાનું સમજાતાં તેમણે સાયબર ક્રાઈમ હેલ્પલાઈનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધીને આરોપીઓને ટ્રેસ કરીને દબોચી લેવા તજવીજ હાથ ધરી હતી. ■

# કચ્છના માંડવીની સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલમાં ફરજ બજાવતા ૧૭ આઉટસોર્સ કર્મચારીઓને છૂટા કરી દેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લાનાં સરકારી દવાખાનાઓ તેમ જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફ ઘટની સમસ્યાએ માથું ઊંચક્યું છે તેવામાં માંડવીની સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલમાં આગોતરી જાણ કર્યા વિના અચાનક ૧૭ જેટલા આઉટસોર્સ કર્મચારીઓને ઘરભેગા કરી દેવામાં આવતાં હૉસ્પિટલની વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી.

નવા વર્ષના પ્રથમ દિવસે જ રવિ ઍસોસિયેટ હાઉસકીપિંગ સર્વિસિસ અને મેનપાવર સપ્લાય દ્વારા આગોતરી જાણ કર્યા વિના, માત્ર ઈ-મેઈલ કરીને જુનિયર ક્લાર્ક, ફાર્મા, એક્સરે આસિસ્ટન્ટ લેબ ટેકનિશિયન, સ્ટ્રેચર બેરર, ઓટી સર્વન્ટ ફિજીયોથેરાપીસ્ટ, ડ્રેસર, ડ્રાઇવર, એએનએમ સહિતના કર્મચારીઓને છૂટા કરવામાં આવતાં આ હૉસ્પિટલમાં દૈનિક આવતા સેંકડો દર્દીઓની સારવાર કોણ અને કેવી રીતે કરશે તે સવાલ ઊભો થઈ રહ્યો છે.

હૉસ્પિટલમાં સ્ટાફ ઘટની સમસ્યા વચ્ચે લાંબા સમયથી નિવાસી તબીબી અધિકારી, નેત્ર સર્જન, કાર્ડિયોલોજિસ્ટ, એનેસ્થેટિક, જનરલ સર્જન, સ્ત્રી રોગ નિષ્ણાત સહિત ૫ વર્ગ ૧ના તબીબોની જગ્યા ખાલી છે. વધારામાં સ્થાનિક અધિક્ષકને ભુજ સિવિલ સર્જન સીડીએમઓની વધારાની જવાબદારી સોંપવામાં આવી છે તેવામાં કર્મચારીઓને છૂટા કરવાનો નિર્ણય અયોગ્ય હોવાનુ માનવામાં આવી રહ્યું છે.

બીજી તરફ રાપરની હૉસ્પિટલમાં ફરજ બજાવતા ૯ કર્મચારીઓને પણ ત્રણ માસનો પગાર ચૂકવાય એ પહેલાં જ અગમ્ય કારણોસર મુક્ત કરી દેવામાં આવ્યા હતા. સ્થાનિક હૉસ્પિટલ ખાતે બોલાવેલી બેઠકમાં લીવ ઑન કેશ ભૂલી જાવ નહિ તો તમામને છૂટા કરવામાં આવશે તેવી ધમકી અપાઈ હોવાનું હૉસ્પિટલનાં સૂત્રોમાંથી જાણવા મળ્યું હતું.

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા મેડિકલ કોલેજમાં અભ્યાસ કરી એમબીબીએસની ડિગ્રી પૂર્ણ કરનારા તબીબોને કરાર પ્રમાણે બોર્ડ પર સરકારી દવાખાનામાં ફરજ બજાવવા માટે હુકમ કર્યો છે એક અને ત્રણ વર્ષના બોન્ડ આધારિત રાજ્યમાં ૩૪૭ જેટલા તબીબોની અલગ અલગ સરકારી દવાખાનાઓમાં નિયુક્તિ કરવામાં આવી છે, પરંતુ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૫૦ જેટલા તબીબોની જગ્યા ખાલી પડી હોવા છતાં કચ્છને માત્ર ત્રણ જ તબીબો ફાળવાયા છે. ■



**નર્સિંગ સ્ટાફનો બે મહિનાથી પગાર નહીં થતાં ઉગ્ર રજૂઆત**

રાજકોટની સિવિલ હૉસ્પિટલમાં મેન પાવર પૂરો પાડતી એજન્સીઓને સમયસર બિલ નહીં મળતા કર્મચારીઓનો બે મહિનાથી પગાર કરાયો નહોતો. હૉસ્પિટલના ૪૦૦ જેટલા નર્સિંગ સ્ટાફનો છેલ્લા બે મહિનાથી પગાર નહીં થતાં સિવિલ હૉસ્પિટલ ખાતે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. આ અંગેની રજૂઆત બાદ વહીવટી અધિકારીએ આ પ્રક્રિયા ચાલુ હોવાની અને બે દિવસમાં પગાર મળી જવાની ખાતરી આપતાં મામલો થાળે પડ્યો હતો. (તસવીર પ્રવીણ સેદાણી રાજકોટ)

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ રાજકોટથી ૪ જાન્યુઆરીએ રાજ્યકક્ષાના ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આગામી ૪ જાન્યુઆરી શનિવારે રાજકોટથી ખેલ મહાકુંભ ૩.૦નો શુભારંભ કરાવશે. રાજ્યકક્ષાના તૃતીય રમતોત્સવ માટે ૭૧.૩૦ લાખ રમતવીરોનું રેકોર્ડબ્રેક રજિસ્ટ્રેશન થયું છે. દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પેશિયલ ખેલ મહાકુંભનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન મુદ્દે કલેક્ટર કચેરી ખાતે તમામ વિભાગોની વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી.

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે, સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત તેમ જ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૩.૦નો શુભારંભ સમારોહ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એથ્લેટિક્સ મેદાન ખાતે શનિવારે શરૂ થશે. આ શુભારંભ સમારોહમાં ખેલ મહાકુંભ ૨.૦માં વિજેતા બનેલી રાજ્યકક્ષાની ત્રણ શાળાઓને રોકડ પુરસ્કાર તેમ જ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે રહેલી ત્રણ મહાનગરપાલિકાઓનું સન્માન ઉપરાંત પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે રહેલા શ્રેષ્ઠ ત્રણ જિલ્લાઓનું સન્માન મહાનુભાવોના હસ્તે કરવામાં આવશે.

જિલ્લા કલેક્ટરે વધુમાં જણાવ્યું હતું કે,રાજ્યભરના નાગરિકો રમતગમત પ્રત્યે જાગૃત બને તેવા આશયથી પ્રતિ વર્ષ ખેલ મહાકુંભની સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. જે અન્વયે વર્ષ ૨૦૨૫ ખેલ મહાકુંભનો શુભારંભ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટથી થવાનો છે. બહારથી ૪૦૦૦ ખેલાડીઓ આ રંગારંગ ઇવેન્ટમાં આવશે. ■

# ભાવનગરમાં શક્તિસિંહ ગોહિલ અને જિજ્ઞેશ મેવાણીની ઉપસ્થિતિમાં જનઆક્રોશ રૅલી નીકળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર શહેરમાં વર્ષોથી રહેતા સેંકડો ગરીબ અને મધ્યમ વર્ગના સામાન્ય લોકોના મકાનો તોડી પાડવા મહાનગરપાલિકા તેમ જ સરકાર દ્વારા જે નિર્ણય કર્યો છે તે સંપૂર્ણ અન્યાયકર્તા છે. તેવો કૉંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો.

ભાવનગરમાં વર્ષોથી વસવાટ કરતા લોકોને સુપ્રીમ કોર્ટના વારંવારનાં અવલોકનો મુજબ વૈકલ્પિક વ્યવસ્થા કે કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન કર્યા વગર તોડી પાડવા તે અમાનવીય અને હાડમારી ઊભી કરનારું છે. આવા અસરગ્રસ્ત લોકોને ન્યાય મળે તે માટે અને તેમની વ્યથા ઉજાગર થાય તે માટે ભાવનગર કૉંગ્રેસ સમિતિ તથા અસરગ્રસ્તોની બનેલી સંકલન સમિતિના સંયુક્ત ઉપક્રમે કૉંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ અને ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીની ઉપસ્થિતિમાં આજે શુક્રવારે એક રૅલી નીકળશે અને મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપવામાં આવશે. ■



**રાજકોટમાં પાટીદાર યુવતીનું સરઘસ કાઢવા મુદ્દે કુર્મી સેનાએ ચીમકી ઉચ્ચારી**

અમરેલી જિલ્લા ભાજપનાં ૨ જૂથ વચ્ચેના ટકરાવમાં બોગસ લેટરપેડ ટાઈપ કરનાર પાટીદાર દીકરીનું સરઘસ કાઢવાની ઘટનામાં ચોતરફ વિરોધ શરૂ થયો છે. જેમાં ગુરુવારે રાજકોટમાં આંતરરાષ્ટ્રીય કુર્મી સેના દ્વારા કલેક્ટર પ્રભવ જોશી મારફત મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરવામાં આવી હતી. તેમાં આ ઘટનામાં જવાબદાર પોલીસ અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો માનવ અધિકાર આયોગ અને મહિલા આયોગમાં ફરિયાદ કરવાની સાથે કાયદાકીય કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. (તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)